માસિક વર્ષ તેરમું અંક પાંચમો વૈશાખ ૧૯૯૨

કુમાર

૧૪૯

આવતી કાલનાં નાગરિકોનું



શ્રી ઉસ્તાદની નારાંગ !

પરિચય રૂપે


'ઊંઘતા સૈનિકના પગ આગળ પડેલી નાગી તલવાર' જેવી કહીને જે ક્ષીણપ્રવાહ સાબરમતીને કવિ રવીન્દ્રનાથે વર્ણવી છે અને એ સ્વરૂપે જેને તમે જોઇ છે એનું સ્વરૂપ 'સંગમશોભના' કહીને વર્ણવાય એવું રમણીય–મનોહર છે એવો ખ્યાલ આજ લગી ભાગ્યે જ કોઇને આવ્યો હશે. આ અંકમાંનો એ લેખ ચૂકશો તો તમે એક ઉપયોગી વસ્તુ ગુમાવી ગણાશે. ◨ જેને જીવ્યે ફ્રાન્સ વધુ સુભાગી બનત એ રસાયણશાસ્ત્રના પિતા લવાઝીએનું શહીદ જીવન સંભારીને આજે ભલે ફ્રાન્સ પશ્ચાત્તાપ કરે, પણ એની શહાદતની સાથે આખી સાયન્સ ઍકૅડેમીનો થએલો શિરચ્છેદ એ ફ્રેન્ચ રાજ્યક્રાન્તિના કાળનો એક ચિરંજીવ કાળો સદ્દો રહ્યો છે, એ આ અંકમાંનું એનું જીવન કહેશે. ◨ બંને વાર્તાઓ આ અંકમાં સાહસની જ છે,—એક શ્રીરામ શર્માના પહેલા વાઘના શિકારની; બીજી લડાયક દરિયાઈ વિમાની જીવનની;—કહો કે લોકપણાની પરવા કર્યા વિના મહત્ત્વાકાંક્ષાની સિદ્ધિ પાછળ ઘેલી બનેલી જુવાનીની. ◨ અને ગયા અંકમાં જેણે ડિક બાયર્ડનું ચરિત્ર વાંચ્યું હશે તે આ અંકમાંની એની દક્ષિણધ્રુવખંડની ચડાઈનું બયાન નહિ છોડે. માનવીનાં સાહસ ને વિજ્ઞાનની શક્તિ એ બંનેનો એમાં વિજય અંકાયો છે. ◨ 'વનેચર'ની લેખમાળાના રસિયા એ વિભાગ ઉઘાડીને આનંદ પામશે કે આશ્ચર્ય? આ શું?-પેલી અપશુકનિયાળ કાળમુખી ચીબરીની વાત? પણ એ અભ્યાસી લેખકે પ્રૌઢ રમતિયાળ શૈલીમાં કરાવેલો એનો પરિચય જરૂર એ વેતિયા પંખી તરફ તમારી થોડીઘણી સહાનુભૂતિ તો જગાડશે જ. ◨ ચિત્રપટને પડદે રજુ થતી હોય એવી 'માધુકરી'માંની આપણા ઇતિહાસની યુગ-વારો' ધૂમકેતુની ઝડપે હિંદના ઇતિહાસજ્ઞોમાં પોતાનું સ્થાન જમાવનાર શ્રી જયચંદ્ર વિદ્યાલંકારની પ્રસાદી છે. ◨ 'સાબરમતી'ના લેખવાળા આ અંકમાં અમદાવાદના સાબરમતી-તીરના જ એક આરાના દૃશ્યવાળું ત્રિરંગી મુખચિત્ર આવે છે એ તો એક અકસ્માત જ છે.

કુમાર

વૈશાખ ૧૯૯૨

અંક ૧૪૯

મુદ્રક · બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક · રવિશંકર રાવળ: કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક લવાજમ રૂ. ૬, પરદેશના ૧૨ શિ.; છ માસિક લવાજમ રૂા. ૩; છુટક નકલના ૧૦ આના; મુંબઇના એજન્ટો · આર.આર. શેઠની કંપની, અને સી. જમનાદાસની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ; જાહેર ખબરના સોલ એજન્ટ રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ.




એ ઘડી મોજ (ફોટો - પ્રાણલાલ પટેલ) આ માસની ફોટો હરીફાઈમાં પહેલું ઈનામ જીતનારું ચિત્ર



બારીનો આરો (ગણેશબારી) **અમદાવાદ**

ચિત્રકાર • હર્ષદલાલ પંડ્યા (ગૂજરાત કલાસંઘ ચિત્રશાળા)



ક્રમ કો અનાદિ

• વસંતતિલકા •

આંબા તણી સુરભિ ફોરતી મંજરીમાં
છૂપાઇને મધુર કોકિલ કૈં કુહૂકે;
ને કંઠથી ઋતુ-વસંત-મદે સ્રવે છે
બેફામ, મત્ત, કુહુકાવલિ અસ્ખલિત.

પીવા ગએલ જળ પાળ તળાવ કેરી,
જાળે ફસાઈ તફડે દઈ ચીસ હોલું;
ચિત્કાર આર્ત કરતું અહીં સખ્ત દાબ્યું
પારેવડું કળકળે શકરા-નહોરે.

હોલાં કબૂતર તણી સહુ જિંદગાની
કેરી હરેક ક્ષણમાં પડછાંય-બાજ;
પ્રત્યેક કોકિલ-વિરામ-પલે અનેક
ચીસો તીણી ઉઠી શમે; ક્રમ કો અનાદિ.

તું યે ભલે કવિ! લવે મૃદુ પ્રેમકાવ્યો,
હર્ષસ્વરો તળ ડુબ્યા જગ આર્તનાદો.

તનસુખ ભટ્ટ


એક બાજુ આંબાની મંજરીમાં છુપાએલી કોયલ ટહૂકે છે; બીજી તરફ શિકારીના ભોગ થઇ પડેલાં હોલાં-કબૂતર ચિત્કાર કરે છે. જિંદગીની ક્ષણે ક્ષણમાં મૃત્યુનો—બાજની પડછાંયનો-આભાસ અનુભવતાં એ જીવનોની કરુણ બાજુ તરફ બેપરવા બની ગાતા કોકિલનું ગાન, પેલાં મૃત્યુનો કોળિયો બનેલાં સાંભળી શકતાં હશે ? ઉલટું, એ અસહાય રાંકના આછાપાતળા આર્તનાદ પણ પોતાની મસ્તીના જોરમાં કોકિલ દબાવી દે છે;—એ જ રીતે જગતના આર્તનાદોનું, અને આ તે કાંઇ આજકાલનું છે ?

મારી નજરે

સીલોન અને આગળ (તા. ૧૩-૫-૩૬)

● અગિયાર વાગ્યે સેકંડ ક્લાસના ઉતારૂઓને આનંદ આપવા ઓરકેસ્ટ્રા બૅન્ડ શરૂ થયું. તેના ડીરેક્ટર એક પાકટ ઉમરના રમૂજી અને આનંદી દેખાતા ઇટાલિયન ઉસ્તાદ છે. ટાલ પડેલું બોડિયું મોં તેના સ્મિતથી જાણે ભર્યુંભર્યું લાગે છે. દરેક ગાયન વાગે છે ત્યારે તે ઊભોઊભો સોટીના લહેકા તથા પગના ઠમકા અને ક્વચિત એકાદ વળાંક તાલબંધ મારી દે છે. બધો વખત રાગના પલટા ને દરેક વાજિંત્રની ફુત્તરી જાણે તેના અંગમાં પ્રકટ્યા કરે છે. તેની ડીંગળી પણ મજબૂત કાઢીને તે ફૂલની જેમ ડોલાવે છે ત્યારે તેની કળા અને તેના આનંદ પર આફ્રીન થઇ જવાય.

મેં એક બાજુ ઊભા રહીને તેનો સ્કેચ કર્યો. તેના સ્ટીમરના સાથીદારોએ તેનું ધ્યાન ખેંચ્યું ને તેણે એ મારી પાસેથી માગ્યો. જોઇને ખૂબ ખુશ થઇ ગયો ને ચોમેર ફરીને બધાને બતાવી આવ્યો. સૌએ પસંદ કર્યો એટલે મારી પાસેથી તે માગી લીધો. મેં આપી દીધો એટલે મારી પર ખૂબ મીઠી નજરે હસ્યો અને 'માર્વેલસ' (અજબ) કહેવા લાગ્યો. મને પણ સંતોષ થયો કે મારા દિલને ખુશ કરનારને હું સામો ખુશ કરી શક્યો. એ સાહેબ તો પાછા તેમની સાથનાં એકબે બૈરાં સાથે ફુરસદે બેઠાબેઠા રંગીન ઊનનું સુંદર ભરતકામ પણ કરે છે અને તેમાં પણ તેની સંગીતની સુરાવટ અને આકારોની ઠાવકાઈ તેમજ તાલબદ્ધ રચના બરોબર પ્રતિબિંબ પાડે છે. રંગ અને રાગનું સામંજસ્ય કરી જાણનાર આ કલાકારની યોગ્ય કદર કરવા તેના દેશનું સંગીત પૂરૂં જાણવું જોઇએ. છતાં તે અજાણ્યાને પણ અસર કરી શકે એટલો કુશળ તો છે જ.



નાનાભાઇ

એક વાગ્યો કે બપોરના જમણનો ઘંટ વાગ્યો. દૂરથી સીલોનના કિનારાની ધાર માત્ર દેખાતી હતી. પણ અમે જમતા હતા ત્યાં જ અરધા કલાકમાં તો અનેક બોટો આમતેમ ખસવા લાગી ગઇ અને તેની વચ્ચે અમારી સ્ટીમરના નાંગરવાનો ઘોંઘાટ થયો. અમે જમીને બહાર આવ્યા ત્યાં તો ઊતરવાની સીડી પણ નખાઇ ગઇ હતી અને નીચે તરતો ડક્કો ગોઠવાઇ ગયો હતો. દાદરના બારણા પાસે જ પાટિયું ચોડાઇ ગયું હતું કે કોલંબો ખાતેથી સ્ટીમર રાત્રે નવ વાગ્યે પાછી ઊપડશે. થોડી જ વારે બંદરની પોલીસ અને ઑફિસરો ઉપર આવ્યા અને ફર્સ્ટ ક્લાસના વિશાળ ખંડમાં ટેબલ જમાવી સૌના પાસપોર્ટ ઉપર કોલંબોનો સિક્કો મારવા લાગ્યા. દરેકનું મોં જોઇ સિક્કો છાપી આપે, જે તપાસીને જ દાદરવાળો પોલીસ બહાર નીકળવા દે. સીડી ઊતર્યા કે બંદરના બાંધેલા ડક્કા ઉપર લઇ જવાને પૅસેંજર ફેરી (વરાળથી ચાલતી હોડી) અને કંઇક હોડીઓવાળા તૈયાર જ હતા. ભાડુતી ફેરીવાળા જણદીઠ દિવસના ૫૦ સેન્ટ (અહીં સીલોનમાં સેન્ટનું ચલણ છે) એટલે આઠ આના અને રાત્રે ૭૫ સેન્ટ (એટલે બાર આના) માગે છે; પણ હોડીઓવાળા તો જેવો લાગ તેમ લે છે. છતાં ફેરી કરતાં અરધે ભાવે લઈ જાય કે લાવે. ઉતાવળ ન હોય તો એમાં બહુ આનંદ આવે છે. અમે તો ફેરી મારફત પાંચ જ મિનિટમાં ડક્કા ઉપર ઊતર્યા અને કસ્ટમનો દરવાજો વટાવી ભાડુતી બસમાં ગોઠવાયા. અહીંના બંદર પરનો દેખાવ તદ્દન આધુનિક બાંધણીનાં મકાનોથી ભરપૂર લાગે છે. કોલંબો શહેર સાત આઠ લાખની વસતીનું છે, પરંતુ બધું યુરોપી છાપે છપાઇ ગયું લાગે છે. સીલોનનો રાજ્યકારભાર હિંદુસ્તાન હસ્તક નથી પણ સીધો ઇંગ્લંડ સાથે તેનો વ્યવહાર છે, અને તે સ્વતંત્ર સંસ્થાન ગણાય છે. આના લાભ અને ગેરલાભ બંને તે ભોગવે છે. ત્યાંની શાળા કે કૉલેજમાં માતૃભાષાને સ્થાન જ ન મળે. બધું ભણતર અંગ્રેજીમાં ચાલે. છેવટની પરીક્ષાઓ લંડનના ધોરણે લેવાય છે અને તેના વિષયો પણ લંડનની પરીક્ષા પ્રમાણે ગોઠવાય છે. આજે સીલોનમાં પાસ થએલો ગ્રૅજ્યુએટ પોતાની ડિગ્રી સાથે લંડન લખી શકે છે. ઘણાયે હિંદીઓ સીલોનની પરીક્ષા આપીને ડિગ્રી પાછળ લંડન લખે છે, જેથી આપણે માનીએ કે તેઓ લંડન જઇ ડિગ્રી લઇ આવ્યા હશે !

કોલંબો શહેરમાં મુંબાઇ કે કલકત્તા જેવાં મોટાં યૂરોપી બાંધણીનાં મકાનો અને બગીચા જોઈ, નવીનતાના ઇંતેજારને નિરાશા થાય. મુસાફરો આગળ ત્યાંના સ્થાનિક આકર્ષણરૂપે એક બે બુદ્ધમંદિર છે. તેમાંથી એક મદ્રાસની ઢબે બંધાએલું છે અને બીજું હાલની નાટકી ઢબનું તથા બહારથી યુરોપિયન ઢબનું લાગે છે. સંસ્કારિતા કે ભૂમિની લાક્ષણિકતા બતાવનારાં માણસો કે પોશાકો પણ ત્યાં ન દેખાયાં. આ તો માત્ર ઊડતી નજરે બાંધેલો અભિપ્રાય છે. પાછળથી મને ત્યાં વરસેક દિવસથી રહેતા ઉત્તર હિંદના એક વિદ્યાર્થીએ કહ્યું કે ગીરીની ગુફાઓ, અનુરાધાપુરમ્ અને કૅન્ડી પર્વતો સીલોનનાં જગન્મણિ સમાં દર્શ્યો છે. પણ એ જોવા અમને સમય ન હતો.

રાત્રે સાડા આઠ વાગ્યે અમે પાછા ફર્યા ને હોડીમાં બેસી સ્ટીમર પર પહોંચ્યા તે વખતે આસપાસની તેમજ સ્ટીમર પરની



સીલોનમાં સ્ટીમર પરથી બંદર ઉપર લઇ જનારી હોડી

રોશનીથી બંદર કોઇ તલેસ્માતી દુનિયા જેવું લાગતું હતું.

બરોબર નવ વાગ્યે સ્ટીમરે કોલંબોથી લંગર ઉઠાવ્યું અને આગળ હિંદી મહાસાગરમાં વેગભરી ધસી. હવે જ સ્ટીમર ડોલે છે એમ કંઇક ભાન થયું. રાત પણ અંધારી, અને વાદળાં તથા વીજળીના કડાકાથી સાગરની વિકરાળતા વધારતી લાગી. છતાં સ્ટીમરના બૅંડે તો રાબેતા મુજબ ડેક ઉપર જલસો જમાવ્યો. નાચોની ધમાલ હતી. જાપાની તેમજ બીજાં યુરોપિયન જોડાંઓએ ઊમાં થઇ નાચનાં ચકરડાં લીધાં, પણ અમને તેમાં રસ પડ્યો નહિ એટલે કૅબિનમાં જઇ પડ્યા. આજે તો કૅબિનમાં પણ ઝૂલતા હોઇએ એવું લાગતું હતું, રાત્રે સ્ટીમરે ધમધમાવીને દરિયો વીંધવા માંડ્યો હતો, પણ ઊંઘમાં કાંઇ ખબર પડી નહિ.

(તા. ૧૪–૫–૩૬)

● આજે ઘણાએ દરિયાના ચમત્કારને લીધે રાત બેચેનીમાં ગુજાર્યાની ફરિયાદ કરી, પણ મને હજી દરિયાની કે પ્રવાસની અસર થતી નથી. મારા કરતાં નાના અને નવજુવાન માણસોને આંખો ગગરાવતા કે ઉલટીથી બેચેન બનેલા જોઉં છું ત્યારે મારી જાતને ભાગ્યશાળી માનું છું.

બપોરની ચા પછી સાંજે છ વાગ્યા સુધી નવસારીવાળા મહીભાઇએ ગુજરાતમાં કે હિંદમાં ધંધાને અંગે શી અડચણો છે તથા જાપાનમાંથી શું શું લેવું–શીખવું જોઇએ તે પર બહુ જ અનુભવની દૃષ્ટિથી વાર્તાલાપ કર્યો હતો. અમુક હદ સુધી હિંદના ગ્રામ ઉદ્યોગમાં પણ યંત્રનો સ્વીકાર કરવો જ પડશે એ વાત તેમણે વિગતો અને આગ્રહથી સમજાવી.

રાત્રે દરેક જણ ડેક ઉપર આવી ગયો. મેં આજે પેલા સંગીતના ઉસ્તાદ સાથે વાત છેડી. બહુ મઝાનો ને મીલનસાર માણસ લાગ્યો. આજે સમજાયું કે તે સ્ટીમરના સ્ટાફમાં નથી, પણ અમારી જેમ તેની ટોળી સાથે મુસાફર જ છે ને જાવા જવાનો છે. સીંગાપોરથી તે ડચ સ્ટીમરમાં બદલશે. તેણે જાપાનમાં એક વર્ષ ગાળ્યું છે. ત્યાંની સ્વચ્છતા ને સોંઘવારી-નાં ભાંગીતૂટી અંગ્રેજીમાં વખાણ કર્યાં. તેની જુવાન બૈરીને તે જાવામાં પરણ્યો અને લગ્નનો આનંદ માણવા જાપાન ગયો હતો. તે મૂળ હંગેરિયન છે. કાલે હંગેરિયન સંગીત (તળપદા રાગો-માં) સંભળાવવા તેમજ પોતાનું ભરતકામ બતાવવા તેણે કહ્યું.

(તા. ૧૫–૫–૩૬)

● સ્ટીમરમાં દરેક મુખ્ય આવજાના દ્વાર આગળ વખત વખતનાં સૂચન આપવામાં આવે છે. એક નકશો છે જે સ્ટીમરના માર્ગની લાલ લીટી પાડી છે અને સ્ટીમર જેમ જેમ આગળ વધે છે તેમ તે લીટી પર નાનો સરખો વાવટો ટાંકણીમાં ભરાવેલો મુકાતો જાય છે. એથી ઉતારૂઓ વગર પૂછ્યે જાણે છે કે તેમનો પ્રવાસ ક્યાં સુધી પહોંચ્યો છે.



સીલોનનો બંદરી સિપાઇ
(Harbour Police)

રાત્રે સેકન્ડ ક્લાસના ડેક ઉપર નાચરંગ હતો એ વખતે જોયું કે ચીના જુવાનો અને તેમની પત્નીઓ પણ યુરોપિયન નાચમાં તુરત ભળી શકે છે. આપણા કેટલાક ગુજરાતી ભાઇ-ઓએ જાપાનના વસવાટ દરમિયાન યુરોપિયન નાચમાં સારી પ્રગતિ બતાવી છે એમ પણ સાંભળ્યું. હિંદીવાનની આંખે આ નાચ અનીતિપ્રેરક લાગે તે સ્વાભાવિક છે, કારણકે ગમે તે સ્ત્રી ગમે તે પુરુષ જોડે નાચમાં ઊતરી શકે એ પત્નીત્વની આર્ય ભાવનામાં ભયંકર ધડાકો ઉપજાવે છે. યુરોપમાં પણ કેટલેક ખૂણેથી આ ભેળા નાચ સામે સૂર ઊપડ્યો છે. કંઇક ઘરોની શાંતિ અને સુખનો સંહાર કરી નાખનારા આ જલસા આપઘાત, દારૂ અને પૈસાની ખુવારીનો આંક પણ ઓછો બતાવતા નથી. ઘડીઘડી ઘર બદલવાની પ્રથા આજે યુરોપનાં નરનારીઓમાં વધી પડી છે તે પરથી ત્યાંના વિચારકો સ્થાયી કુટુંબજીવનની પ્રણાલી પાછી સમાજમાં ઉતારવા મથી રહ્યા છે.

નાનાભાઇ બધાની પાસેથી માહિતી અને અનુભવ કઢા-વવા ઠીક હીલચાલ કરી રહ્યા છે. પણ મોટો ભાગ ગંજીપા કે બ્રિઝિક અથવા સોગઠાંની રમતમાં લલચાયો છે. એકત્ર થઇને કંઇ અભ્યાસ કે વાર્તાલાપમાં જોડાવાનું મન થોડાનું દેખાય છે. નાનાભાઇએ પોતે વાંચેલા જાપાનના પુસ્તકમાંથી ત્યાંના ઇતિહાસ ઉપર રસમય અને સૂચક વાર્તાલાપ કર્યો હતો. એમાં એમની અધ્યાપક તરીકેની વિશિષ્ટતાનો પ્રસાદ હતો. નાનાંથી મોટાં સાંભળે અને સમજે એવી એ વાતો હતી, છતાં રસ લેનારા ઓછા હતા.

(ચાલુ)

—ર. મ. રા.

લાશ પરથી ઊઠીને વાઘ ટેકરી ઉપર આવ્યો અને પોતાની મસ્ત ચાલે જંગલ ભણી ચાલ્યો



ચિત્રકાર
રવિશંકર પંડિત

પહેલો વાઘ

માનવજીવનની અને ખાસ કરીને શિકારી જીવનની એક નબળાઇ છે: નામનાની ઇચ્છા. હું એ નબળાઇથી મુક્ત નહોતો. નામનાની ઇચ્છા જીવનની એક વિશિષ્ઠ અવસ્થામાં તો ખાસ હોય છે. આ અવસ્થા તે જ્યાં સુધી કોઇ વસ્તુ કે ધ્યેયની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધીની દશા. પછી સારા માણસોમાંથી તો એ ઇચ્છા એવી રીતે સરી પડે છે જેમ સૂર્યનાં કિરણોમાંથી ઝાકળના બિંદુઓ પાંદડાઓ ઉપર ખરી પડે છે. અને પહાડી વિસ્તારમાં તો કોઇ ગમે તેટલી હિંસા કરે, ગમે તેટલા કારતુસ ફૂંકી મારે, પણ જ્યાં સુધી એ વાઘ ન મારે ત્યાં સુધી એ શિકારી કહેવાતો નથી. લોકો મારા સાહસથી તો પરિચિત હતા; પરંતુ મને ભય હતો કે તિહરીના લોકો મને ત્યાંના પેલા 'લમ્બૂ શિકારી'ની જેમ માત્ર ચકલીઓનો શિકારી ન માની લે. લમ્બૂ શિકારી રાજ્યના એક અમલદાર અને લાંબા કદાવર માણસ હતા. એમને શિકાર ખેલતાં કેટલાં યે વર્ષો વીત્યાં હતાં અને કેટલીયે વાર એમને વાઘ મળ્યો હતો, પણ કાળજે હિંમત નહોતી. વાઘને જોઇને એમનું હૃદય ધમણની જેમ ધડકવા માંડતું અને મારવાને બદલે વાઘને એ નસાડી મૂકતા. તિહરીના લોકો એમને ચકલીના શિકારી કહેતા અને ગામલોક મનહૂસ (જેનો પર્યાય આપણી ગુજરાતી ભાષામાં રમૂજ ભાવે 'લલ્લુભાઇ' જેવો કરી શકાય.) કહીને ચીડવતા

આજ સુધી મેં અનેક શિકાર કર્યા હતા પણ વાઘ માર્યો નહોતો એટલે નવરો પડું કે ડ્રૉઇંગ માસ્તર લક્ષ્મીદત્ત અને ડ્રિલ માસ્તર ભૂપાલસિંહની સાથે ભૂખ્યો તરસ્યો જંગલમાં રખડ્યા કરતો. તિહરી રયાસતની એકેએક સડકની ધૂળ રગદોળી નાખી હતી. જરાક સાંભળતા કે અમુક ઠેકાણે વાઘે ગાય મારી છે, કે બસ શિયાળ મુડદાની ગંધ પર જેમ દોડે તેમ અમે દોડતા. ત્યાં પહોંચીને જ્યારે સાંભળતા કે ગાયના હાડકાં પણ બચ્યાં નથી ત્યારે જખ મારીને પાછા ફરતા; અને

સામી છાતીએ કરેલા સાહસભર્યા શિકારોની વાર્તામાળા

પાછા વળતાં એવા તો શરમાતા કે જાણે કોઇ પાપકૃત્ય કરતાં પકડાઈ ગયા હોઇએ. ગંગાના પૂલ પાસે ભૂપાલુની દુકાન આગળ થઇને નીકળવું એ તો એક પરીક્ષા પસાર કરવા જેવું હતું. ભણતરની પરીક્ષા પાસ કરવી તો સરળ કામ હતું પરંતુ દુકાન પર બેઠેલી વ્યક્તિઓના સંયુક્ત અવાજ 'કેમ સાહેબ, વાઘ માર્યો?' નો ઉત્તર દેવો એ ઘોર અપમાનજનક લાગતું હતું. એક વાર મારે એવો જ ઉત્તર આપવો પડ્યો હતો, અને મોઢામાંથી 'ના' કાઢતાં ચહેરા પર કાળાશ પથરાઇ ગઈ હતી. ત્યાર પછી પાછા વળતાં અમે એ દુકાનની આગળથી દિવસે તો કદિ નીકળતા નહિ. ઘરમાં પેસવું પણ એક દુર્ગ ભેદવા જેવું હતું. ધીરેથી બારણાં ઉઘાડી અંદર ઘુસતો. ત્યાં તો મધુર સ્મિતની પાંખોએ ચઢીને શબ્દો સંભળાયા જ હોય: 'વાઘ મળ્યો?' હું નીચું જોઇ રહેતો અને 'ખાવાનું તૈયાર છે?' નો પ્રશ્ન પૂછીને વાત ટાળી હસી દેતો. પરસ્પરનું એ સ્મિત હૃદયનું સ્વયંસિદ્ધ સૂત્ર હતું. આર્થિક સંકટથી પીડિત વ્યક્તિને કાજે દામ્પત્યસુખ એક માત્રા છે, જે જીવનની થોડી ઘડીઓ વધારી દે છે. ઘેર પહોંચીને પહેલાં 'વાઘ નથી મળ્યો' એ કપરો દરવાજો વટાવ્યા પછી હું એક એવા ઉદ્યાનમાં પહોંચી જતો કે જ્યાં ચિંતાની જ્વાળાઓ શરીરને આંચ આપી શકતી નહિ; અને વાઘના શિકારનું ભૂત પણ ત્યાં પ્રવેશ કરી શકતું નહોતું. ભોજન સમાપ્ત કરીને આડો પડતો અને કોઇ પુસ્તક વાંચવામાં મશગૂલ થઇ જતો. સુખની જાદુઈ લાકડી ફરી વળતી અને મનના ઉઝરડાએલા તંતુઓ શાંત સ્વસ્થ થઇ જતા.

અનાદિ કાળથી માનવલીલાનો મૂક દૃષ્ટા સમય, પોતાની અનંતની પોથીમાં કલાક, ઘડી, દિવસ અને માસ લખ્યે જતો હતો અને અમે લોકો વાઘ મારવાની બસ એક જ ધૂનમાં આકાશપાતાળના હિસાબો મેળવતા. જંગલોમાં બકરાઓ અને કૂતરાઓ બાંધતા, મુડદાંઓ ઉપર બેસતા, પણ વાઘનાં દર્શન થતાં નહોતાં. એક દિવસે તો મેં ખિજાઇને એટલે સુધી કહી નાખ્યું કે હવે તો જો વાઘ મળે તો હું એની જોડે બથ્થમબથ્થા કરૂં; પરિણામ આવવાનું હોય તે આવે! પ્લેગ અને કૉલેરાના કરતાં તો શાનદાર મોત થશે.

આમ બુઢ્ઢા બાજીગર સમયે દિનરાત રૂપી પીળા અને કાળા સાઠ સિત્તેર મણકા પરોવ્યા અને ડિસેમ્બર મહિનો આવી પહોંચ્યો. આજે તારીખની તો યાદ નથી; પણ એ દિવસે કોળીને માટે વાડામાં પાવડાથી જમીન ખોદતો હતો ત્યાં અકસ્માત રાજ્યના બાગ સુપરિન્ટેન્ડેન્ટના છોકરા અજીજે દોડતા દોડતા આવીને ખબર આપ્યા, 'શિમલાસૂતી સામે, ભિલંગનાને પેલે પાર વાઘે ગાય મારી છે; અને હજી પણ બેસીને ખાયા કરે છે!' સાંભળીને જાણે શબમાં જીવ આવ્યો. નિશ્ચય કરવા મેં અવિશ્વાસભર્યા સ્વરે પૂછ્યું, 'હજી સુધી ખાય છે? તેં પોતે જોયો છે?'

અજીજે કહ્યું, 'હા સાહેબ, મેં મારી સગી આંખે જોયો. હજી સુધી એ ખાતો બેઠો છે.'

મેં પૂછ્યું, 'ગાય ક્યારે મારી?'

જવાબ મળ્યો: 'આજે બપોરે બે વાગ્યે.'

મેં આશ્ચર્યથી કહ્યું, 'અને ત્યારથી અત્યાર સુધી બેઠો બેઠો ખાયા કરે છે?'

અજીજ: હા, ખાયા કરે છે. નીચે થઇને માણસો

સાદીની ફૂલવાડી

૩

એક ચોર કોઈ સાધુના ઘરમાં ઘર્યો. બહુ ગોતાગોત કર્યું, પણ કાંઈ હાથ ન આવ્યું; એટલે નિરાશ થઇને પાછો વળ્યો. સાધુએ આ વાત જાણી, એટલે જે કંબલ ઉપર પોતે સૂતા હતા તે લઇને ચોરને આવવા જવાના મારગમાં એની અડફટે ચડે એમ નાખ્યો, જેથી કરીને ચોર ઠાલે હાથે ન જાય.

*

આતશે સોઝાં ન કુનદ બા સપંદ,
ઉં ચ કુનદ દૂદે દિલે મુસ્તમંદ

સપંદની ઝાંડીને જાજવલ્યમાન અગ્નિની એટલી આંચ નથી આવતી, જેટલી દુઃખિત હૃદયના ધૂમાડાની આવે છે.

ખ્વાહી કિ ખુદાયે બર તો બક્ષદ,
બા ખલ્કે ખુદાયે કુન નિકોઈ.

તું જો ઇચ્છતો હો કે ખુદા તને ક્ષમા કરે, તો ખુદાની ખલ્ક પ્રત્યે તું નેકી કર.

દે. વા.

નીકળે છે છતાં ઊંચે વીસ ગજની ઊંચાઇએ એ નિરાંતે એપરવા બનીને શિકાર આરોગ્યા કરે છે!

મેં નવાઇ પામીને કહ્યું, 'અદ્‌ભૂત વાઘ છે. અત્યારે સાડા ચાર વાગ્યા છે. શિમલાસૂ પહોંચતાં પાંચ વાગી જશે. અંધારૂં થવા માંડશે. વારૂ. ભિલંગનાને પેલે પાર એ જગ્યા કેટલે દૂર છે?

અજીજ: 'દૂર તો તમે કહી શકો; પણ પેલા સામેના મકાનથી બસોએક ગજ દૂર હશે.'

મેં તૈયાર થતાં કહ્યું, 'તો ત્રણસો સાડાત્રણસો ગજ થયા. ચાલો, જોઇએ શું થાય છે. અજીજ, તું જઇને ડ્રિલ માસ્તરને બોલાવી લાવ. ડ્રૉઇંગ માસ્તર લક્ષ્મીદત્તને બોલાવતાં તો વાર થશે.

અમે ત્રણે શિમલાસૂની લાટસાહેબવાળી કોઠીની પાસે બરાબર એ જ સ્થાને પહોંચ્યા, જ્યાં નીચે ભીલંગનામાં સ્વામી રામતીર્થે જલસમાધિ લીધી હતી. જ્યારે જ્યારે હું શિમલાસૂની પાસે ભિલંગનાને કિનારે એ જગ્યાએ જતો ત્યારે મને એ 'યુવા સંન્યાસી'ની કવિતા

'ચિરસહચરી રિયાજી છોડી, રમ્યતટી રાવી છોડી
શિખાસૂત્રકે સાથ હાય, ઉન બોલી પંજાબી છોડી.'

નું સ્મરણ થતું અને ખ્યાલ આવતો કે આની આગળ કંઇક એવું જોડવામાં આવે કે એ બ્રહ્મસ્વરૂપે અન્નમયકોષ (પાર્થિવ શરીર) પણ ત્યજી દીધું. પરંતુ આજે એ સ્થાને તો વિચારધારા વાઘ ભણી વહેતી હતી. આંખો ફાડીફાડીને ભીલંગનાને પેલે પાર જોયું, પરંતુ ઉપર ટેકરીઓમાં એ વખતે આટલે દૂરથી તે શું દેખાય? વાઘ કંઇ અગ્નિપુંજ ઓછો જ હતો જે અંધારામાં ચમકે! હતાશ બનીને અમે ત્યાં જ ઊભા રહ્યા. મન બોલતું હતું કે પાંખો આવે તો હમણાં ભીલંગના પાર કરી જાઉં! વચ્ચે નદી અને નદીનો પટ થઇને એકાદ બે ફર્લાંગનું અંતર હશે. પાર તો જઇ શકાય એમ હતું પણ ઊતરવાના ઘાટની ખબર નહોતી. પૂલ ત્યાંથી એક માઇલ દૂર હતો. તાત્પર્ય એ કે કંઇ કરી શકીએ તેમ નહોતું. અંતે અમે લોકોએ નિશ્ચય કર્યો વાઘ અંધારામાં હજી ખાતો તો જરૂર હશે; અને એમ જો ખાયા જ કરશે તો પછી સવારે નહિ આવે. એટલે હવામાં બંદુકના બે બાર કરી નાખવા કે જેથી એ ગાયની લાશ મૂકીને ભાગી જાય અને ભૂખને કારણે પાછો સવારે કદાચિત આવે.

બાર નંબરની બંદુકમાંથી બે બાર છોડયા, અને દુ:ખી બનીને અમે પાછા વળ્યા. અજીજ સલામ કરીને પોતાને ઘેર ચાલ્યો ગયો.

પાછા વળતાં અમે ગ્લાનિ અને ઉત્સાહના વમળમાં પડયા હતા. કાલે કેટલા વાગ્યે આવવું જોઇએ, બંદુકના અવાજથી એ પાછો આવશે કે નહિ, એવા એવા પ્રશ્નો કરતા અમે ઘેર પહોંચ્યા.

મળસ્કે ભૂપાલસિંહ અને હું વહેલા શિમલાસૂ જઇ પહોંચ્યા. સૂર્ય નીકળ્યો ત્યાં સુધી અમે ત્યાં જ ટેલ્યા કર્યું. જેમજેમ સૂર્ય ઉપર આવતો હતો તેમતેમ સામેની જગ્યા, જ્યાં વાઘે ગાય મારી હતી તે સ્પષ્ટ થતી જતી હતી. એ જગ્યાએથી અમે પશ્ચિમ તરફ હતા; વચ્ચે ભિલંગના હતી અને એ જગ્યા ઉત્તરથી દક્ષિણ તરફ જનારી પર્વતશ્રેણીમાં હતી; એટલે સૂર્ય હજી ટેકરીની ઓટમાં હતો. પ્રકાશ થતાં જ એ જગ્યાએ કંઇક વસ્તુ હાલતી દેખાઇ. એ વાઘ હતો. માંસને લોચી લોચીને ખાતી વખતે એ હાલતો હતો. રાઇફલથી નિશાન લેવાનો પ્રયત્ન કર્યો, પરંતુ રાઇફલની પાછલી માખી (Backsight)થી એ નિશાનમાં આવતો નહોતો. એટલે અમે જરા વધારે પ્રકાશની પ્રતીક્ષામાં ઊભા રહ્યા. જ્યાં સૂર્યનો અર્ધગોળાકાર ટેકરીને માથે દેખાયો કે પેલી ખીણ અને ભિલંગનાનો પટ પ્રકાશમય થઇ ગયાં, કિરણોમાં રેતીના રજકણો ચમકી ઉઠયાં. ભૂપાલસિંહ મારી પાછળ રાઇફલ લઇને ઊભા હતા. મેં દૂરબીન લગાવીને જોયું. બંદુક મેં આગળના એક ઝાડને આધારે મૂકી હતી. વાઘનું અસાધારણ કદ જોઇને મારી વાંછા ખીલી ઊઠી. મેં દૂરબીન ભૂપાલસિંહને આપ્યું અને એમણે રાઇફલ મને આપવા આગળ ધરી, ત્યાં ભડાક દઇને અવાજ થઇ ગયો! મારા કાન ફૂટી ગયા! ભૂપાલસિંહનો ચહેરો ફિક્કો પડી ગયો. માત્ર ૦I ઇંચથી હું બચી ગયો. ૨૨૦ ગ્રેનની ગોળી મારા કોટમાં થઇને આગળના ઝાડમાં સરરર કરતી ઘુસી ગઇ. જો ૦I ઇંચ અંદરથી નીકળત તો પેટનાં આંતરડાંને વીંખી નાખી પાછલી કરોડ તોડીને નીકળત.

'અરે! શું થઇ ગયું?' એ મારા મોઢામાંથી અવાજ સાંભળીને ભૂપાલસિંહને હોશ આવ્યા. વાત એમ બની હતી કે મેં સેફ્ટી કૅચને ચલાવવા માટે નળી ભણી મૂકી રાખ્યો હતો. ભૂપાલસિંહને એનો ખ્યાલ ન રહ્યો. એમની

આંગળી નીચેના ઘોડા ઉપર હતી. મને રાઇફલ આપતાં ઘોડો દબાઈ ગયો અને ફાયર થઇ ગયો. ફાયરનો અવાજ સાંભળીને વાઘ લાશ પરથી ઊઠ્યો. ટેકરી ઉપર આવ્યો અને પોતાની મસ્ત ચાલે જંગલ ભણી ચાલ્યો. એને લાગ્યું હશે કે દિનચર આવી પહોંચ્યા; જીવનનો ભય છે; ચાલો, પેટ તો ભરાઇ ગયું; હવે નિરાંતે આરામ લઇએ. મરોડભરી ચાલે ડાબી જમણી બાજુ જોતો એ ચાલ્યો જતો હતો. અમે લોકો હાથ ઘસતા રહી ગયા. ઘણી યે મથામણ કરી, પણ રાઇફલ ઠીક કરતાં સુધીમાં તો વાઘ દૃષ્ટિપથની બહાર ચાલ્યો ગયો. અમે ભિલંગના પાર કરી ત્યાં જવાનો નિશ્ચય કર્યો અને ચક્કર મારીને બરફથી યે ઠંડું જાંઘ સમું પાણી ડોળીને ભિલંગના પાર કરી તરતજ વાઘનું અંતર કાપવાનો પ્રયત્ન કર્યો. પણ વાઘ ક્યાંય દેખાયો નહિ. મેં કહ્યું 'અપશુકન તો સવારે જ થઇ ગયા છે, હવે નાહકના શા માટે શોધ કરો છો? એમ વાઘ નથી મળતા. ચાલો જઇને જોઇએ કે હજી લાશ કેટલી બાકી છે.'

જઇને લાશ જોઇ તો અમે પ્રસન્ન થઇ ગયા. વાઘે બચેલી લાશને ધૂળ અને કાંકરાથી ઢાંકી દીધી હતી. એનો અર્થ એ હતો કે વાઘ એ બચેલા શબને ખાવા ફરીથી જરૂર આવશે. જો લાશ ઉઘાડી રાખીને જાત તો ગીધ અને ચિલ પળવારમાં સાફ કરી જાત. પોતાના શિકારને ચિલ અને ગીધથી બચાવવા વાઘ ઘણીવાર લાશને ઝાડ ઉપર લટકાવી જાય છે. આફ્રિકામાં તો કયારેક ૧૮ ફીટ ઊંચે ઝાડ ઉપર અરધાં ખાધેલાં હરણ મળે છે. અમે લોકોએ લાશને ઘાસથી વધારે ઢાંકી દીધી અને ઘેર આવ્યા.

વળતા બપોરે ત્રણ વાગ્યે અમે ત્રણે—લક્ષ્મીદત્ત, ભૂપાલસિંહ અને હું—ત્રણ બંદુકો લઇને ગાયની લાશની પાસે પહોંચ્યા. સાથે એક દોરડું અને રાતનું ખાવાનું હતું. પાસેના મકાનમાંથી એક પાવડો અને કોદાળી પણ લઇ લીધાં. સાથે બેચાર માણસો પણ લીધા. મકાન બ્રાહ્મણોનું હતું અને એમની જ ગાય મારી હતી. એમણે અમને કહ્યું, 'તમે લોકો નાહકની મહેનત કરો છો. આ વાઘે અમારી સાતઆઠ ગાયોને ઠાર કરી છે. પડોશીની દસબાર ભેંસો ખાઇ ગયો છે. ખૂબ મોટો અને કદાવર છે. મ્યોર સાહેબે એને મારવાનો પ્રયત્ન કર્યો હતો. એમને હાથે પણ ન ચડ્યો. એક વાર ગોળી ચલાવવાનો અવસર મળ્યો ત્યારે ગોળી ઓછી પડી અને એનો માત્ર આગલો દાંત તૂટી ગયો.

મેં કહ્યું, 'પણ મહારાજ બેસવામાં શો વાંધો છે? ભાગ્ય અજમાવી તો જોઇએ.'

મહારાજ–તો તો ઘણું સારૂં. એ તસ્કર મરે તો ભારે પુણ્ય થાય.

ચારે બાજુ સ્થાન જોઇને બેસવાની જગ્યા બનાવવાનો નિશ્ચય કર્યો. લક્ષ્મીદત્ત અને ભૂપાલસિંહ ખોદાખોદીમાં અને સાંઠા તોડવામાં ગુંથાયા અને હું જરા આગળ જઇને ટહેલતો વાતો કરવા લાગ્યો, એટલે વાઘ જો આસપાસમાં હોય તો એમ સમજે કે એ તો ઘાસ વાઢનારા ઘાસ વાઢે છે. વાઘ જંગલનાં સર્વ જનાવરોમાં ચાલાક હોય છે. અવલ દરજ્જાનો એ તરક્કી હોય છે. જરા જેટલી કૃત્રિમ અથવા અસાધારણ વાત બને કે લાશ પર નથી આવતો. ઘાસ વાઢનારા અને વટેમાર્ગુઓની ગતિથી એ પરિચિત હોય છે અને જાણે છે કે સમીસાંજ થતાં એ લોકો વાતો કરતા કે ગાતાગાતા ચાલ્યા જાય છે. એટલે જ જંગલના એ ભાગમાં વાઘને ઠગવા માટે અમે આ નાટક રચ્યું હતું. બેસવાની જગ્યાએથી બે ફર્લાંગ દૂર હું એક ઘાસ વાઢનાર સાથે વાતો કરતો હતો. પહેલાં તો એ જરા સંકોચ પામ્યો, પણ મેં જ્યારે કહ્યું કે લોકો પાસેથી દૂધદહીંની પણ લાંચ લેવામાં આવે છે એ બૂરી વાત છે, ત્યારે એ એક જ બોલ સાંભળીને એના હૃદયના બંધ ઊઘડી ગયા. એણે ઘણી લાંચની વાતો કરી અને મારા પગ પકડીને બોલ્યો, 'મહારાજ, અમે ગરીબ આદમી રહ્યા, અમારી વાત કોઇની આગળ કરશો નહિ.' મેં એને આશ્વાસન આપ્યું કે હું કોઇને કશું નહિ કહું. થોડીવારમાં સીટી થઇ અને હું બેસવાની જગ્યાએ આવી પહોંચ્યો.

લાશથી પંદરવીસ ગજ દૂર, ખીણની પાસે જ્યાંથી વાઘનો આવવાનો રસ્તો હતો ત્યાં, પહાડની માટી ખોદીને સરખી કરીને ત્રણ માણસો માટે બેસવાની જગ્યા બનાવી હતી. અગાઉથી છ સાત લાકડાં આડાં અને વાંકાં મૂકીને દોરડાથી બાંધી લીધાં હતાં અને ચારે બાજુ સાંઠા પાથરીને જગ્યાને આવરી લીધી હતી. સામે ઘણાં નાનાં—એટલાં નાનાં કે માત્ર બંદુકની નળી નીકળી શકે અને લાશ જોઇ શકાય—ત્રણ કાણાં હતાં. બહાર ખાંસી ખોંખારીને અમે લોકો અંદર બેઠા.

બહારના માણસોએ અમારો અંદર જવાનો રસ્તો પણ લાકડાં અને સાંઠાથી બંધ કરી દીધો. લોકોને કહ્યું કે હવે તમે વાતો કરતા અને ગીત ગાતા ચાલ્યા જાઓ એટલે વાઘ સમજે કે ઘાસ કાપનારા ચાલ્યા ગયા. અમે અંદર બેસીને વાળુ કરી લીધું અને હવે શિકારને માટે બરાબર તૈયાર થઇ બેઠા. હું વચ્ચે હતો. બંદુકો બરાબર કાણાને આધારે મૂકી હતી.

દિવસ સંતાયો અને રાત આવી. અંધકારે જાદુઇ લાકડી ફેરવીને સર્વને અંધકારમાં ઢાંકી લીધાં. પશુ-પંખી પ્રકૃતિને અભિવંદન કરી જંપી ગયાં. શાંતિને કારણે ભિલંગનોનો જલરવ વધી ગયો. કૃષ્ણપક્ષની આઠમ હતી. ખીણમાં ગાઢ અંધકાર હતો. સંકોચાઇને બેઠેલા અમે ત્રણે પેલા કાણામાંથી લાશ ભણી જોતા અને શરીરના સંકેતથી જ એકબીજાને કહેતા કે વાઘ હજી નથી આવ્યો. થોડી જ વાર પછી હાડકું તૂટવાનો અવાજ થયો. અમે એકબીજાને સંકેતથી કહી દીધું કે વાઘ આવી પહોંચ્યો છે. એ વખતે હૃદયની ગતિ ન્યારી હતી. ભયથી નહિ, કુતૂહલ અને ઉત્સાહથી. ઘણા દિવસ-ની મુરાદ બર આવી હતી. વાઘ આવી ગયો હતો. સાવ-ધાનીથી જોયું તો લાશની પાસે જરા આછું અંધારૂં હતું. કાણામાંથી અમે વાઘની આકૃતિ અસ્પષ્ટ જોઇ શકતા હતા, પણ વાઘ અમને જોઇ શકે તેમ નહોતું.

જો આમ જ ફાયર કરી દઇએ તો વખતે ગોળી વાગે કે ન વાગે. એમ ડરાવીને નસાડવા કરતાં તો એ પોતાની મેળે નાસી જાય એ જ ઠીક હતું કે ફરીથી એને મારવાનો અવસર મળે. વખત છે ને ચાંદની નીકળે ત્યાંસુધી રહે પણ ખરો. અમારી તો એક જ વૃત્તિ હતી કે ગોળી ખાલી ન જાય. અમારામાંથી ભલે કોઇ ઘાયલ થાય, પણ વાઘ જરૂર મરે. અપમાનનો ભય મોટો હતો એટલે અમે બેસી રહ્યા.

વાઘે નિરાંતથી લાશ પાસે લંબાવીને પાછું પોતાનું ભોજન શરૂ કર્યું. અમે એ તરફ જોવાનું માંડી વાળ્યું. જેમાં આપણે અશક્ત હોઇએ, જેમાં આપણી લાઇલાજી હોય તે વાત ભાગ્ય પર જ છોડવી રહી. અમે રાહ જોતા હતા કે ક્યારે ચન્દ્ર નીકળે અને અમારી બંદુકો ગરજે.



લાશ પર આગલા બે પંજા મૂકીને, પેટમાં મોઢું ઘાલીને, પોતાની લાંબી પૂછડી હલાવતો વાઘ જડબાં ભરીને માંસ ચાવતો હતો

હું તો એટલો ઉતાવળો થઇ રહ્યો હતો કે મારૂં ચાલત તો તો વાઘની ઉપર જ જઇને કૂદી પડત. ડૉન ક્વિક્ઝોટ જેવી મનોવૃત્તિ પ્રત્યેક માણસની બેચાર ક્ષણ માટે તો જરૂર થઇ જાય છે. હું આવા વિચારો હજુ ઘોળતો હતો એટલામાં હાડકાંનો કરડકરડ અવાજ બંધ થઈ ગયો. જોયું તો વાઘ જ ન મળે! કેમ, એને કંઇ શંકા ગઇ અથવા અમારી હાજરીનો એને પત્તો લાગ્યો? અમે તો હાલ્યાચાલ્યા યે નહોતા. તો પછી બરાબર ચન્દ્ર નીકળવાને વખતે જ એ કેમ ચાલ્યો ગયો? અમે તો ખૂબ ખિજાઈ ગયા. અમારા પૂર્વનિર્ણય ઉપર પસ્તાવો કરવા લાગ્યા. ગમે તેમ ત્રણ ફાયર કરી દેત તો કોઇની ગોળી તો જરૂર એને વાગત. આ રીતે ઉલ્લુ તો ન બનત! માણસ હમેશાં પાછળથી જ પસ્તાય છે. પણ મનુષ્ય ત્રિકાલદર્શી કંઇ ઓછા છે? મન મારીને રહી ગયા. ચન્દ્રમાનો પ્રકાશ ચારે બાજુ છવાઇ ગયો. લાશ દેખાતી હતી. ગાયના ચારે પગ આકાશભણી ઊંચા થએલા હતા. એનો પાછેલો ભાગ વાઘના પેટમાં સમાઇ ગયો હતો.

પણ અમે ઉત્સાહહીન બેસી જ રહ્યા. અરધી રાત સુધી તો તપશ્ચર્યા કરી હતી. બાકીની રાતનું જાગરણ કોઇ મોટી વાત નહોતી. બે વાગ્યા. અમે તો એ એક જ આસને બેઠા હતા. ઠંડી વધી. ત્રણ વાગ્યા હશે ત્યાં સામેથી એક મોટો પત્થર ગબડચો. અમે સાવધાન થઇ ગયા. કોઇ જનાવર હતું. કદાચિત વાઘ જ હતો. પત્થર પડ્યો પણ કંઇ અવાજ ન થયો. અમે મીટ માંડીને જોઇ રહ્યા. અરધા કલાક પછી અમારાથી એક ગજ દૂર થોડાક નાના પત્થરો ગબડ્યા. અમને આશંકા થઇ કે વાઘ અમારી જ આસપાસ ક્યાંક છે. પણ અમે બેસી રહ્યા. અરધા કલાક સુધી નિઃસ્તબ્ધતા રહી. પાછો 'ગુડાક' અવાજ થયો. હાડકું તૂટ્યું અને વાઘના પેટમાં થોડો વધારે બોજો પડચો. ધીરેથી મેં બહાર જોયું તો વિશાળ દૃશ્ય હતું. લાશ પર આગલા બે પંજા મૂકીને પેટમાં મોઢું ઘાલી વાઘ જડબાં ભરીને માંસ ચાવતો હતો. ચારે બાજુ સિંહાવલોકન કરતો, સાવધાનતાની મૂર્તિ સમો, લાંબી પૂછડી હલાવતો, રહીરહીને એ પોતાનું સ્વાભાવિક કામ કર્યે જતો હતો. કૅમેરા હોત તો રાઇફલના શિકારને બદલે કૅમેરાનો શિકાર કરત. આવો સાહસી જીવ, જે એક થપ્પડથી ગાય મારી શકે છે તે પણ આટલી ચાલાકી ને સાવધાનીથી ભોજન કરે છે! એનો એવો પ્રાકૃતિક સ્વભાવ છે. વિંછીનો ડંખ કાપી લ્યો અને પછી એને છેડો તો એની બાંડી પૂછડી પણ એવી ચોટ મારશે જાણે હજી ડંખ છે જ.

અંતે બરાબર પોણાચાર વાગ્યે બે ફાયર કર્યા. લાશ બાજુથી કંપાયમાન ગર્જના થઇ. ગોળી ખાઇને વાઘ લપકયો. એક ધબાકો થયો, અને થોડી ક્ષણને ખાતર તો અમે ત્રણે બુદ્ધિહીન થઇ ગયા! હાંફતા વાઘે એક જ ઝપટમાં અમારી કિલ્લેબંદી તોડી નાખી. સાંઠા અને મોટા મજબૂત લાકડાનો અમારો આશ્રય વરાળ બનીને કોણ જાણે ક્યાં ઊડી ગયો! વાઘના પંજાનો એક હાથ વધારે પડત તો હું એ સ્વતંત્રતાના પૂજારી પર આક્રમણ કરવાનું ફળ પામત. અપશુકન તો પહેલેથી જ થઇ ચૂકયાં હતાં. પણ હું મરવા અને મારવા તૈયાર જ હતો. બંદુકની નળી એના પેટમાં હુલાવી દઇને ઘોડો દબાવી દીધો. કમ્મર તૂટી ગઇ. ધબાક લઇને વાઘ પડ્યો અને ગર્જતો નીચે ઘસડાવા માંડ્યો. જેટલું એ ઉપર આવવા માટે બળ કરતો હતો તેટલો જ એ નીચે ઘસડાતો હતો. મેરૂદંડહીન જીવ અથવા સંસ્થા ઉપર ચઢી શકતી નથી. ખુશીના માર્યા અમે ફૂલ્યા સમાતા નહોતા. બે અઢી કલાક રાત હજી વિતાવવી અતિ મુશ્કેલ હતી. રામરામ કરતાં રાત વીતી. ત્યાંથી ઊતર્યા. ભરેલી બંદુકે સાવધાનીથી જે રસ્તે વાઘ ઘસડાઇ પડ્યો હતો તે તરફ ચાલ્યા. આગળ જઇને જોયું તો વાઘ પડ્યો હતો. પત્થર ફેંકીને નિશ્ચય કરી લીધો કે એ મરી ગયો છે.

શિમલાસૂથી બાગ સુપરિન્ટેન્ડેન્ટ મીયાં ઉમરૂદ્દીન અને એમનો પુત્ર અજીજ દોડતા આવી પહોંચ્યા અને અમને ધન્યવાદ આપ્યા.

વાઘ આઠ ફૂટ અને બે ઇંચ લાંબો હતો. માણસો પાસે જ ઉંચકાવીને અમે રૂઆબથી તિહરી આવ્યા. વાઘને જોવા માણસોની ઠઠ જામી. આટલો મોટો વાઘ ઘણાં વર્ષોથી કોઇએ માર્યો નહોતો. મહારાજા સાહેબને પણ જોઇને આશ્ચર્ય થયું. મારી અને લક્ષ્મીદત્તની પ્રસન્નતાનો પાર નહોતો કે આખરે શરમની કાળી ટીલી ભુંસાઇ અને બદનામીનું કલંક તૂટચું.

શ્રીરામ શર્માના હિંદી પરથી અનુવાદક **કિસનસિંહ ચાવડા**

'આને આ પણ રાજાના જ આશ્રયે જીવતી રહેલી સંસ્થા છે. એવા લોકો એમાં ઠસાયા છે કે જેમનાં હૃદયોમાં ગરીબો પ્રત્યે ઘૃણા સિવાય બીજી કશી લાગણી નથી જન્મતી, ને જેઓ ધારે ત્યારે ક્રાન્તિ વિરુદ્ધ પોતાના પ્રયોગો લઇ જઇ શકે છે. . . .'

ફ્રાન્સને રાજક્રાન્તિની આગમાં હોમનાર લોકોનો મારેત નામનો એક નાયક આ શબ્દો પારીસની 'સાયન્સ ઍકૅડેમી' વિરુદ્ધ લોકોને સંભળાવી રહ્યો હતો. એ સંસ્થાએ આજ સુધી લોકોનું કશું બગાડ્યું ન હતું, પણ મારેતે તો પોતાની આંખમાં ખૂંચતા કાંટાને ધોઈ નાખવા એ શબ્દો ઉચ્ચાર્યાં હતા.

મારેતનો એ કાંટો તે આજે જગતભરના પ્રથમ કક્ષાના રસાયણીઓમાં લેખાતો વિજ્ઞાની લૉરન્ત લવાઝીએ (Laurent Lavoisier). જનસાધારણને રસાયણશાસ્ત્ર પથ્ય બનાવ્યું હોય તો એણે જ. ૧૯મી સદીમાં વિજ્ઞાનના ક્ષેત્રમાં પડેલાં બધાં વેરણછેરણ તારતમ્યોને વૈજ્ઞાનિક પરિશીલનથી સાંકળી લેનાર એ પહેલો જ મહાપુરુષ હતો.

લૂઇ પંદરમો જ્યારે ફ્રાન્સની ગાદી પર હતો ત્યારે ૧૭૪૩ના ઑગસ્ટની ૨૬ મીએ તે પારીસમાં જન્મેલો. પ્રાકૃતિક વિષયોનો નાનપણથી જ તેને શોખ. તેનો બાપ પણ તેને એમાં વધુ રસ લેતો કરતો ગયો. મઝરીનની કૉલેજમાં ગણિત, ખગોળ અને રસાયણશાસ્ત્રનો અભ્યાસ તેણે કર્યો ને માત્ર ત્રેવીસ જ વર્ષની વયે આખા શહેરને પ્રકાશિત કરવાની યોજના પર એક નિબંધ લખી કાઢી સોનાનો ચાંદ મેળવ્યો.

પછી તો એ વિજ્ઞાનમાં ઊંડો ને ઊંડો ઊતરતો ગયો. પોતા પહેલાં સ્થપાએલા બધા સિદ્ધાંતોનું પૃથક્કરણ કરી તેણે તેમના ક્રમવિભાગો નક્કી કર્યા. જેમ તેમાં તેનું અન્વેષણ વધતું ગયું તેમ તેનું માનસ પણ બંડખોર થતું ગયું. પ્રચલિત અનેક માન્યતાઓને પ્રયોગોથી ખોટી સાબિત કરી લોકોમાં ઉશ્કેરાટ ફેલાવવાનો જાણે તેને શોખ થઇ પડ્યો.

કૉલેજ છોડ્યા બાદ સૌ પહેલું તેનું મહત્ત્વનું કાર્ય એ કે તેણે પ્રાણવાયુ ને જલવાયુનું વિશ્લેષણ કરી રસાયણશાસ્ત્રીઓને ત્યારસુધી અવળે માર્ગે દોરી રહેલી 'ફ્લોજિસ્ટન થિયરી'ના સાબિત કરી આપી. એ એક મહાન સફળતા હતી ને તરુણ વયે જ તેણે લવાઝીએનું નામ પ્રથમ પંક્તિના રસાયણશાસ્ત્રીઓમાં મુકાવી દીધું.

પ્રતિભા હમેશાં યુવાનોનું આકર્ષણ માગી લે છે. તે પ્રમાણે લવાઝીએની આસપાસ પણ યુવાનો ને પ્રશંસકોનું એક મોટું ટોળું જમા થવા લાગ્યું. એ એના જીવનનો સુંદરતમ તબક્કો હતો. લોકોમાં એ કાળે સર્વત્ર તેનો આદર થતો હતો

વળી એક નવી શોધ તેણે રજુ કરી. શ્વાસોચ્છ્વાસની સાચી પ્રક્રિયા તેણે એમ સમજાવી કે એ એક પ્રકારનું જ્વલન (combustion) જ છે. ઉપરાંત ધાતુઓ પર થતી વિવિધ તેજાબોની અસર પણ તેણે શોધી. દુનિયા કંઇ બેકદર નહોતી. આ અને આવા અનેક કીમતી અખતરાઓ કરનાર લવાઝીએને તેણે 'રસાયણશાસ્ત્રના પિતા'નું બિરુદ આપ્યું. એ યોગ્યતા માટે આજ પણ કોઇથી ના પાડી શકાય તેમ નથી.

માત્ર વિજ્ઞાનમાં જ રચ્યોપચ્યો રહ્યો હોત તો લવાઝીએ આથી યે ઘણું વિશેષ કરી શકત. પણ કમભાગ્યે રાજકારણમાં યે તેણે સાથોસાથ ભાગ લેવા માંડ્યો ને એ સંક્રાન્તિકાળમાં તેની આ પ્રવૃત્તિએ જ તેના જીવનનો અંત કરુણ અને વધુ નિકટ આણ્યો.

લૂઇ પંદરમાના અવસાનથી ફ્રાન્સના રાજકારણ પર આંધી ફરી વળી. અવ્યવસ્થા અને કાવાદાવાઓ વચ્ચે રાજકારણ રમવા લાગ્યું. એવી આંધીના સમયમાં ઇ. ૧૭૭૧માં લવાઝીએએ મેરી આના સાથે લગ્ન કર્યું.

એવામાં જ બળવાના પ્રચારકોને દારૂખાનાની જરૂર પડી. તરત લવાઝીએએ માત્ર ક્રાન્તિના નામે જ ઊર્મિવશ બની, સળગી ઊઠે તેવા શુદ્ધ કરેલા પદાર્થો બળવાખોરોના ભોંયરામાં સંઘરવાનું માથે લીધું.

પછી તો ક્રાન્તિની આગ પૂર જોશમાં ભભૂકી ઊઠી. ફ્રાન્સનાં રાજારાણી વધસ્થંભ પર વધેરાયાં. બૅસ્ટાઇલની જેલ તૂટી. આ ઉલ્કાપાતો વચ્ચે પણ એ 'રસાયણનો પિતા' અખતરા કરતો બંધ થયો ન હતો. સાથોસાથ, તે પોતાના સમકાલીન વિજ્ઞાની લામાર્ક પેઠે સમૂહના માનસથી જ્ઞાત ન હોવાને લીધે રાજકારણથી પણ પોતાને અલિપ્ત રાખી શક્યો નહિ; અને દેશમાં વ્યવસ્થા સ્થાપવા નિમાએલી 'નૅશનલ ઍસેમ્બ્લી' મારફત તેણે રાજ્યના 'કર ખાતા'માં નોકરી મેળવી.

૧૭૯૧ ની સાલે લોકમાનસમાં ફરી પાછું પૂર આવ્યું લોકોને 'કર ખાતુ' સમૂળગું જોઇતું ન હતું. એના અમલદારો બધા પૂરા અધમ હોઈ પહેલી જ તકે એનો નાશ કરવો એવા પોકાર કરતું લોકોનું

એનું મસ્તક ઉડાવી દેતાં તો ફ્રાન્સને એક જ ક્ષણ લાગી, પણ એવું જ બીજું મસ્તક ઉપજાવતાં તેને વર્ષો જોઇશે.



ગાંડી લોકશાહીના ખપ્પરમાં શહાદત પામેલો વિજ્ઞાની

લવાઝીએ

ટોળું કર ખાતાની ઑફિસમાં ધસી ગયું. મારેતે પરબારો લવાઝીએ ઉપર જ આક્ષેપ મૂક્યો કે દારૂખાનું ભેગું કરતી વખતે તેણે પોતાનાં ખીસાં તર કર્યાં હતાં.

પણ એ કોઇ રીતે સાબિત થઇ શકે એમ જણાયું નહિ, એટલે લવાઝીએ જેનો સભ્ય હતો એ 'ઍકેડેમી ઑવ સાયન્સ' પર તેણે રોષ ઠાલવ્યો ને એ સંસ્થાને રાજદ્રોહી ઠરાવી.

મારેતના એ જોરદાર મંતવ્યે લોકસમૂહ પર બહુ જ અસર કરી ને બીજે જ દિવસે કાંત દ ફર્કોયની સરદારી હેઠળ આખું ટોળું ઍકેડેમીના મકાનમાં ઘૂસ્યું.

આ ફર્કોય, જાર્દિન દુ રૉયની કૉલેજમાં રસાયણશાસ્ત્રનાં વ્યાખ્યાનો આપતો. થોડા જ વખત પહેલાં લવાઝીએના મિત્ર હોવાના માનથી તે મગરૂરી લેતો. આજ પોતાનું માથું પોતાના ધડ પર સલામત રાખવા, પોતાના બધા મિત્રો, આદર્શો ને ફ્રાન્સની પ્રતિષ્ઠા સમી ઍકેડેમીને પણ છેહ દેવા એ તૈયાર થયો હતો! 'ક્રાન્તિમાં આડખીલી રૂપ અહીં જે કોઇ હોય તેને લાત મારી બહાર ફેંકો.' ટોળાને ઉદ્દેશી તેણે કહ્યું.

પણ કોને કયા આક્ષેપથી બહાર ફેંકવા? ફર્કોય વધુ ક્રોધે ભરાયો ને આખી ઍકેડેમીનો નાશ કરી દેવાની ધમકી આપી પાછો ફર્યો.

ઍકેડેમીના બધા સભ્યો ગભરાયા, પણ લવાઝીએ એમ લેશમાત્ર ગભરાય કે ગાંજ્યો જાય તેવો ન હતો. તેની પત્ની મેરી આના પણ એવી જ ઝિંદાદિલ હતી. માતેલા આખલાની પેઠે પારીસની શેરીઓમાં ધમાચકડી મચાવતા ફર્કોયની રજ પણ પરવા કર્યા વગર પ્રયોગો ચાલુ રાખવા તે હમેશાં પોતાના પતિને સહાય તથા પ્રોત્સાહન આપ્યા કરતી.

પણ ફર્કોયને લવાઝીએની કીર્તિનો ડંખ ગયો ન હતો. ૧૭૯૨માં તેણે એની પ્રયોગશાળા પર આક્રમણ

કરી તે ભાંગી ફોડી નખાવી ને તેને બહાર ફેંકાવ્યો. ઍકૅડેમીને યે નોટીસ આપી દીધી કે નૅશનલ ઍસેમ્બ્લીની રજા વિના કોઇને નવો સભ્ય ન બનાવે.

અને આમ મંદકાર્ય પડેલી ઍકૅડેમી પર બીજે જ વર્ષે તેણે રાજદ્રોહનો આરોપ મૂકયો. લોકલાગણી તો પહેલેથી જ તેણે એ વિરુદ્ધ એટલી ઉશ્કેરી મૂકેલી હતી કે આરોપ રજુ થતાં જ કશી તપાસ કે જુબાની વગર લવાઝીએ અને તેના અનેક સહકારીઓ જેલ પાછળ ધક્કેલી દેવાયા.

તે છતાં યે લવાઝીએની કર્તવ્યનિષ્ઠા તો એવી જ સદાજાગ્રત રહી. જેલમાં રહ્યા રહ્યા પણ, ત્યારના વિજ્ઞાનીઓને મૂંઝવી રહેલો પરસેવાની ક્રિયાનો પ્રશ્ન ઉકેલવા લવાઝીએએ મથામણ આદરી દીધી. ખરેખર, વિજ્ઞાની તરીકે તો તે અનુપમેય જ હતો.

હળવે હળવે એના એ પ્રયોગો આગળ વધતા ગયા, પણ ક્રાન્તિની કૂચ કંઇ એટલી હળવી ન હતી. થોડા જ દિવસોમાં લવાઝીએનો સસરો પૉલ્ઝ પણ તેની કોટડીમાં ધક્કેલાઇ આવ્યો.

૧૭૯૪ની સાલ આવી ત્યાં સુધીમાં તો જેલોના દરવાજા ખીચોખીચ ભરાઇ ગયા. એના લોખંડી સળિયાઓ વચ્ચે ઝૂરતાં કંઇક સુંવાળાં હૃદયોમાં હજુ આશાને સ્થાન હતું. પરંતુ શિયાળાના ઠારી નાખતા બરફ વચ્ચે જ એ આશાને થીજાવી દેવાનો ક્રાન્તિકારીઓએ નિર્ણય કરી લીધો હતો, ને તે બર લાવવામાં કશો વિલંબ તેમણે ન કર્યો. કોઇ સૅમ્પ્સનની તેમણે જલ્લાદ તરીકે નિયુક્તિ કરી ને તેનું ગિલોટીન ઘાસના પૂળા જેમ માનવદેહો વાંતરવા લાગ્યું.

જેલને એક કઢંગે ખૂણે પડ્યોપડ્યો લવાઝીએ આ બધું જોઈ રહ્યો હતો. હજુ તેના નામ આગળ દુનિયા માથું નમાવતી—માત્ર ફ્રાન્સ સિવાય. જીવનના પચાસ વર્ષના સતત ગાળા દરમ્યાન તેણે વિજ્ઞાનની કૂચકદમની આગેવાની લીધી અને શોભાવી. કલ્પનામાં યે ન હોય એટલું તેને માન મળેલું, તેનાં વખાણ થએલાં ને તેથી યે વધુ તેની ખુશામદ થએલી. જૂના ફ્રાન્સનું બધું સૌન્દર્ય, બધું ચાતુર્ય, બધું આકર્ષણ એક વખત તેની ચોમેર ગુંજારવ કરતું. માન અકરામના એ ગુલાબના બિછાનામાં મુશ્કેલીઓના કાંટા તેણે જોયા પણ ન હતા; નિષ્ફળતા નામ તે સમજ્યો ન હતો. પૂરાં પચાસ વર્ષ—અરધી સદી સુધી તેના પર સુખોની તો જાણે ફુલઝડીઓ વરસી હતી.

શું એ જ આ લવાઝીએ? તેનો ને તેના સાથીઓનો કૉફિનહૅાલને પ્રમુખપદે નિમાએલી ખાસ ટ્રિબ્યુનલ ન્યાય ચૂકવવાની હતી.

અને એ ન્યાય કેવો થવાનો હતો?

લવાઝીએ તે બરાબર જાણતો હતો. તેના સાથીઓ યે તે જાણતા. મેરી આનાને પણ એની ગંધ આવેલી અને બુઢ્ઢો પૉલ્ઝ પણ એ ઝઝૂમતી તલવારથી જાણીતો થયો હતો. અને એમ જ બન્યું. આખી ટ્રિબ્યુનલે 'ગિલ્ટી' 'ગિલ્ટી'નો પોકાર કરી એકીસાથે અઠ્ઠાવીસ માણસોનો ન્યાય ચૂકવી આપ્યો! કૉફિનહૅાલે બધાયને ક્રાન્તિની બ્યાસપીઠ પર ઘસડી જવાનો હુકમ કરી દીધો.

૧૭૯૪ના મેની એ આઠમી તારીખ હતી. મરી જાણનાર મરજીવાઓનો એ મૃત્યુદિવસ હતો. લવાઝીએ, તેના સસરા ને સાથીઓને ક્રાન્તિના માચડા પર હારબંધ ઊભા કરવામાં આવ્યા હતા.

ઝબા . . . . ક! ઝબા . . . . ક! એક જબરો પાણીદાર છરો હવામાં ઊડ્યો ને હારને મોખરે રહેલા બે જણાનાં માથાં એક પછી એક દૂર જઇ પડ્યાં! બુઢ્ઢો પૉલ્ઝ હેબતાઇ ગયો. લવાઝીએની કાંધ પર તેણે પોતાનું માથું ઢાળી દીધું.

પણ બીજી જ પળે બંનેને છૂટા પાડવામાં આવ્યા. ત્રીજી પળ ગઇ ત્યારે તો થએલા ઢગલામાં એમનાં માથાં પણ ભળી ગયાં હતાં!

જેને જીવ્યે ફ્રાન્સની ભૂમિ વધુ સુભાગી બનત, એ રસાયણશાસ્ત્રનો પિતા આમ ક્રાન્તિના ખપ્પરમાં શહાદત પામ્યો. લા ગ્રેંજે એ માટે સાચું જ કહ્યું છે કે, 'એનું મસ્તક ઉડાવી દેતાં તો ફ્રાન્સને એક જ ક્ષણ લાગી, પણ એવું જ બીજું મસ્તક ઉપજાવતાં તેને એક સૈકો જોઇશે.'

અશોક હર્ષ

ન્યાયાધીશઃ તમે કહો છો કે આ માણસે તમારી ચોરી કરી છે. વારુ પેલા ઢગલામાંથી તમારી કોઇ ચીજ બતાવી શકશો?

ફરિયાદીઃ હા સાહેબ, પણે ખૂણામાં પડેલો રૂમાલ મારો છે. તેને છેડે B ની છાપ છે.

ન્યાયાધીશઃ એ કંઇ સાબિતી ન લેખાય. એમ તો મારા રૂમાલને છેડે પણ B ની છાપ છે.

ફરિયાદીઃ હશે જ, સાહેબ! મારો બીજો રૂમાલ પણ થોડા વખત પહેલાં જ ગુમ થએલો છે!



પોતાની અનેક સફરોના બહાદુર સાથી અને મહૂમ મિત્ર ફ્લૉઇડ બેનેટનું માનભર્યું સ્મરણ અંકિત કરવા બાયર્ડે અમેરિકામાંની તેની કબર ઉપરના એક પત્થર સાથે અમેરિકાનો રાષ્ટ્રધ્વજ બાંધીને દક્ષિણ ધ્રુવ ઉપરથી ઊડતી વખતે બરોબર ધ્રુવપ્રદેશ પર નાખ્યો હતો. ધ્રુવ પરનું એ ઉડ્ડયન શરૂ કરતાં પહેલાંનો એ સામગ્રી સાથેનો ફોટો

જેની સાહસભરી જીવનખેડ પોતાના દેશવાસીઓના ખમીરને પાનો ચડાવીને જ નથી અટકી પરંતુ પ્રજાની માનવતા અને વીરત્વ ઉપરાંત સમસ્ત જગતનાં જ્ઞાન અને વિકાસમાં પણ સંગીન ફાળો આપી રહી છે તે ડિક બાયર્ડની

દખ્ખણધ્રુવની ચડાઇ

એના જીવનના કીર્તિકળશ સમી છે. ઍન્ટાર્કટિકાની એ સફરે વિજ્ઞાનની બાવીસ શાખાઓમાં જ્ઞાનનો નવો ઉમેરો કર્યો છે

જેના લોહીનું બુંદેબુંદ સાહસના ખમીરથી ભર્યું છે ને નવાં સાહસો શોધવા હજુયે જેની આરઝૂ એટલી જ જલતી રહે છે એ રિચાર્ડ એવેલિન બાયર્ડના સાહસશોખનું જેથી સાચું મૂલ્યાંકન થયું ને એ જગમાનિત બન્યો એ તો તેની દખ્ખણધ્રુવની સફર જ. એ માટે ઉપડતાં પહેલાં તેણે કરેલી તડામાર તૈયારીઓ, કાફલામાં વૈજ્ઞાનિક સંપૂર્ણતા આણવા તેણે ઉઠાવેલી જહેમતો, રસ્તે ખૂની વ્હેલો, વરસતા બરફો ને તરતા હિમપહાડોનો તેણે કરેલો સામનો ને અફાટ ઠંડા વેરાનના કારમા વંટોળિયાઓ વચ્ચે તેણે ગુજારેલા રાતદિવસોની સંપૂર્ણ રોમાંચકતા તો તેણે ત્રણ મહાન ગ્રન્થોમાં કરેલા બયાન પરથી જ સમજાય. આ નીચે એના જ શબ્દોમાં એનો સારભાગ આપીએ છીએ; પણ એ તો એ સફળ વિજયયાત્રાની માત્ર આછી પાતળી રૂપરેખા જ છે.

'દોજખના પ્રવેશદ્વાર શો, પૃથ્વીને તળિયે આવેલો દક્ષિણધ્રુવનો પ્રદેશ, કપ્તાન જેમ્સ કૂકની જાહેરાતના સમયથી ભૂગોળના એક અગમ્ય રહસ્ય તરીકે ગણાતો આવ્યો છે. સાડાચાર લાખ માઇલના વિસ્તારના એ ખંડની સફર એ મારી વર્ષોજૂની મહત્ત્વાકાક્ષા હતી, એ માટેનો પ્રયાસ પણ અવિરત હતો. પણ એથીયે વધુ તો એ પાછળની મોંઘી કીર્તિનું પ્રલોભન મને ખેંચતું હતું.

આજ સુધી તો એ રહસ્યખંડ ખૂંદી વળવાનો પ્રયાસ માત્ર બે જ જણે કરેલો. એક તો મહાન ને ખડતલ આમુંડસને, જે પોતાના સાહસનું બયાન કરવા જીવતો પાછો ફરી શકેલો; બીજા અમર સ્કૉટે, જે ત્યાંના પ્રલયંકર વંટોળિયાઓની ઝાંક ઝીલી ન શકતાં પોતાના સાથીઓ સહિત ત્યાં જ ઠંડી સમાધિ પામેલો.

ને મારો આ ત્રીજો પ્રયાસ હતો. નૅશનલ જિયૉગ્રાફિકલ સોસાએટીએ પચીસ હજાર ડૉલરની મદદ આપી તે શક્ય બનાવ્યો. બાકીનાં નાણાં અમે જાહેર ઉઘરાણાંથી મેળવી લીધાં. અમારા કાફલામાંનો એકેએક જણ ખડતલ અને અગાઉ કોઇ ને કોઈ સાહસશોધમાં ભાગીદારી નોંધાવી ચૂકેલો હતો, છતાં અમારૂં સાહસ આંધળિયાંની હારમાં ન જઈ બેસે તે માટે મેં પૂર્વતૈયારીઓ પણ વર્ષોથી ચાલુ કરેલી ને બધી ચડાઇઓનો ખંતપૂર્વક અભ્યાસ કરતો રહેલો. ચડાઇ વૈજ્ઞાનિક રીતે સંપૂર્ણ બનાવવાની તો મેં ખાસ તકેદારી રાખેલી.

ઇ. ૧૯૨૮ના ઑગસ્ટની ૨૫મીએ હડસનના ઉપસાગરનાં પાણી વીંધતું અમારૂં વહાણ 'સિટી ઑવ ન્યૂ યૉર્ક' ઊપડ્યું. ખાસ ચિંતા અમારે કપડાંની હતી; પણ ઍડમિરલ પીઅરી સાથેના આક્રમણ વખતે મને જે અનુભવ થએલો તે પરથી રેઇનડીઅરનાં ચામડાંનાં તે બનાવી લીધાં હતાં. ઊનનાં કપડાં એથી બમણા વજનનાં પહેરીએ ત્યારે માંડ એટલી ગરમી મળે.

ત્રણ વિમાનો, એંશી માલેન્યૂટો (એસ્કિમો કૂતરા), વિટામીનવાળા ખોરાકના પૂરતા જથ્થા ને બીજા ઢગલાબંધ સામાન સાથે અમે છેલ્લી છાવણી ન્યૂ ઝીલંડના ડ્યનેલિન મુકામે નાખી. તૈયારી સંપૂર્ણ કરવાનો અમારો એ છેલ્લો મોકો હતો. સંસ્કૃતિમાન માનવતાની એ છેલ્લી હદ હતી જ્યાંથી અમારે ૨૩૦૦ માઇલની મુસાફરી ખૂંદવાની હતી. અમે એ છેલ્લી તૈયારી સંપૂર્ણ બનાવી અને ન્યૂ ઝીલંડના પ્રાઇમ મિનિસ્ટર તથા બે હજાર પ્રેક્ષકોની શુભેચ્છા વચ્ચે ૧૯૨૮ના ડિસેમ્બરની બીજી તારીખે સવારે ૭ વાગે ઊપડ્યા.

ત્રણ દિવસ સુધી તો એક નાનાસરખા તોફાન સિવાય અમને બીજી કશી હરકત ન નડી ને અમે રૉસ સમુદ્રમાં આવી પહોંચ્યા. ત્યાં તેને ઘેરી વળતી બરફની પરથાળ જોઇ. દૂરદૂર નજર પહોંચે ત્યાંસુધી અભંગ સફેદ રેખા સમી તે નજરે ચડતી હતી. અમારી કાળજીને પરિણામે અમે પહેલાંના બધા શોધકો કરતાં વ્હેલોના ઉપસાગરમાં એક મહિનો જલદી પહોંચી શક્યા અને પછી અમને લાગ્યું કે એટલા એ વખતનો બચાવ ન થયો હોત તો કદાચ અમે નિષ્ફળ પણ જાત.

ફિક્કું ભૂરૂં આકાશ ક્ષિતિજ તરફ કંઈક ભૂખરૂં જણાતું હતું, શાંત રીતે ઊડ્યે જતાં દક્ષિણખંડનાં પક્ષીઓ અને તડકામાં નહાતાં સીલો નીરખતા અમે આગળ વધ્યે જતા હતા, ત્યાં અમારા એ કલ્પના પ્રદેશને ધુમ્મસે આવરી દીધો,—એવો કે અમારાથી પચાસ જ વાર દૂરની બધી દુનિયા તેણે અંધારી મૂકી. મધરાતે અચાનક ધુમ્મસનું એ પડ તૂટ્યું ને બરફનું અફાટ સ્થાપત્ય લાલઘેરા રંગોથી વૈવિધ્ય ઊભું કરવા લાગ્યું.

૧૯૨૮ના નાતાલના દિવસે અમે રૉસ સમુદ્ર પાર કરી હિમકોટ (ice-barrier) નજીક આવી લાગ્યા. દુર્લંઘ્ય દક્ષિણ ધ્રુવની, બરફની આ કપરી કરાડોથી જ બરફનો પટ શરૂ થતો હતો. એ પટ પર અમારે જીવન નિભાવવું હતું. ૧૭૭ પશ્ચિમ રેખાંશ પર આવેલા ૫૦૦ માઇલના બરફના એ કોટનો અમારા ટોપોગ્રાફરે સ્કેચ લીધો. બીજે દિવસે ડિસ્કવરી ખાડીમાં પહોંચ્યા. એકાદ હજાર ફૂટ નીચે ત્યાં મોજાંનો અવાજ સંભળાતો હતો.

અને હવે અમે વ્હેલોના ઉપસાગરમાં પહોંચ્યા. દુનિયાનું એ એક જ સ્થળ છે જ્યાંથી દક્ષિણધ્રુવ નજીકમાં નજીક થાય છે. પશ્ચિમ ભૂશિરથી પૂર્વ ભૂશિર સુધીની તેની લંબાઇ વીસ માઇલ છે ને એટલી જ તેની પહોળાઇ છે. એની કિનારરેખા હિમદિવાલોની બનેલી છે.

એ પટ પર થોડી રખડપાટ બાદ અમારી છાવણી માટે પૂર્વ ખૂણા ઉપરનો પટ નક્કી કર્યો. ત્યાં- અમે તંબૂઓ તાણ્યા, રેડિયો ઊભો કર્યો અને નાનું ગામ વસાવી દીધું. એ સ્થળનું નામ 'લિટલ અમેરિકા' અને અખાતનું નામ વર્સુમેર (Ver-Sur-Mer) રાખ્યું અને બરફોમાં ભટકાઇ ન પડે માટે સિટી ઑવ ન્યૂયૉર્કને ખૂબ ચોકસાઇથી ત્યાં નાંગરાવ્યું.

બરફનો અફાટ વિસ્તાર હવે અમારી સામે પથરાયો

દક્ષિણ ધ્રુવખંડ (ઍન્ટાર્કટિકા)ની સફર વેળા 'લિટલ અમેરિકા'ની વસાહતમાંની પોતાની કૅબિનમાં રસોઈ કરી લેતો બાયર્ડ



હતો. એ વિસ્તાર પર એટએટલા દૃષ્ટિભ્રમ થાય છે કે ન પૂછો વાત! વળી હવામાં ભેજ પણ એટલો બધો કે મોઢે બુરખા ચડાવી લેવા પડે. ઘણી વખત તો માણસ પોતાના શ્વાસને પણ ઠરતો સાંભળી શકે એટલું બધું ઉષ્ણતામાન નીચું જાય છે, ને બંદૂકો ફૂટતી હોય તેમ તૂટતા બરફના અવાજો થયા કરે છે!

દરરોજ એકાદ ને એકાદ નવું જોખમ તો અહીં આવી જ લાગે. એક વખત તો એક ખૂની વ્હેલ (killer whale) અમારી પાછળ પડેલી. એ ભયંકરમાં ભયંકર માણસખાઉ પ્રાણી છે. માંડમાંડ અમે બરફ પર પહોંચી શક્યા. તે બરફ નીચે ગરકી ગઈ. અમને ધ્રાસ્કો તો પડ્યો કે રખેને બરફ ફોડી તે ક્યાંક પણ ઓચિંતી બહાર ફૂટી નીકળશે; પણ સદ્ભાગ્યે તેમ ન થયું. બીજે દિવસે તો અમે એવી એંશીએક ખૂની વ્હેલોને, બીજી ભૂરી વ્હેલો તથા સીલોના શિકાર કરતી જોઈ. એક વાર તો ભાંગતા બરફને લીધે અમારું વહાણ પણ ધસડાઈ જવા લાગેલું જેને માંડમાંડ બચાવી શકેલા.

ભૌગોલિક દક્ષિણધ્રુવ અમે વસાવેલા લઘુ અમેરિકાથી ૭૯૨ માઈલ હતો, જ્યારે મૅગ્નેટિક ધ્રુવ ૮૨૦ માઈલ. અમારે શિયાળો આખો રાહ જોવી પડી.

૧૯૨૯ના ઑગસ્ટની શરૂઆતમાં આકાશમાં પહેલું અરુણદર્શન થયું. દિનોદિન એ પ્રકાશ વધતો જ જવા લાગ્યો ને ૨૦મી ઑગસ્ટે તો આકાશમાં એક ભયંકર ગોળો ઉપર ચડતો દેખાયો. ભયંકર એટલા માટે કે સૂર્યનું પરાવર્તન થઈ, તે હોય તે કરતાં અનેક ગણો મોટો જણાતો હતો. અમે અમેરિકન, બ્રિટિશ અને નૉર્વેજિયન વાવટા લહેરાવી તેનો સત્કાર કર્યો ને અમારા પૂર્વગામી સ્કૉટ, આમુંડસન, શૅકલટન અને મૉસનના વીર આત્માઓને મૂગું નમન કર્યું.

સફર ખેડવાનો પણ હવે સારો મોકો આવી ગયો હતો, એટલે ગાંસડાંપોટલાં બાંધી અમે સ્લેજો તૈયાર કરી અને ઍક્સલ હાઈબર્ગ ગ્લૅશિયરથી સીધી જ લીટીમાં ને આમુંડસનના રાહથી સહેજ પૂર્વમાં રહી અમે રસ્તો કાપવા માંડ્યો. અમારા આ નવા રાહને અમે નૅશનલ જિયૉગ્રાફિક સોસાઈટીના પ્રમુખના નામ પરથી 'ગિલ્બર્ટ ગ્રૉસવેનોર ટ્રેઈલ (રાહ)' નામ આપ્યું.

અમારી સામે બરફનો આખો સફેદ વિસ્તાર ગુલાબી ઝાંય સાથે જાંબુડિયા ઓળાથી ઢંકાએલો હતો. એવામાં કોઈ ઠંડા પ્રેતજેવો ચન્દ્ર પશ્ચિમમાંથી આકાશમાં ચડતો દેખાયો. ઈ. ૧૯૨૯ના ઑક્ટોબરની ૧૫મીએ વ્હેલોના ઉપસાગરની દક્ષિણના હિમકોટનો પહેલો ઢાળ અમે ઊતર્યા.



પેન્સિલવાનિયાની મિલિટરી ઍકૅડેમીએ એનાયત કરેલા ડૉક્ટર ઑફ ઍરૉનૉટિક્સની માનદ પદવીના પદવીદાન સમયે

ત્રણ દિવસ પછી ડૉ. ગૂલ્ડની સરદારી નીચે એક ટુકડી ધ્રૌવોચ્ચપ્રદેશ (Polar plateau)માં ભૂસ્તર સંબંધીની શોધખોળો કરવા ઊપડી. હિમયુગ પહેલાંના કોઇ અવશેષો ત્યાંથી મેળવવાની પણ તેની ઉમેદ હતી. આ પહેલાં કોયલાના થરોએ એટલું તો સાબિત કર્યું હતું કે જ્યારે આજની ઘણીખરી દુનિયા બરફમાં ઢંકાએલી હતી ત્યારે આ પ્રદેશ વનસ્પતિથી સમૃદ્ધ હતો!

ડૉ. ગૂલ્ડની ટુકડી ઊપડ્યા બાદ અમે પણ દખ્ખણ ધ્રુવ પરના ઉડ્ડયન માટે વિમાન તૈયાર કર્યું. આ ખંડના કોઇ પ્રાગૈતિહાસિક રાક્ષસી પંખી પેઠે હળવે હળવે અમારૂં વિમાન ઊંચે ચડતું ગયું. ઠંડી તો એટલી બધી હતી કે હાથે મોજાં પહેર્યાં છતાં કશું કામ ન થઇ શકતું, એટલે હાથ પર અમે ગ્રીઝ ચોપડી રાખેલો! છતાં યે ધાતુઓનાં ઓજારોને જરા સરખું અડતાં પણ ઠંડીથી હાથ જાણે બળી ઊઠતો હોય તેમ દઝાતું!

જીવનમાં ભાગ્યે જ મળતા એ ધન્ય પ્રસંગને અનુભવતા હું ને મૅક્કિન્લે આનંદ ને આશ્ચર્યમાં ગરકાવ થતા ઊડી નીકળ્યાં. અમારૂં એ પહેલું જ ઉડાણ હતું, એટલે ઍક્સલ હાઇબર્ગ ગ્લૅશિયર તરફ બારસોએક માઇલ ઊડી અમે તરત પાછા વળ્યા.

બીજી વખત અમે પૂર્વમાં ઊડ્યા. ત્યાં એક નવો ઉપસાગર અમારી નજરે પડ્યો. અમે તેના ફોટોગ્રાફ લેતા હતા એટલામાં વધુ આગળ એક બીજું જ અજબ દૃશ્ય અમારી નજરે પડ્યું. એ ખુલ્લા ખડકોવાળું એક ગિરિશિખર હતું. અમે એ તરફ ઊડ્યા તો પછી આગળ તો એક પછી એક અનેક શિખરો જણાવા લાગ્યાં! પણ એ જ વખતે કમનસીબે અમારા ગૅસે દગો દીધો ને અમારે ફરજિયાત પાછા વળવું પડ્યું. અમે એ પર્વતમાળાને અમારા બીજા સહાયક જોન ડી. રૉકફેલરનું નામ આપ્યું.

અમારા એ બીજા ઉડ્ડયન બાદ થોડોક વખત અમે આરામ લીધો. બરફનો બધો પ્રવાહ એ વખતે પશ્ચિમ બાજુએ ધસતો જતો હતો,–ઉપસાગરમાંથી જાણે કોઇ શ્વેત સૈન્ય પસાર થતું ન હોય! એ પ્રવાહની દિશા પરથી મને શંકા થઇ કે કદાચ આટલામાં ક્યાંક કોઈ દ્વીપસમૂહ યા જમીનનો પટ હોવો જ જોઇએ. શંકા થઇ એટલે તેનું નિવારણ પણ તાબડતોબ લાવવું જ જોઇએ એ મારો હમેશનો સ્વભાવ, એટલે ૨૮મી ફેબ્રુઆરીએ ફરીવાર અમે ઊડી નીકળ્યા. થર્મૉમીટરનો પારો ત્યારે શૂન્યથી યે વીસ ડિગ્રી નીચે હતો!

અને ખરેખર, મારી એ શંકા સાચી ઠરી. રૉકફેલર પર્વતોની પેલી પાર જમીન જ હતી. આજ સુધી કોઈપણ સાહસખેડુની કલ્પનામાં યે ન આવેલી એ કુંવારી જમીન પર તરત અમે અમેરિકાનો વાવટો ફરકાવી તેને મેરી બાયર્ડ લૅંડનું નામ આપ્યું ને પાછા વળી રેડિયો મારફત તે પર અમેરિકાનો હક્ક જગતને જાહેર કર્યો.

આમ ને આમ શોધખોળની અમારી પહેલી ઋતુ તો ક્યાંયે પસાર થઇ ગઇ. હવે તો દખ્ખણધ્રુવની છ માસની અંધારી રાત આવવાની હતી ને કલાકના ૧૨૦ માઇલની ઝડપના ભીષણ વંટોળિયા વાવાના હતા, એટલે એ લાંબી રાત ગુજારવા અમે બરફમાં બખોલો ખોદી કાઢી. પહેલી એપ્રિલે ઉષ્ણતામાન ૪૭ ડિગ્રી નીચે ગયું ને ૧૮ મીએ તો સૂર્યે પણ રજા લીધી. આગલે દિવસે ક્ષિતિજ પર તે તદ્દન લાલ ગોળા જેવો બની હળવેહળવે નીચે સર્યો જતો હતો. તદ્દન ઝાંખું સંધ્યા જેવું અજવાળું પણ પછી ઓછું થતું ગયું અંધારાની સાથે ઠંડી પણ વધતી ગઇ. અમે અંધારિયાંઘરોમાં–બખોલોમાં–જાણેપાતાળપ્રવેશ કર્યો.



વટસાવિત્રી

ચિત્રકાર • કનુ દેસાઈ

તાજેતરમાં પ્રકટ થનાર 'વ્રતચિત્રાવલિ' નામના સંગ્રહમાંથી



ઉનાળાનો પંથ

ફોટો • બલવન્ત ભટ્ટ

એ અંધારી ધોલકીઓમાંથી ઠેઠ ૧૯૨૦ના જાન્યુઆરીની ૨૭મીએ અમારો આરો આવ્યો. નવો ભભકભર્યો પ્રકાશ આંખને રમત કરાવતો હતો. વંટોળની બીક જેવું હવે કશું રહ્યું નહોતું, એટલે અમે ૪૨૫ હૉર્સ પાવરનું ફેરચાઇલ્ડ મોનોપ્લેન તૈયાર કર્યું. 'સિટી ઑવ ન્યૂ યૉર્ક' પર તો બરફના એટલા થર જામેલા કે અમે માંડમાંડ તે ઉખેડી શકયા.

ફરી હું ને મૅક્કિન્લે ઊપડી નીકળ્યા. કૅાલ્ઍકની ભૂશિર, ગિરકેનો ઉપસાગર ને સ્કૅાટ નૂનાટાક (બરફ-શિખર) જેવાં અસંખ્ય નૂનાટાક પસાર કરી અમે વધ્યે જતા હતા ત્યાં એક અણધાર્યું નવીન અમારી નજરે ચડયું. એ હતા બરફના ડઝનબંધ ટાપુઓ. ત્યાંથી દૂરદૂર બરફના પ્યાલા ઘાટે વિસ્તરેલા ઉચ્ચ પ્રદેશ પર ક્ષિતિજમાં તદ્દન નવા જ પર્વતોની ધાર ફૂટતી જણાતી હતી. ભવિષ્યમાં જ્યારે હિમયુગ પૂરો થશે ત્યારે અહીં દુનિયાનો એક (ભૂમિમાં અંતર્ગત એવો) મહાસાગર બની જશે. જોકે એ મારી કલ્પના જ છે, કારણકે દખ્ખણધ્રુવની ટોપી જેવા બરફના એ ઉચ્ચ પ્રદેશની નીચે શું છે તથા તેનું પડ કેટલું જાડું છે એ હજુ અનિશ્ચિત જ છે.

પછી ઠંડીનું પ્રમાણ ઘટયું એટલે અમે અમારો દખ્ખણધ્રુવ પરનો મુખ્ય હલ્લો શરૂ કર્યો. છરીની ધાર જેવી બરફની કિનારો (sastrugi) અને તદ્દન પાતળા બરફના પટ (crevasse) કે જેમાંથી ભૂરૂં પાણી પણ આરપાર દેખાઈ આવતું હતું તે પરથી પસાર થતા અમે આગળ ઊડયા.

અને આખરે અમે ત્યાં પહોંચ્યા. જ્યાં પહોંચી શકવાની કીમતમાં સ્કૅાટને પોતાની જિંદગી ભરપાઇ કરવી પડેલી એ દખ્ખણધ્રુવ અમારી નીચે જ પથરાયો હતો. જ્યાં દિશા કે કાલનો કશો અર્થ જ નથી, જ્યાંથી બધી દિશાઓ ને બધા રેખાંશો ફૂટે છે ને જ્યાં હમેશાં 'આજ'જ હોય છે એ પ્રદેશનો આ દૃષ્ટિલાભ તો ભલભલાને અદેખાઇ ઉપજાવે એવો હતો. પણ ત્યાં દૂર આકાશમાં વાદળાં ચડતાં જણાયાં ને તે પાછળ રખે કોઇ ભયંકર વંટોળિયો હોય એ બીકે અમે પાછા વળી નીકળ્યા. વળતી વખત અમે વધુ સ્પષ્ટ ફોટોગ્રાફો લીધેલા. કુલ ૧૫ કલાક ને ૫૧ મિનિટમાં અમે ૧૬૦,૦૦૦ ચોરસમાઇલ કાપ્યા હતા.

આજ



આજ અંધાર ખુશબોભર્યો લાગતો
આજ સૌરભભરી રાત સારી;
આજ આ શાલની મંજરી ઝરી ઝરી
પમરતી પાથરી દે પથારી.

આજ ઓ પારથી ગંધને લાવતી
દિવ્ય કો સિંધુની લહરી લહરી;
આજ આકાશથી તારલા માંહીથી
મ્હેકતી આવતી શી સુગંધી !

ક્યાં કયું પુષ્પ એવું ખીલ્યું જેહના
મધમધાટે નિશા આજ ભારી?
ગાય ના કંઠ કો તાર ના ઝણઝણે
ક્યાં થકી સૂર કેરી ફુવારી ?

ઉર આકુળ જે સૂર કાજે હતું
હરિણ શું તે મળ્યો આજ સૂર?
ચિત્ત જે નિત્ય આનંદને કલ્પતું
શું થઇ આવીઓ સુરભિ–પૂર ?

પ્રહ્લાદ પારેખ

પાછા ફરતાં વળી ગૅસ ખૂટયો ને અમારે ફરજિયાત ઊતરવું પડયું. તરત અમે રેડિયોથી તેના ખબર આપ્યા. ગ્રૅાસવેનોર રાહની નજીક જ અમે હોઇ અમને શોધતાં આલ્સેનને ઝાઝી મુશ્કેલી ન નડી. ૩૬ કલાક અમે એમ ને એમ બરફમાં રહ્યા. ત્રણ પ્રેસર સ્ટવથી ઍંજીન તપાવી અમે છેવટે લઘુ અમેરિકા પહોંચ્યા.

૧૯૨૯ના નવેમ્બરની ૨૮મીએ જિયૉલૉજિકલ ટુકડી કીન મૅાડ પર્વતોના સો માઇલ દૂરના શિખર પર પહોંચી ગઇ હતી; ને એ જ દિવસે અમે પણ ૩ ક. ૨૯ મિ (ન્યૂ યૉર્કના ૧૦:૨૯) વાગ્યે ગાતા,

નાચતા કૂદતા, બૂમો પાડતા ને ટોપીઓ ઉછાળતા સાથીદારોના હર્ષ વચ્ચે ધ્રુવપટ પરની આખરી સફરે ઊડી નીકળ્યા. મારી સાથે આ વખતે કૅપ્ટન ઍશબી મૅક્કિન્લે ઉપરાંત બર્ન બાલ્કન અને હૅરૉલ્ડ જૂન પણ હતા. કાચની પરથાળ ઉપર વિમાનની બંને બાજુએ અમે કૅમેરા ગોઠવી દીધેલા.

થોડી વારમાં વાદળાંઓ વટાવી અમે ખુલ્લા તડકામાં આવી લાગ્યા. દક્ષિણે ભૂરા આકાશની થોડી કોરાણ દેખાતી હતી. પર્વતો તો સૂર્યના પરાવર્તનને લઇ જાણે આગના સોલા ઊડતા હોય એવા જણાતા. ૮૫ અક્ષાંશ દક્ષિણે પહેલાં કાર્મેન્લૅંડ નામે ભૂમિનો વિસ્તાર નોંધાએલો, પણ અમને તો ૮૦થી ૮૫ ડિગ્રી અક્ષાંશમાં જમીનનો ટુકડો સરખો યે ન જણાયો. આમુંડસને દૃષ્ટિભ્રમથી ભૂલ ખાઇને જ એ નામ આપ્યું હોવું જોઇએ. થોડી વારે ઍકસલ હાઇબર્ગ ગ્લૅશિયરનું, આમુંડસને ૧૦,૫૦૦ ફૂટ ઊંચું નોંધેલું ઉચ્ચતમ શિખર પણ અમારી નજરે પડયું.

આ ગ્લૅશિયરના ઘાટ વચ્ચેથી અમારે પસાર થવાનું હતું. સૂર્યનો ગરમ પવાહ નાગા બરફનાં શિખરો પરની ઠંડી હવામાં મળી જઇ ધુમ્મસ ઉત્પન્ન કરતો હતો. શિખરની ઊંચાઇ તો કદાચ આમુંડસને જણાવી તેટલી હોય, પણ ઘાટની પહોળાઇ ને હવાના પ્રવાહો જાણ્યા સિવાય અમારાથી અંદર કેમ ઘુસાય? હવાના પ્રવાહો કદાચ બલવત્તર હોય તો અમારા વિમાનને સીધું ભોંય ભેગું જ કરી દે. અને વળી ઘાટ પસાર કર્યા બાદ સામે પણ બીજા પર્વતો જ આવેલા હોય તો?

પણ છેવટે અમે તો ઝુકાવ્યું. વિમાનને બાલ્કન ઊંચું ને ઊંચું લેવા લાગ્યો, કારણ ઘાટનું નીચામાં નીચું દ્વાર હજુ તેના નાકથી ઊંચું હતું. આ વખતે અમને બીજી કશી હરકત ન નડી. ફક્ત મૅગ્નેટિક કંપાસ નકામો નીવડતાં સન-ડાયલથી કામ લેવું પડ્યું.

પાછા ફરતાં અમે ભૂસ્તર-ટુકડી સાથે જોડાયા ને તેમની સાથે ખડકો તપાસવામાં એવા તો ગરકાવ થઇ ગયા કે પલટાતી હવાનો પણ અમને ખ્યાલ ન રહ્યો. અમારી આસપાસ ધુમ્મસનું આવરણ ફરી વળ્યું. કશું જોઈ શકાય તેવી હાલત ન રહી ને અધૂરામાં પૂરૂં વળી બરફ વરસવા લાગ્યો. લપસી પડવાનો પણ પૂરતો સંભવ હતો. છતાં અમે દોરડાંઓને આધારે ઝટપટ પર્વતો પરથી નીચે ઊતરવા લાગ્યા.

ગૂલ્ડે દરમિયાનમાં ઘણી મહત્ત્વની શોધો કરેલી. બરફથી ઢંકાએલાં ૬૦૦૦ ફૂટ નીચેનાં શિખરો પર તેને ભુખરિયા પત્થર (sandstone)નો એક ટુકડો મળેલો. તેણે કહ્યું કે એ મેળવતી વખતે જિંદગીમાં કદી ન અનુભવેલું એવું સાનંદાશ્ચર્ય તેણે અનુભવેલું.

અમને પાછા વળવાનો વખત થયો તે પહેલાં અમે ડિસ્કવરી ખાડી (inlet)ની આસપાસના ૬૦૦ માઇલના પટના ફોટોગ્રાફો લઇ લીધા. અમે હજુ બીજું એક વર્ષ રોકાઇ શકીએ એટલું ભત્તું અમારી પાસે હતું, પણ અમારામાંના કેટલાકની તબીઅત ખૂબ બગડી ગએલી એટલે રોકાવાનું માંડી વાળ્યું.

અંતે ૧૯૩૦ના ફેબ્રુઆરીની ૭મીએ અમે વળતીઆ થયા. છતાં યે અમારૂં વહાણ વારંવાર બરફમાં અથડાઇ પડતું, ને ભેજ તો એટલો બધો હતો કે માણસો ઉખેડી ન શકે તે પહેલાં તો વહાણ પર નવો બરફ જામી જતો! વહાણનો મોરો પાણીમાં નમી ન પડે એટલા સારૂં વહાણ પરના માણસોએ એ બરફ ઉખેડવા માટે લીધેલી મહેનત તો અમાનુષી કહી શકાય.


ફેબ્રુઆરીની ૧૯ મીએ ૯:૩૦ વાગ્યે અમે લઘુ અમેરિકા છોડયું. પ્રબળ દક્ષિણ પવન હવે અમને સવળો હતો એટલે ઝડપબંધ અમે રૉસ સમુદ્રનાં પાણી કાપવા લાગ્યા. હવે વતન ને અમારી વચ્ચે ખારાં પાણી સિવાય કશો અંતરાય રહ્યો ન હતો. 'All safe and sound'નો તાર કરી દઇ અમે ખારાં પાણી કાપતા નીકળ્યા ને બરફથી જર્જરિત થએલું અમારૂં પુરાણું 'સિટી ઑવ ન્યૂ યૉર્ક' ૧૯૩૦ના જૂનની ૨૦ મીએ વૉશિંગ્ટનના બારામાં દાખલ થઇ ગયું.'

મેંદીનાં પાન

બીજાનું અનુકરણ કરી ચાલનાર માટે ભૂલોનો જેટલો ભય હોય છે એટલો બીજા કોઇ માટે હોતો નથી.
ચારિત્ર્યનું પ્રેરકબળ ઇચ્છા છે, નહિ કે બુદ્ધિ.
મારી ખર્ચાળતા પર લોકો રડે તે કરતાં મારા લોભ પર તેઓ હસે એ હું વધુ પસંદ કરૂં. (ફ્રાન્સનો લૂઈ ૧૨મો)
અદેખાંઓ માટે સારી સ્મરણશક્તિ એક શાપ રૂપ જ બને છે.

મહત્ત્વાકાંક્ષાની સિદ્ધિ માગે એવી એ કપરી કસોટી હતી; ભલા ભડવીરનાં પણ પાણી ઉતારે એવું એ સાહસ હતું;–અને એ ખેડનાર હતો એક ઠંડી તાકાતવાળો વિરલ

નામર્દ



રૂપેરી બાજ! ઊના લોહીના અમેરિકન જુવાનોનું એ પ્રિય નામ હતું. ખરેખર, અમેરિકાનાં લડાયક હરિયાઇ વિમાનોની એ ટુકડીની કતાર જ્યારે આકાશ-પટ વીંધીને નીકળતી ત્યારે તીણી નેમ ને તીવ્ર વેગવાળાં રૂપેરી બાજો જેવી સોહી રહેતી. અને સાહસોત્સાહભર્યા કોઇપણ અમેરિકન નવલોહીઆને રોમાંચ કરાવતું એ દૃશ્ય એનામાં પરાક્રમની મહત્ત્વાકાંક્ષા જગાડતું.

એ જ રૂપેરી બાજોના બધા પાયલટો સ્ટીમર રેઇન્જ-રના રેડી રૂમમાં આજ કૉફી પી રહ્યા હતા. ફ્લાઇટ ડેક પરના કામદારોની બૂમો ને ધમપછાડા હજુ જેવા ને તેવા જ ચાલુ હતા. કર્નલ આર્નોલ્ડે કૉફીનો કપ હજુ ખલાસ પણ નહોતો કર્યો, ત્યાં બિલ હેસ્ટિંગ્સ દયામણે મોઢે તેની સામે આવી ઊભો.

'સ...સ...સાહેબ, મારે સ્કાઉટોની ટુકડીમાં જવું છે.' તે બોલ્યો.

કૉફી પીનારા બધાના કપ જેમના તેમ રહી ગયા. બધાની આંખોમાં અકથ્ય આશ્ચર્ય ઝબકી ઊઠ્યું. રૂપેરી બાજોમાંથી નીકળી પાછા સ્કાઉટ ટુકડીમાં જવાનું! કર્નલ આર્નોલ્ડની એ પ્રખ્યાત લડાયક વિમાની ટુકડીમાં સ્થાન મેળવવા કેટકેટલા યુવાનો મથી રહેતા—અરે, મરી ફીટતા! અને આ તરંગી છોકરો એ ટુકડી-માંથી છૂટો થવાની માગણી કરવા આવ્યો હતો?

'કેમ બિલ, કંઇ અડચણ છે?' વાત્સલ્યભરી સ્વસ્થતાથી કર્નલ આર્નોલ્ડે પૂછ્યું.

'ન...ના!' વધતી જતી ગભરામણ વચ્ચે બિલથી બોલાઇ જવાયું.

'તને ન ગમે એવી કશી કામગીરી તને સોંપાઇ છે?' આર્નોલ્ડે ફરી સવાલ કર્યો.

બિલે આવી પ્રશ્નપરંપરાની આશા નહોતી રાખી. તેની હિંમત હવે છેલ્લે પાટલે બેઠી. અતિવિવેક અને શરમાળપણાએ તેની જીભ જાણે તાળવે જ ચોંટી ગઇ. જવાબ આપવાની ઘણી યે ઇચ્છા છતાં, અને સવાલ પરંપરાનો સામનો કરવાની અનેક દિવસોની તૈયારી તથા નિશ્ચય છતાં બિલથી જવાબ ન અપાયો. તેણે ખાલી માથું જ ધુણાવ્યું ને પછી પૂતળા મિસાલ ઊભો રહ્યો.

'ઓ. કે.!' પાંચેક મિનિટ બિલને તાકતા રહી આર્નોલ્ડે જવાબ આપ્યો. 'આવતી કાલે જ હું બંદોબસ્ત કરીશ. પણ દસ વરસ પહેલાં જો આવી માગણી મારી સામે કોઇ રજુ કરવા આવ્યું હોત તો હું શું કરત, એ જાણે છે? હું તેની મિટ્ટી પલીત કરી નાખત! અમે પણ એક વખત શિખાઉ હતા. માત્ર બે જ મહિનાનો અભ્યાસક્રમ; અને તેમાં બધી સંપૂર્ણતા મેળવવાની. એ સાઠ દિવસોમાં સંપૂર્ણતા ન આવી તો ઘરને ખૂણે જ જઇ બેસવાનું. આજે તો અભ્યાસ-ક્રમ પાંચ વર્ષ સુધી લંબાયો છે અને એ પાંચ વર્ષ સુધી મુંડાવ્યા છતાં તારા જેવાને સહીસલામતી જોઇએ છે!'

રૂપેરી બાજોમાંથી પોતાને છૂટા થવાનું કારણ જોખમદારી, સખ્ત કામગીરી કે જીવનનાશની દહેશત એમાંનું એકે નહોતું, કે નહોતી સ્કાઉટ ટુકડીમાં રહી પોતાને સહીસલામત રાખવાની તેની ઇચ્છા. બિલ એ બધું સોગનપૂર્વક આર્નોલ્ડને જણાવત. પણ એની કમબખ્ત જીભ આજે એકે હરફ ઉચ્ચારવાની જ ના પાડતી હતી, એટલે શરમ, ગુસ્સા ને અવશપણાથી આર્નોલ્ડનાં બધાં વેણ તે ગળી રહ્યો.

અને આર્નોલ્ડને એવાં કડવાં વેણો સુણાવવાનો હક્ક નહોતો એમ પણ કોણ કહે? નહિ કે તે એક સફળ વિમાની હતો તેથી કે નહિ તેના કર્નલપણાથી. પણ દુશ્મનોને મોંએ પણ તારીફ પોકરાવે એવી એની

સાહસદિલીથી જ એણે એ હક્ક મેળવ્યો હતો. પેરેશ્યૂટો શોધાયાં પણ નહોતાં ત્યારે જિંદગીને નેવે મૂકી તે ઊડતાં શીખેલો. અને ત્યારનાં વિમાનોમાં પણ નહોતી એન્જિનોની મજબૂતી કે નહોતી આવી યાંત્રિક સંપૂર્ણતા. એવાં પાંગળાં સાધનોએ પણ આટલાંટિક આરપારના પહેલા ઉડ્ડયનમાં પોતાનું નામ પેશ કરાવી આર્નોલ્ડ જે કીર્તિ કમાયો હતો તે કોણ કહે છે સસ્તી હતી? તેની શેરદિલીનું સૌથી ઉત્કૃષ્ટ ઉદાહરણ તો એ હતું કે એક ડૂબેલી સબમરીનને બચાવવા તેણે ખુદ પોતાને ટોર્પીડોમાંથી ફોડાવ્યો હતો! આવા અફસરના હાથ નીચે તાલીમ પામવા યુવાનહૃદયો તલપાપડ બને એમાં નવાઇ શી? શું બિલનું સદ્‌ભાગ્ય ઓછું હતું?

'જેને સહીસલામતી જોઇતી હોય તે ખુશીથી સ્કાઉટ ટુકડીમાં જોડાઈ જાય, અને જેને જોખમદારી જરા યે ન પાલવતી હોય તે માદરવતન ભેગો થઇ જાય! રૂપેરી બાજોના મારા સૌથી જૂના ગોઠિયાઓમાં હજુ મને શ્રદ્ધા છે ને તેથી યે મારૂં કામ તો ચાલશે!' અકળાતે ચહેરે એ શબ્દો કાઢી, જાકિટનાં બટન ભીડતો કર્નલ ગુસ્સામાં રેડીરૂમમાંથી બહાર ચાલ્યો ગયો.

ન કોઇ હાલ્યુંચાલ્યું કે ન કોઇએ ચૂંકાર પણ કર્યો. આર્નોલ્ડ જતાં બધી આંખો બિલને તાકી રહી. ટીકાઓનો ગણગણાટ પણ તેને કાને પડવા લાગ્યો. જિંદગીમાં કદાપિ નહિ એવી કફોડી સ્થિતિમાં બિલ આવી પડ્યો હતો. પોતે જાણે ભારે ગુનેગાર હોય એમ તેને ભાસવા લાગ્યું. સૌથી વધારે અકારૂં તો તેને એ લાગતું હતું કે આર્નોલ્ડે તેને સહીસલામતી શોધતો નામર્દ ધારી લીધો હતો! જે આર્નોલ્ડને આદર્શની મનોમૂર્તિ તરીકે તે હમેશાં મનોમન પૂજતો રહેતો તેનો પોતામાંનો બધો વિશ્વાસ આજ ઊડી ગયો હતો! પણ આટલા સવાલો છતાં યે પોતે કશો ખુલાસો ન કરે તો આર્નોલ્ડ એવો તર્ક બાંધે એમાં દોષ કોનો?

પોતાની બદલીનું કારણ સમજાવવાને બદલે ઉલટી ગેરસમજુત ઊભી કરવાથી મનમાં બળતો બિલ પોતાના ખંડમાં આવ્યો. નળીઓ, બૅટરીઓ ને તારોના ઊભા કરેલા એક જાળા પાસે જઇ તે ફસાઇ પડ્યો. એ જ એ! આની જ ખાતર બિલે પોતાની બદલીની માગણી કરેલી. પોતાના એ પ્રયોગોમાંથી તેને રેડિયો રાહદર્શક ઉપજાવવું હતું જે યંત્રની ત્યારનાં બધાં લડાયક વિમાનોમાં ખોટ હતી. પોતાનો પ્રયોગ સફળ થાય તો રૂપેરી બાજો પર એક નવો આશીર્વાદ ઊતરે એમ હતું. ફુરસદની પળેપળ તે પાછળ ગાળ્યા છતાં જ્યારે તેની સંપૂર્ણતા છેટી ભાસવા માંડી ત્યારે જ તેણે પોતાની બદલી સ્કાઉટ ટુકડીમાં કરાવવાનો વિચાર કરેલો, જેથી વધુ સમય ને વધુ સગવડ મેળવી શકાય.

આજદિન સુધી પોતાના એ ખાનગી પ્રયોગ વિષે બિલે શબ્દ સરખો ક્યાંય ન ઉચ્ચારેલો. થએલું અપમાન તે ગળી ગયો, પણ જેના પર તે હરનિશ આફરીન હતો એ કર્નલ આર્નોલ્ડ સુદ્ધાંનેયે તેણે તેની ઝાંખી થવા ન દીધી. સંપૂર્ણતા લાવ્યા પછી પણ એ રાહદર્શક યંત્રની સફળતા પોતાની જાતે અનુભવ્યા બાદ જ એને જાહેરમાં મૂકવાનો તેનો ઇરાદો હતો. એક કરતાં અનેક સુધારા તેમાં હજુ કરવા પડવાનો સંભવ હતો,—બલ્કે તેનો સંપૂર્ણ નાશ કરી તદ્દન નવેસરથી પણ તેને શરૂ કરવું પડે તેમ હતું.

તેણે એ તારના જાળાને હાથ અડાડ્યો. સહેજ ઝણઝણાટી જણાઇ ને તેના ચહેરાની ફિક્કાશ અને મનનો ઉદ્વેગ બધું ઊડી ગયું. એકલી મહત્ત્વાકાંક્ષા જ રહી. આટલો ભોગ, અને આટલો શ્રમ ક્યારે સાર્થક બને એ એક જ ખાહેશ રાખી તે પોતાના પ્રયોગો પાછળ મંડ્યો.

સ્કાઉટ ટુકડીમાં જોડાઇ, વિમાનોની કામગીરી ખલાસ થતાં બિલ હવે સીધો પોતાના રેડિયો રાહદર્શક પાછળ મંડતો. તેના માટે ચોમેર અનેક ગેરસમજણોના નિતનવા ગપગોળા ઊડ્યા કરતા હતા, પણ અંતરમાં ટાઢી આગ છતાં તે એ બધું સહી લેતો.

બીજે જ મહિને મહાવિગ્રહ ફાટી નીકળ્યો. સારો લડાયક કાફલો પનામા ઊપડવાની તૈયારી કરવા લાગ્યો. બિલના પ્રયોગો પણ પૂરા થઇ ગયા હતા. આણેલી સંપૂર્ણતા સહિત પોતાના યંત્રની અજમાયશ કરવાની જે તક એ જોતો હતો તે તેને હવે હાથવેંતમાં જ જણાઇ.

યુ. એસ. એસ. રેઇન્જર ઊપડી અને ઉપર છત જેમ ચક્રાવા લેતાં વિમાનોનું દરિયાઇ દળ પણ ઊપડ્યું. એક મોટો ધડો આવી લાગતાં ત્યાં જ વિસામો રાખવાનું નક્કી કરી રેઇન્જરે લંગર ફેંક્યું. દુશ્મન કાફલો ત્યાંથી બરાબર પાંચસો માઇલ દૂર હતો. તરત ફ્લાઇટ

ડેક પર ધમપછાડ થવા લાગી. બધાં વિમાનો તૈયાર થયાં. બધા હાથ ક્રિયાશીલ બન્યા. તેલનાં ટાંકાંઓ તથા એન્જિનો તપાસાયાં; નિયામક તારની ચોકસી કરી લેવાઈ; દરેક વિમાની એન્જિનમાંથી નીકળતો અવાજ કાન દઈને સાંભળવા લાગ્યો,–રખેને પોતાની જવાબદારી નીચેના વિમાનને દરિયામાં ગબડવું ન પડે.

હેલ્મેટ અને ગૉગલ્સ ચડાવી આર્નોલ્ડ સીધો નકશા પાસે આવ્યો. રેઇન્જર પાસેની ચાર લાલ ચોકડીઓમાંની ત્રણ તેણે છેકી નાખી. ચારને બદલે રેઇન્જરની મદદે હવે એક જ ડિસ્ટ્રૉયર રાખવાનો તેનો વિચાર હતો; અને એક ડિસ્ટ્રૉયર એંશી વિમાનોનું કામ સહેજે આપી શકતી હોઇ આર્નોલ્ડે કરેલી કરકસર યોગ્યજ હતી.

બધી તૈયારી થઇ ગઇ હતી. 'શ્યૂટ બરાબર સમાલનો બિલ પણ પોતાના સ્કાઉટ વિમાનના કૉકપિટમાં બેસી ગયો હતો. ભણભણાટ કરતી પાંખોનાં કુંડાળાં રચતાં વિમાનો ઊંચે ચડવા લાગ્યાં. ઊંચે બિલનાં સ્કાઉટ વિમાનોની ટુકડી બૉમ્બરોની પાછળ આગે વધી રહી હતી. પણ રૂપેરી બાજો? આર્નોલ્ડની તકેદારી હેઠળ એ ટુકડી તો દુશ્મનોની શોધમાં દૂર ને દૂર ક્ષિતિજમાં ગરક થતી જતી હતી.

હવામાં જેટલી ગરમી સમાએલી હતી તે બધી આજે ફૂટી નીકળી હતી. બિલનાં કપડાં પણ રેબઝેબ બની શરીર સાથે ચોંટી ગયાં હતાં. માથે રૂપેરી વાદળાં ઊન જેમ પથરાઇ રહ્યાં હતાં. પણ દૂરદૂરના આકાશમાં કાળી મેશ જેવી રેખાઓ જામતી જતી હતી ને રૂપેરી બાજો તો અદૃશ્ય થવાની અણી પર આવ્યા હતા. અનેક સંકલ્પવિકલ્પો સાથે તેમને અદૃશ્ય થતા બિલ જોઇ રહ્યો. તેણે વિમાનની ગતિ તપાસી તો સંતોષકારક જણાઇ એટલે વિનોદને ખાતર હેડફોન ચડાવી રેડિયો મારફત મળતા સંદેશા સાંભળવા માંડ્યો.

ઓ પણે રેઇન્જરની બૂમ પડી. એ...ડિસ્ટ્રૉયરનો સંદેશો છૂટ્યો. કોઇ ટૅંકર હવામાન પુછાવતી હતી. બિલે ડાયલ વેઇવલૅંગ્થ પર મૂક્યું. લડાયક વિમાનો શું કરતાં હતાં એ તો જાણી શકાય એમ હતું જ નહિ, કારણ ઊડતી વખતે જ તેમનો બધો વ્યવહાર કાપી નાખવામાં આવેલો એટલે એમની કામગીરી તો એ પોતે જ વળતીઆ થાય ત્યારે જણાવી શકે. પોતાનું રાહદર્શક અજમાવવાની તક મળે તો?...ત્યાં તો રેડિયોના બીજા બધા અવાજોને દાબી દેતો રેઇન્જરનો જરૂરી પયગામ સંભળાયોઃ 'બધાં વિમાનો વિસામા પર આવી જાઓ!'

બધા સ્કાઉટોના હૃદયમાં એ પયગામથી જાણે ભયઘંટ રણકી રહ્યો. સ્ટીમરના બૅરોમીટરે હવામાન પડતું જતું બતાવ્યું હતું એટલે વરસાદનું તોફાન નીકળતાં ડાહી કૂકડી જેમ પોતાનાં બચ્ચાં પાંખમાં સમાવી લે તેમ ભયની આગાહી થતાં બધાં વિમાનોને પોતાની ઓથમાં આવી પહોંચવાની રેઇન્જરની બૂમ પડી હતી એ જ વખતે ક્ષિતિજમાંનાં વાદળાંઓની કાળી રેખા ઘટાટોપ રચતી ઉપર આવી રહી હતી.

જેટલા જેટલા રેડિયોએ એ સંદેશો ઝીલ્યો એ બધાં વિમાનો પાછાં વળવા લાગ્યાં. સ્કાઉટો પાછા વળ્યા. બૉમ્બરોએ પણ દિશા બદલી. નહોતા જણાતા માત્ર આર્નોલ્ડના રૂપેરી બાજો. નીચે ઊતરતાં વિમાનોને લૅન્ડિંગ ગીઅરથી બહાર રાખવાના કામમાં તુતકી ખલાસીઓ લાગી પડ્યા. ત્યાં તો આકાશનો ઘુમટ પાતાળભેદી ગુફા જેવા ભયંકર અંધારભર્યો બની ગયો. કાનના પડદા તોડવા મથતા ગર્જનાના ધડાકા થવા લાગ્યા ને આંખમાં પેસવા પ્રયત્ન કરતી વીજળી તો હૈયાંમાંયે સિસકારો બોલાવવા લાગી. વરસાદ પણ આવ્યો; પણ એ વરસાદ નહોતો; આકાશમાંથી જાણે પાણીના ધોધ છૂટ્યા હતા.

બધા વિમાનીઓ ભીંજેલે કપડે ને ધ્રૂજતે ડીલે રેડીરૂમમાં એકઠા થયા હતા. બધાને ચિંતા હતી રૂપેરી બાજોની જ. આકાશમાંથી વરસતા આ ધોધમાં કોઈ પણ વિમાનની સલામતી લાંબો વખત ન જ ટકે. છેવટ ભલે એ 'શ્યૂટનો આશરો લે. પણ કોણ કહી શકે કે એવા આંધળા ઉડાણમાં તેઓ જમીન પર ઊતરે કે સીધા દરિયામાં?! અવાક્, દિઙ્મૂઢ બનેલા સૌના ચહેરા ને આંખો પરસ્પરને તાકવા લાગ્યાં.

બિલ એક ખૂણામાં એકલો બેઠેલો હતો. તેના તરફ કોઇની નજર પણ ન હતી. કોણ જાણી શકે કે તેના મનમાં કેટલા યે વિચારો દોડી રહ્યા હતા? શું પોતે કર્નલની જ સ્કવૉડ્રનમાંનો એક ન હતો? પોતાની શોધ ખાતર તેણે પોતાની બદલી ન કરાવી હોત તો આજે એ જ નસીબ તેને ફાળે પણ નહોતું આવવાનું? અને હજુ યે શા માટે તેણે પોતાને એમનામાંનો એક ન ગણવો? મનોમન આવું બધું શોચતા બિલનો આર્નોલ્ડ

તરફનો પૂજ્યભાવ ફરી ઉછળી આવ્યો. દોસ્તો સાથેની ખેલદિલી ફરી તાજી થઇ. ભીષણ ભણભણાટથી આકાશ ગજાવી દેતાં ચમકદાર રૂપેરી બાજો તેની આંખની કીકીઓને જાણે ભરી દેવા લાગ્યાં. 'મારે—મારે જ કંઇક કરવું જોઇએ' તે બબડ્યો.

કોઇનું યે ધ્યાન ખેંચ્યા વિના બહાર સરી બિલ પોતાના વિમાન પાસે ગયો. પોતાની નવી શોધ–રેડિયો રાહદર્શકનું યંત્ર અજમાવવાની આથી ઉત્તમ તક બીજી વળી કઇ મળવાની હતી? તે બરોબર જાણતો હતો કે તેની નિષ્ફળતા કે સફળતાની કસોટી પર આજ તેનું જીવન તોળાઇ રહ્યું હતું. નિષ્ફળ નીવડ્યો તો જિંદગીથી હાથ ધોઇ નાખવાના હતા. ને સફળતા પાછળ જિંદગી-ભરની નામના હતી. ધ્રૂજતે હાથે તેણે લૂપ એન્ટેની બેસાડ્યાં. પછી છાનોમાનો જઇને સ્ટીમરના રેડિયો અફસરને બોલાવી લાવ્યો. પોતાના યંત્રની બધી ક્રિયા-પ્રક્રિયાઓ તેને સમજાવી અને પછી તેને લઇને સીધો તે કપ્તાન પાસે પહોંચ્યો. યંત્રની સફળતાનિષ્ફળતાના અનેક સંકલ્પવિકલ્પો તેના મનમાં ઘોળાતા હતા.

કપ્તાન તુતક પર આંટા મારી રહ્યો હતો. તેની આંખો બેબાકળી હતી, હૈયામાં ધ્રાસકો હતો, હોઠો ધ્રૂજતા હતા. 'અઢાર વિમાનો ગુમ!' તે ફફડતો હતો.

'કપ્તાન, હું આર્નોલ્ડને શોધવા ઉપડવાની રજા લેવા આવ્યો છું. 'બિલે પહોંચતાં જ શરૂ કર્યું.

'કોણ તું? બિલ હેસ્ટિંગ્સ! તરંગી રે, તરંગી, છોકરા! તારે પણ શું એ અઢાર વિમાનો સાથે. . . .'

'પણ કપ્તાન,' બિલ વચ્ચે જ બોલી ઊઠ્યો, 'મારા વિમાનમાં મેં રેડિયો રાહદર્શક ગોઠવ્યું છે. લેફ્ટેનન્ટ મૂનને મેં તે બતાવ્યું છે ને તેના ઑપરેટર તરીકે તેઓ પણ આવવાના છે. અમે કોઇ પણ રીતે રસ્તો શોધી શકાશું.'

'મૂન, તું શું કહે છે?' કપ્તાને પૂછ્યું.

'ઓ.કે.' સ્ટીમરના રેડીઓ અફસર મૂને ટૂંકો જવાબ આપ્યો. દસ મિનિટ સુધીની યંત્રની તપાસણી-થી તેને પણ તેની સફળતાની શક્યતા જણાઇ હતી.

'પણ તેં કદી તે અજમાવ્યું છે હેસ્ટિંગ્સ?' આંખમાં આશાના નવા ચમકાર સાથે કપ્તાને પ્રશ્ન કર્યો.

'હા, સાહેબ!' જવાબ આપતાં બિલના હોઠ ધ્રૂજી ઊઠ્યા. કારણ તેનું હૈયું શાખ પૂરતું હતું કે એ જવાબ સાચો ન હતો; છતાં તેને અત્યારે એવો જવાબ જ મહત્ત્વનો લાગેલો.

'સ્મિથ!' બિલનો આ જવાબ સાંભળતાં જ આ-નંદનો ઉદ્રેક માંડમાંડ સમાવતા કપ્તાને ફ્લાઇટ ઑફિસર સ્મિથને બોલાવ્યો. 'બિલ હેસ્ટિંગ્સનું વિમાન તુતક પર ઠેર્યું છે તેમાં તેલ પુરાવી જલદી તૈયાર કરો. બિલ, તું ને મૂન બીજી જરૂરી ગોઠવણો કરી લો. અમે જ્યારે છેલ્લે પાટલે જઇશું ત્યારે તમને ખબર કરશું.'

તૈયાર થએલા વિમાનમાં રેડિયો અને રેડિયો રાહ-દર્શકની બધી યાંત્રિકતા સંપૂર્ણ કામ કરતી હોવાનું ચોક્કસ કરી બિલ ને મૂને પોતાની બેઠક સંભાળી ને કપ્તાનના 'ગુડલક!'ના આશીર્વચન સાથે તેઓ ઊડી નીકળ્યા.

બિલ આજ પહેલી જ વખત પોતાની જોખમ-દારીએ ઊડ્યો હતો. સાહસ તો હતું જ, ને વિનાશનો પણ ભય પૂરો હતો. પણ તેને તો પોતાને એ સાહસના મળતા પુરસ્કાર સિવાય કશા વિચાર જ નહોતા આ-વતા. જેમાં સપડાઇ ઘણા યે વિમાનીઓએ જિંદગીથી હાથ ધોઇ નાખેલા, એવી વરસાદની કાળી દિવાલ તે ભેદ્યો જતો હતો. તેના ઉત્સાહ ને મૂનના આશ્ચર્ય વચ્ચે પહેલે પ્રયોગે જ રાહદર્શક સફળ પુરવાર થયું હતું. દુશ્મન કાફલાને રસ્તે જ તેઓ આગળ વધતા હતા, કારણ આર્નોલ્ડના રૂપેરી બાજો એટલામાં જ ક્યાંક આંધળા ચક્રાવા લેતા હશે એમ તેઓનું અનુમાન હતું. કાળા અંધારામાં કોઇ વિમાન તેમના વિમાન સાથે અથડાઇ પડે તો? એમ બને તો નહિ જ, છતાં બનવું અસંભવિત ન હતું.

વરસાદના જેવા તેવા દુર્ગમ પડ વચ્ચે બિલનું વિમાન ધમધમાટ કરતું આગળ વધ્યે જતું હતું. એક, બે, ત્રણ એમ કલાક વીતતા ગયા અને તે પંથ કાપતો રહ્યો. એક સરખી બેઠકથી તેનું શરીર અકડાઇ ગયું હતું ને આંખોમાં યે બળતરા ઊપડી હતી. એવી જ સ્થિતિ મૂનની હતી. પણ બંનેને તેની ખેવના નહોતી. એમની આંખો, કાન, હાથ, શરીરની શિરાએ શિરા જાણે એક જ લક્ષ ઉપર કેન્દ્રિત થઇ ચોંટી ગઇ હતી.

આગળ ને આગળ કાળમુખા ઘટાટોપમાં એ વધી રહ્યા હતા. બીજી થોડી મિનિટો પસાર થઇ ને ત્યાં તો જાણે કિસ્મતની દગાબાજી શરૂ થઇ. એન્જિન એક તદ્દન વિચિત્રપ્રકારનો અવાજ છોડવા લાગ્યું. બિલે ટાકોમીટર

ખોલી જોયું. સો આંટાનો ફેર! કોને દોષ દેવા બેસવું?

'કેમ?' મૂન બોલ્યો, 'ખાસ વાંધા જેવું તો નથી ને?'

'ફક્ત એટલું જ મૂન, કે રેઈન્જરનો કપ્તાન કદાચ સાચો ઠરે! ઓગણીસ વિમાનો ગુમ, તે કાલે પોકારતો હશે! એક સિલિન્ડર તો ઠર્યું ને વખત વીત્યે બીજાં યે ઠરતાં આવશે. સદ્ભાગ્ય કે કમભાગ્ય જે ગણો તે આવી પહોંચ્યું છે.'

ત્યાં તો મૂન હર્ષાવેશમાં અરધો ઊભો થઇ ગયો. થોડે જ દૂર તેણે બિલનું ધ્યાન ખેંચ્યું. એ જ. આંધળા ચક્કાવા લેતા 'રૂપેરી બાજો' રેડિયો રાહદર્શકના પ્રકાશમાં સ્પષ્ટ જણાતા હતા.

'મૂન, કિસ્મત તો સવળું લાગે છે. પણ એમને ચેતવવા શી રીતે?' બિલ બોલ્યો. ત્યાં તો ઝીણી ધ્રુજારી સાથે હવાઇ ગયેલું બીજું સિલિન્ડર પણ ખોટું થયું. ટાકોમીટરમાં બસો આંટાનો ફેર પડ્યો!

'જલદી મૂન, નહિતર આપણા બધાની કયામત અહીં જ આવી પહોંચશે. અને આર્નોલ્ડની ટુકડી પાસે હવે ઝાઝું પેટ્રોલ પણ ન હોવું જોઇએ.'

બિલ આ બોલી ન રહ્યો ત્યાં તો મૂને વિમાનના પતરા પર પ્રહાર કરી મોટા અવાજ કરવા માંડ્યો. થોડી વાર તો ગર્જનાઓ ને તેના પડઘાઓમાં એ અવાજ દબાઇ રહ્યો, પણ પછી તો તદ્દન સ્પષ્ટ થયો ને એમ થતાં જ બેએક વિમાનોનાં મોરાં ફર્યાં. બિલે રેઇન્જરનો વાવટો રાહદર્શક પાસે ગોઠવ્યો. પ્રતિકૂળ બનેલી કિસ્મતે આ વખતે સારો સહારો આપ્યો. બધા રૂપેરી બાજોના મોરા ફર્યા ને આગળ બિલ તથા મૂન અને પાછળ રૂપેરી બાજોનો દોરાતો કાફલો એમ આખી કતાર ઘેરા આકાશમાં ધપવા લાગી. શિકાર હાથમાંથી જતાં જાણે પ્રલયંકર તોફાન વધુ ગુસ્સે ભરાયું હોય તેમ વરસાદની ધારો વધુ જાડી બની ને અંધારૂં વધુ ઘેરૂં બન્યું.

પણ આશાનો અજબ સંચાર પામેલાં વિમાનોને હવે એ કશાની પરવા નહોતી. તોફાનના બધા ધમપછાડાને સોંસરાં વીંધતાં એ શીઘ્રાં, સુદૃઢ વેગે રેઇન્જરની દિશામાં ધપી રહ્યાં હતાં.

થોડા કલાક બાદ વરસાદ બંધ પડ્યો ને નાસતાં વાદળાં વચ્ચેથી સોનેરી થાળ જેવો સૂરજ ઝબકી નીકળ્યો ત્યારે રેઇન્જરનો બધો સ્ટાફ રેડીરૂમમાં કૅાફી પીવા એકઠો થએલો.

'બિલ, તું એ તૂતમાં વળી ક્યારથી પડેલો?' કૅાફીનો કપ ઉપાડતાં આશ્ચર્યચકિત આર્નોલ્ડે પૂછ્યું.

'કેમ વળી, સ્કાઉટ ટુકડીમાં બદલી કરાવતી વખત થાસ્તો!' હસતાં હસતાં બિલે કહ્યું.

'અરે, એના રેડિયો રાહદર્શકે તો રંગ રાખ્યો છે. અમે તો તમારી આશા છોડીને જ બેઠા હતા!' રેઇન્જરનો કપ્તાન બોલ્યો.

'ખરેખર, અમારી આશા મૂકવી જ પડત. અમારી પાસે પેટ્રોલ કંઈ સિલિકમાં હતું નહિ ને અમે ક્યાં ઊડતા હતા તેની ગતાગમ પણ ન હતી. ને ત્યારે બબ્બે સિલિન્ડરો ઠરવા છતાં તેણે સાચવી રાખેલી દૃઢતા ને દિલેરીની તો કૅબીનમાં મને મૂને વાત કરી ત્યારે ખબર પડી.

અને બિલ, હું ખુશી છું કે મારો એ મત ખોટો ઠર્યો છે. પણ જ્યારથી રૂપેરી બાજોથી તું નોખો પડ્યો ત્યારથી તારૂં ભવિષ્ય ફરી મારી ટુકડી સાથે જોડવાની મારી બધી ઇચ્છાઓને મેં રૂખસદ આપી દીધેલી. આજ મને સહર્ષ જાહેર કરવાની તક મળે છે કે મારી ટુકડીમાં આજ દિવસ સુધીમાં કોઇ નામર્દ સંઘરાયો નથી. ભવિષ્યની કામગીરીમાં, બિલ, હું તારો સાથ માગું છું. તારા વિષે મેં જે ન જાણેલું તે મૂન અને કપ્તાન પાસેથી હું જાણી ચૂક્યો છું. તારી એ કામચલાઉ નામર્દાઇએ તો મને નવી આશાઓ આપી છે!'

રૂપેરી બાજોના બધા પાયલટોના મોંમાંથી સરતા 'આફ્રીન'ના પોકારોમાં બિલ પોતાના જીવનની ધન્યતા માપવા લાગ્યો ત્યાં આર્નોલ્ડના આખરી શબ્દો સર્યા:

'અને તારા સાહસ ને લડાયક વિમાનો બાબેની શોધની પૂરતી કદર બુઝાય તે માટે હું સરકારમાં પણ લખાણ કરી દઉં છું. તારૂં કશું અબૂઝયું ન રહેવું જોઇએ.'

ને એ શબ્દે શબ્દે ઊઠતી અકથ્ય લાગણીઓ વચ્ચે અટવાએલો બિલ તંદ્રા અનુભવવા લાગ્યો હતો.


(સૂચિત)

'રોનિન'



અવાજના અજબ અખતરા

પાણી ભરેલા હોજમાં કાંકરી નાખતાં કે છબછબિયાં કરતાં તેનાં મોજાં જેમ ફેલાઇને સામે કાંઠે અથડાઇ પાછાં ફરે છે એ જ રીતે અવાજનાં પણ હવામાં આંદોલનો થયા કરે છે અને તેમનું પુનરાવર્તન પણ થાય છે એ આપણે પડઘાઓ પરથી જાણીએ છીએ. પરંતુ અવાજનાં મોજાં આ રીતે એકલી હવામાં જ નહિ પણ નક્કર વસ્તુઓમાંથી પણ પસાર થઇ શકે છે એ અજબ વાતની ખાતરી તમને ઉપર જણાવેલા અખતરાઓથી થશે. એક નાનો જ દાખલો. જમણી તરફ નીચે છેલ્લા ચિત્રમાં બતાવ્યા પ્રમાણે એક ચમચાને દોરી બાંધી તેના બે છેડા બે કાને લગાડી ચમચાને ટેબલ કે બીજી કોઇ વસ્તુ જોડે અથડાવા દો. દોરી વાટે સીધો કાનમાં પહોંચતો એ અવાજ હવાદ્વારા આવતા અવાજ કરતાં ઘણો વધારે લાગશે; કારણકે એ મોજાં હવાદ્વારા પસરતાં વિખરાઇ જતાં હોવાથી તેમની સ્વરવહનશક્તિ ઘટી જાય છે. ઘરગથ્થુ ટેલીફોનની રમત તો ઘણાએ કદાચ અજમાવી હશે. પતરાંની બે ડબીનાં તળિયાં કાઢી તેને સ્થાને જાડો ચીકણો કાગળ ચોડી તેના કાણામાં દોરીના ગાંઠ મારેલા બે છેડા ભરાવી દો. એવા ટેલીફોનથી ૩૦-૪૦ ફૂટ દૂર સુધી પણ અવાજ સાંભળી શકાય છે; માત્ર ધ્યાન એટલું રાખવું કે દોરી બરાબર તંગ રહેવી જોઇએ. ઉપલા જમણા ચિત્રમાં બતાવ્યા પ્રમાણે તમારા કાન આડા બે હાથ દઇ તેના ઉપરથી માથા ફરતી દોરી વીંટાળી કોઇ માઇબંધ પાસે દોરી પર ટમકારા મરાવશો. કાનમાં જબરો અવાજ સંભળાશે, જ્યારે હવામાંથી આવતા દોરીના એવા ટમકારા નથી પણ સંભળાતા. ન.નોસરબો ચીપીઓ જરા અફાળી તમારા હોઠે અડાડવાથી વીજળીના મંદ આંચકા જેવી ધ્રુજારી અનુભવશો. એમાં પણ આ જ સિદ્ધાંત. ઘરમાં જો મોટો કોડો કે શંખ હોય તો એને અમસ્તો જ કાને લગાડી રાખવાથી દરિયાકિનારે અફળાતાં મોજાં જેવો અવાજ અનુભવશો, કારણકે શંખ, કોડા વગેરે છીપાળા પદાર્થોમાં અવાજનાં આંદોલનો ઝડપી લેવાનો ખાસ ગુણ હોય છે. અને તેથી હવામાં ચાલુ વહ્યા કરતાં જે આંદોલનો આપણે સાંભળી નથી શકતા તેનો ધીમો ધ્રુઘવાટ શંખ વાટે આપણને મળે છે. આની ખાતરી કરવી હોય તો કોઇ શાન્ત બંધ ઓરડામાં શંખ કાને લગાડજો; કાંઇ નહિ સંભળાય. શંખને બદલે હાથની પોલી મૂઠી વાળી કાને અડાડવાથી પણ એવો મંદ ધ્રુઘવાટ સંભળાશે. ઘરબેઠા આવા તો ઘણા અખતરા કરી શકો.



જીવનનું પરોઢ

દક્ષિણ આફ્રિકાના ફીનિક્સ આશ્રમની વાત

જે આ લેખમાળાનું કથાધ્યેય છે તે—ખરો વિષય—શરૂ કરતો હપતો

૫ પિતા અને કાકા

કાકાઓને હાથે ભત્રીજાઓનું ઘડતર એ કંઇક અમારા કુળની પરંપરા જ જણાય છે. ઓતાબાપાને પ્રગતિને પંથે તેમના દમા કાકાએ પગલાં મંડાવ્યાં; મારા દાદા ખુશાલચંદ ગાંધીનું ઘડતર તેમના કબા કાકાને હાથે થયું; મારા પિતા અને કાકાના જીવનના કર્ણધાર શરૂથી આખર સુધી એમના મોહનદાસ કાકા રહ્યા; અને મારી કેળવણીના પાયા મારા મગનલાલ કાકાને હાથે જ નખાયા. મારી સ્થિતિ તો એવી છે કે પિતા શબ્દના ઉચ્ચારની સાથે જ મારી નજર સામે પિતા—કાકાનું ભ્રાતૃયુગલ ખડું થઈ જાય છે.

આટલું લખ્યા પછી પિતાશ્રી અને મગનકાકાના સાહચર્ય, સહજીવન, સહશિક્ષણ વગેરે વિષે વધુ લખવાની કે તેમના વિશિષ્ટ જીવનપ્રસંગો આપવાની જરૂર રહેતી નથી. જે ઘરમાં બાળક કાકાને પિતા સમજે એ ઘરમાં પિતા અને કાકાનાં શક્તિ ને સ્વભાવ ગમે એટલાં ભિન્નભિન્ન હોવા છતાં બંને ભાઇ એકજીવ હોય જ એ સહુ કોઇ સમજી શકે. અને એમાં જે વધુ પ્રાણવાન હોય તેને જ ઘરનાં બીજાં જાણ્યેઅજાણ્યે અનુસરે, એ પણ સહેજે કલ્પી શકાય એવું છે.

બાળ વયથી જ મારા પિતાશ્રી શાંત, ઠંડા અને 'નિશાળમાંથી નીસરી જવું પાંસરૂં ઘેર' એ સ્વભાવના. જ્યારે મગનકાકા તીખા, ભારાડી, ઘરમાં, પોળમાં અને ગામમાં રોજ કંઇ ને કંઇ નવું તોફાન જગાવનારા, દિવસ આખો ઉથલપાથલ કરતા રહેનારા તથા કોઇના હાથમાં ઝાલ્યા ન રહે એવા સ્વભાવના હતા. મોટા થયા અને હાઇસ્કૂલમાં ભણવા લાગ્યા ત્યારે પિતાશ્રી ઘેર આવી કલાકો સુધી પોતાના પાઠો તૈયાર કરતા અને મોટાબાપુજીના કામમાં નાનીમોટી મદદ કરતા. ખરીદીનું ને હિસાબ રાખવાનું કામ પણ તેઓ કરતા. સાંજ પડ્યે આઘે ફરવા જતા ને દેવદર્શન કરી પાછા આવતા. મેદાની રમતોમાં તેમને રસ ન હતો. તેમનું શરીર પણ નબળું રહેતું. જ્યારે મગનકાકા અખાડેબાજ બન્યા હતા. નિશાળમાંથી નીકળ્યા પછી તેઓ ચોપડી હાથમાં ભૂલેચૂકે ય ન લેતા. માસ્તર શીખવે ત્યારે ધ્યાન દઇ મગજમાં ઉતારી લે એટલું જ એમનું ભણતર. સાંજે જાતજાતની કસરતો, દૂડતત, આંધળો પાડો, આમલીપીપળી વગેરે રમતો અને ધીંગામસ્તી તેઓ કરતા. પછી રબારીવાડે જઇ શેર સવાશેર શેડકઢું દૂધ પી જતા. મોટાબાપુજીના ઘોડા અને તમંચા છૂટથી વાપરતા. કોઇથી યે ગાંજ્યા જાય એવા તેઓ નહોતા. શરીર ખરેખર કાઠિયાવાડી જોદ્ધા જેવું હતું.

ઇ.સ. ૧૯૦૦માં પિતાશ્રી મૅટ્રિકની પરીક્ષા આપવા મુંબાઇ ગયા, પણ નાપાસ થયા. ત્યાર પછીને વરસે અમદાવાદમાં પરીક્ષા આપી. આ વેળા તેમની સાથે મગનકાકા પણ હતા. પિતાશ્રી પાસ થયા અને મગનકાકા નાપાસ થયા. આમ મગનકાકાને પણ મૅટ્રિક થવા પાછળ બીજું વરસ બગાડવું પડ્યું. પિતાશ્રીને અમદાવાદની ગુજરાત કૉલેજમાં દાખલ થઇ આગળ ભણવાની બહુ હોંશ હતી; પરંતુ આર્થિક સ્થિતિ તદ્દન પ્રતિકૂળ હતી, એટલે ગ્રૅજ્યુએટ થવાની હોંશ મનમાં દાબી દઇ ઘરનો બોજો હળવો કરવા કમાણીની ચિંતામાં પડવું પડ્યું. તેમણે રાજકોટના પોલિટિકલ એજંટની ઑફિસમાં ઉમેદવારીની અરજી આપી અને ખાનગી ટ્યૂશનનું કામ પણ આરંભ્યું. આજે સરકારી નોકરીના એકાદ ખાલી સ્થાન ઉપર ગ્રૅજ્યુએટો અને દોઢ ગ્રૅજ્યુએટોની હજાર હજાર અરજીઓ પડે છે પણ પાંત્રીસ વરસ પહેલાં તેવું ન હતું. એટલે એ અરજી મંજૂર થઇ અને તેઓ પોલિટિકલ ઑફિસમાં ઉમેદવાર તરીકે કામ કરતા થઈ ગયા.

બરાબર આ જ અરસામાં બાપુજીએ રાજકોટમાં વકીલાત જમાવવાનો પ્રયાસ કર્યો અને પિતાશ્રીને તેમના પ્રસંગમાં આવવાની તક મળી. તેમને બાપુજીનું પહેલવેલું સ્મરણ બાપુજી વિલાયતથી બૅરિસ્ટર થઇને આવ્યા ત્યારનું છે. અને તે એટલું જ કે એક મોટી

નાત થએલી તેમાં સૌને બાપુજીએ પીરસેલું ને પોતે તેમાં જમવા ગએલા. એ નાત તે, ચુસ્તપક્ષને શાંત કરવા બાપુજીના મોટાભાઇએ તેમની નાસિકમાં શુદ્ધિ કર્યા પછી જમાડેલી નાત હતી. ત્યારે પિતાશ્રીની ઉમર દસેક વરસની અને મગનકાકાની આઠ વરસની હતી. બાપુજી કરતાં બંને અનુક્રમે બાર અને ચૌદ વરસ નાના.

બાપુજી સાથેનો બીજો પ્રસંગ જે પિતાશ્રીને સારી પેઠે યાદ છે તે લીલા ચોપાનિયાનો. હજારો ચોપાનિયાંની નકલો બીડવામાં અને તેનાં સરનામાં કરવામાં તેમણે મદદ આપેલી. બાપુજીને ડરબન ઊતરતાં જીવલેણ હુમલો થવાનું નિમિત્ત જે બનેલાં એ જ એ ચોપાનિયાં. ત્રીજી વારનો અને હમેશનો થઇ પડનારો પ્રસંગ તે આ મૅટ્રિક થયા પછીનો. આ સમયે બાપુજી ૩૩ વરસના હતા. આ સંબંધ કેવી રીતે જામતો આવ્યો તેનું વર્ણન કરવાને બદલે પિતાશ્રીની જૂની નોંધપોથીનાં એકબે પાનાં હાથ આવી ગયાં છે તેમાંથી જ થોડાં ટાંચણો ઉતારૂં:

તા. ૧૪-૧૨-૦૧ મોહનદાસ કાકા(આખું ઘર)નાતાલથી પોરબંદર ઊતરી રાજકોટ આવ્યા.

તા. ૧૭-૧૨-૦૧ મોહનદાસ કાકા કલકત્તે ગયા.

તા ૧૯ ૧૨ ૦૧ હું પાસ થયાનો તાર આવ્યો.

તા. ૧૬-૧-૦૨ D. A. P. A. દ્વારા એજંસીમાં દાખલ થવાની અરજી આપી.

તા. ૨૫-૧-૦૨ અરજી મંજૂર થઇ ઑફિસે જવા માંડ્યું.

તા. ૨૬-૨-૦૨ કલકત્તેથી મોહનદાસ કાકા આવ્યા.

તા. ૪—૩-૦૨ મોહનદાસ કાકાના ટાઇપરાઇટર પર ટાઇપિંગ શીખવું શરૂ કર્યું.

તા. ૧૪-૩-૦૨ શૉર્ટહૅન્ડ શરૂ કર્યું. એજંસીમાં જવું બંધ કર્યું.

તા. ૧૮-૩-૦૨ મોહનદાસ કાકા સાથે જામનગર કેસ માટે ગયો.

તા. ૩—૪-૦૨ મોહનદાસ કાકા સાથે વેરાવળ વડિયાના કેસ માટે ગયો; ત્યાં પ્રભાસપાટણ વગેરે જોયું.

તા. ૬—૪-૦૨ વેરાવળથી પાછા આવ્યા.

તા. ૩૦-૬-૦૨ મોહનદાસ કાકાનું મુંબઈ જવાનું નક્કી થયું.

તા. ૫—૭-૦૨ મોહનદાસ કાકાએ પ્લેગ કમિટીનો ફાઇનલ રિપોર્ટ આપ્યો.

તા. ૭—૭-૦૨ પોરબંદરના શેઠ દાદા અને અબ્દુલ્લા મોહનદાસ કાકાને મળવા આવ્યા; તેમને ઉતારવા સ્ટેશને ગયો.

તા. ૮—૭-૦૨ મોહનદાસ કાકા શહેર સુધરાઇ સમિતિના કામમાં રોકાયા.

તા. ૯—૭-૦૨ દાદા શેઠ અને અબ્દુલ્લા શેઠ પાછા પોરબંદર ગયા.

તા. ૧૦ ૭-૦૨ મુંબઇ જવાને મો. કાકા સાથે નીકળ્યો. ગોકળદાસ(બાપુજીના ભાણેજ) બનારસ, ને હરિલાલ ગોંડળ ભણવા ગયા.

તા. ૧૧-૭-૦૨ મુંબઈ પહોંચ્યા. રેવાશંકરભાઇના માટુંગાના બંગલામાં ઊતર્યાં.

વાચકને કદાચ આ તારીખો શુષ્ક લાગશે, પણ એ તારીખોમાં બાપુજીનો ઇતિહાસ ભર્યો છે એટલે જ મેં તે અહીં ઉતારવાની હિંમત કરી છે. આત્મકથા ઝીણવટથી વાંચનાર રસિયાઓને આ ઉપરથી જાણવાનું મળશે કે બીલકુલ નોંધ વિના કેવળ સ્મૃતિને આધારે બાપુજીએ પોતાના જીવનવૃત્તાંતનો કાળક્રમ પણ કેટલો બધો વ્યવસ્થિત આપ્યો છે! વળી ઉપલી નોંધ પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે મારા પિતાશ્રી એકાએક બાપુજીના સમાગમમાં આવતાંની સાથે તેમના પ્રવાહમાં કેટલા બધા વહી ગયા છે. એ સમયે 'જીવનનું ધ્યેય' 'દેશસેવા' આદર્શ જીવન' વગેરે વાક્યપ્રયોગો પિતાશ્રીને કાને પણ નહિ પડ્યા હોય. બાપુજીના પોતાના ચિત્તમાં પણ તે બધું ઊંડે ઊંડે માત્ર અંકુર રૂપ હતું. એટલે નિઃશ્રેયસનો વિચાર કરી પિતાશ્રી બાપુ સાથે જોડાયા એમ ન કહી શકાય, પણ પ્રારંભથી જ બાપુજીનો જીવનપ્રવાહ એટલો ઓજસ્વી હતો કે જે કોઇ તેમના સંબંધમાં આવે એ તેમની પાછળ તણાવા જ લાગતા. ગંગાના વેગવાન પ્રવાહમાં નાના સરખા ઝરણાનો જેમ પત્તો ન લાગે તેમ આ પછી પિતાજીનું જુદું જીવન રહ્યું જ નહિ. તેમનું વ્યક્તિત્વ જ બાપુજીમાં લુપ્ત થયું.

જુલાઇથી નવેંબર સુધી બાપુજીએ મુંબઇમાં વકીલાત કરી. બાપુજીને કેસમાં કે અરજીમાં જે મહેનતાણું મળે તેના અનુપાતે પિતાજીને તેમની કારકુન તરીકેની ફી મળતી. પાંચ મહીના બાદ અણધાર્યા બાપુજી નાતાલ ગયા ત્યારે બે મહીનામાં પાછા ફરવાની તેમની

ગણત્રી હોવાથી, ઑફિસ ચાલુ રાખી તેને સંભાળવા તથા પૂજ્ય બા પાસે રહેવા અને મણિલાલ કાકાને ભણાવવા પિતાશ્રીને માસિક પગારે તેઓ ગોઠવતા ગયા. મણિલાલ કાકા છાત્રાલયમાં મૂકવા જેવડા નહોતા થયા અને રામદાસ કાકા તથા દેવદાસ કાકા ભણવા જેવડા યે ન હતા. હરિલાલ કાકાને કાઠિયાવાડની બોર્ડિંગમાં પહેલેથી જ દાખલ કરેલા એ ઉપરની નોંધમાંથી જણાય છે.

મગનકાકા ૧૯૦૨ના નવેંબરમાં બીજી વાર અમદાવાદમાં પરીક્ષા આપી સીધા મુંબાઇ ગયા. ભવિષ્યમાં શા ધંધે વળગવું એ ચર્ચા માટે બાપુજીએ તેમને નોતર્યા હતા, અને તેમને મુંબાઇ જોવું યે હતું. એક અઠવાડિયા પૂરતા જ તેઓ ત્યાં ગએલા. એમને સદ્‌ભાગ્યે એ જ વખતે બાપુજીને દક્ષિણ આફ્રિકા જવા બાબત તાર મળ્યો. મગન કાકાને મુંબાઇ કે કાઠિયાવાડમાં શું કામ મળશે એની હજુ કલ્પના યે ન હતી, એટલે બાપુજીએ તેમને કહ્યું 'ચાલો મારી સાથે આવતા હો તો લઇ જાઉં.'

મ૦—પણ હજુ તો મારૂં પરીક્ષાનું પરિણામ નથી આવ્યું ને?

બાપુ૦— તેની શી ફિકર છે? ભણ્યા એટલું ઘણું, પાસ થવા ન થવા પાછળ કાંઇ વરસો બગાડાય? પાસ થશો તો યે ધંધો શોધવાનો છે જ ને? અહિં નાની સૂની નોકરી શોધવા કરતાં પરદેશ ખેડવો સારો. ત્યાં ખૂબ આગળ વધાય. શક્તિ સાહસ અને અનુભવ પણ વધે.

મ૦—પરીક્ષાનું 'રિઝલ્ટ' જાણવાની આતુરતા રહે; બાકી મને આપની સાથે આવવું બહુ ગમે. હું તૈયાર છું. રાજકોટ જઇ આવવા જેટલો વખત છે?

બાપુ૦—ના. હું ખુશાલભાઇની રજા મંગાવી લઉં છું.

બાપુજીએ મોટા બાપુજી ઉપર તાર કર્યો: 'જો તમારી અને દેવભાભીની રજા હોય તો હું મગનલાલને દક્ષિણ આફ્રિકા લઇ જવા ઇચ્છું છું.' મોટા બાપુજીએ તુરત જ જવાબ વાળ્યો: 'તમને ઉચિત લાગતું હોય અને મગનલાલ આવવા રાજી હોય તો જરૂર લઇ જાઓ.' અને માતપિતાને મળ્યા વિના મગનકાકા બાપુજી સાથે પરદેશ જવા ઉપડી ગયા. તેમની પાસે પૂરાં કપડાં યે ન હતાં. પરીક્ષા આપવા જનાર પાસે કેટલુંક હોય? તેમને માટે પ્રવાસમાં આવશ્યક વસ્તુઓ પિતાશ્રીએ ભેળી કરી આપી બાપુજી સાથે વિદાય આપી.

નાતાલ પહોંચી બાપુજી થોડાક જ દિવસમાં ટ્રાન્સવાલ જવા ઉપડી ગયા અને મગન કાકાને તેમણે ડરબનથી ત્રીસેક માઇલ દૂર આવેલા ટોંગાટ નામના ગામડામાં મોકલ્યા. નાતાલના મૂળ વતની ઝૂલૂ જાતિના લોકો વચ્ચે ગોરાઓ કરતાં હિંદી વેપારીઓની અને ખાસ કરીને ગુજરાતીઓની દુકાનદારી ઠીક જામેલી. ટોંગાટ, સ્ટેંગર વગેરે ઝૂલૂઓની વસ્તીમાં મુખ્ય કેંદ્રમાં પહોંચી જઇ કરમચંદ બાપાથી નાના ભાઇ તુલસીદાસ ગાંધીના પૌત્ર અભેચંદ ગાંધીએ ચારપાંચ વરસ ઉપર ત્યાં દુકાન નાખી હતી. તેમના નાના ભાઇ આણંદલાલ ગાંધી, ઓતા બાપાના ચોથા પુત્ર રતનજી ગાંધીના પૌત્ર કાળીદાસ ગાંધી અને કાઠિયાવાડના બીજા બે મિત્રો એ દુકાનમાં ભાગીદાર હતા. મગનલાલ કાકા એ જ પેઢીમાં એક નવા ભાગીદાર તરીકે જોડાયા. નવા ભાગીદારને ચારગણું વૈતરૂં કરવું પડે. મગનકાકાને પણ જતાંની સાથે જ ઠીકઠીક મહેનત, સાહસ અને વેપારી આંટીઘૂંટી પાછળ મગજમારી કરવી પડી. પરંતુ ટૂંક મુદતમાં તે દુકાનદારી શીખી ગયા અને ટોંગાટથી પણ દૂર એક ગામડામાં અને પછી સ્ટેંગર પાસે ગાઢ જંગલમાં આવેલી દુકાનમાં કામ કરવા ગયા. સ્ટેંગરમાં ગયા ત્યાં સુધી તેમને ઝૂલૂ બોલી આવડતી ન હતી. ઊંચા પડછંદ જેવા કાળાકાળા માણસો ધરતી ધ્રુજાવતા દુકાનમાં પગલું મૂકતા ત્યારે તેમની છાતી થડક થડક થવા લાગતી ને પોતાનું કાઠિયાવાડનું કસરતી શરીર પણ નાજુકડું ભાસતું, છતાં હિંમત રાખી રહ્યા. તેમની સાથે બીજા બે જણ હતા તે પણ નવાસવા જ હતા. ત્રણે ય એકબીજાની ઓથે સાહસપૂર્વક દિવસ રાત ગાળવા લાગ્યા અને થોડીઘણી કમાણી પણ કરવા લાગ્યા.

બાપુજીને દક્ષિણ આફ્રિકા ગયે ચારેક મહીના પૂરા થયા ત્યારે તેમનો ત્યાં રહેવાના નિર્ણયનો કાગળ આવ્યો અને પિતાશ્રીએ મુંબાઇની તેમની ઑફિસ વગેરે સમેટ્યું. ત્યાર પછી પણ આખું વરસ પૂરૂં થયું ત્યાં સુધી, એટલે કે ૧૯૦૩ના ડિસેંબર સુધી પિતાશ્રી પૂજ્ય બા સાથે રહ્યા; પરંતુ વગરકામે અથવા સાવ ઓછે કામે બેસી રહેવું અને પગાર લેતા રહેવું ભારરૂપ લાગ્યું એટલે બા પાસેથી છૂટા પડી પિતાશ્રીએ કોઈ સૉલિસિટરની ઑફિસમાં નોકરી શોધી કાઢી. ત્યાં નોકરીને બેત્રણ માસ વીત્યા ત્યાં બાપુજીનો જોહાનિસબર્ગથી બા ઉપર, દક્ષિણ આફ્રિકા જઇ ઘરવસાવવા બાબતનો પત્રવ્યવહાર

શરૂ થયો. આ પત્રો લખવાને યે બાપુજીને જોહાનિસબર્ગની પ્લેગનિવારણ વગેરેની ધમાલને અંગે પુરસદ ન મળતી એટલે તેઓ અંગ્રેજીમાં ટાઇપ કરાવેલા મોકલતા અને પિતાશ્રી તે બાને વાંચી સંભળાવતા. આમાંના એક કાગળમાં તેમણે પિતાશ્રીને પણ લખેલું કે ઇચ્છા થાય તો તમે પણ બાની સાથે અહીં આવી જજો.

બાને જવાને હજુ વાર હતી, ત્યાં ટૉંગાટની દુકાનના એક ભાગીદારનો સથવારો મળ્યો, એટલે તેની સાથે પિતાશ્રી ડરબન જવા ઉપડી ગયા,—૧૯૦૪ની અધવચમાં, એટલે કે બાપુજીએ ઇન્ડિયન ઓપીનિયન છાપાને હિંદીઓનું ઉત્તમ વાજીંત્ર બનાવી મૂક્યું હતું એ વખતે તેઓ ત્યાં પહોંચ્યા. ત્યાં જઈ બાપુજી પાસે તો પહોંચાય એમ ન હતું, કારણ ટ્રાન્સવાલની પરમિટ દુર્લભ હતી, એટલે ટૉંગાટ મગનકાકાને મળી આવી તેમણે ડરબનમાં જ ક્યાંક કમાણીનું સાધન શોધવા માંડ્યું. ડરબનના ગુજરાતીઓ વચ્ચે રહેતાં પિતાશ્રીને સહેજે ઇન્ડિયન ઓપીનિયનના સંપાદક શ્રી મદનજી સાથે પરિચય થયો. ત્યાંને હિસાબે પિતાશ્રીનું અંગ્રેજી અને ગુજરાતીનું જ્ઞાન સારૂં ગણાય. તેમણે હિંદુસ્તાનનાં છાપાંઓમાંથી ઇન્ડિયન ઓપીનિયન માટે સાર કાઢી આપવાનું અને અંગ્રેજીનું ગુજરાતી કરી આપવાનું શરૂ કર્યું. મદનજીને એ કામ ગમ્યું અને ધીમેધીમે બધો ભાર પિતાશ્રી ઉપર નાખી પોતે બહારને કામે ફરવા લાગ્યા. આમ પિતાશ્રી ગુજરાતી ઇન્ડિયન ઓપીનિયનના સંપાદક બન્યા અને તેમને મહીને આઠ પાઉંડનો પગાર પણ મળવા લાગ્યો.

બેએક મહીના બાદ બાપુજી કામ પ્રસંગે ડરબન આવ્યા. એક ગુજરાતી મિત્રને ત્યાં તેઓ વાળુ કરવા બેઠા ત્યારે અનેક જણા એકઠા થયા હતા અને નાતાલના વિવિધ પ્રશ્નોની ચર્ચા ચાલતી હતી. એ વેળા પિતાશ્રી સાથે વાત કરતાં બાપુજીએ જણાવ્યું કે 'તમારી પરમિટની મેં તજવીજ કરી છે ને આઠેક દિવસમાં મળી જશે.' પણ ત્યાં તો વચ્ચે જ મદનજીએ કહ્યું, 'છગનલાલને ટ્રાન્સવાલ લઇ જવાનું શું કામ છે? એ તો ઇ૦ ઓ૦માં કામ કરતા થઇ ગયા છે; અને હું હવે દેશ જવા માગું છું. મારો વિચાર હવે અહીં રહેવાનો નથી.

બાપુજી: તો પછી છાપખાનાનું શું?

મદનજી: છાપું તો વેસ્ટ અને છગનલાલ ચલાવે જ છે; અને તમારી પાસેથી લીધેલી લોનના બદલામાં આખું છાપખાનું તમને સુપરત કરી દઉં છું.

બાપુજી આવ્યા હતા બીજે કામે. એમને તો ટૉંગાટ જઇ તુરત પાછા ફરવું હતું. શ્રી મદનજીના દેશ જવાની તેમને કલ્પના યે ન હતી, ત્યાં આ ધડાકો થયો. એ રાતની ચર્ચાને અંતે એમ ઠર્યું કે શ્રી મદનજી પાસેથી કારભાર સંભાળી લેવો. પ્રેસ અને છાપાની બધી જવાબદારી મિ. વેસ્ટ તથા મારા પિતાશ્રીની રહે. બંને જૉઇન્ટ મૅનેજર. આમ, બાપુજી શ્રી મદનજીનું ઇન્ટરનૅશનલ પ્રિંટિંગ પ્રેસ જેમાં ઇ૦ ઓ૦ ચોપાનિયું છપાતું હતું તેના માલિક બન્યા તો ખરા, પણ તેમાં દર મહીને આવ્યા કરતી ખોટ તેમને ભારરૂપ લાગી. એ બોજો મગજ પર લઇ તેઓ ટૉંગાટ ગયા. ત્યાં આભેચંદકાકાની દુકાન અને દુકાન પાછળ બનાવેલો નાનો સરખો બગીચો જોયો. બગીચા પાછળ દુકાનદારોની જાતમહેનત જરા યે ન હતી છતાં બાગમાંનાં ઝાડ ફળથી લચી રહ્યાં હતાં તે તરફ બાપુજીનું ધ્યાન ખેંચાયું. એમના મનમાં વિચાર ઊઠ્યો કે આ બધા દુકાન પાછળ ખુવાર થાય છે તેને બદલે મોટી જમીન લઈ ફળબાગ કરે તો વધારે સારૂં. જીવનની કૃત્રિમતા ટળે અને આર્થિક લાભ પણ સારો થાય.

પ્રેસનું આર્થિક નુકશાન ટાળવાનો વિચાર અને ટૉંગાટમાં વસતા કુટુંબીઓને દુકાનદારીને બદલે ખેતીના જીવન તરફ વાળવાની યોજના એમ બે ખ્યાલ મનમાં લઇ તેઓ પ્રેસની વ્યવસ્થા માટે આઠ દિવસમાં પાછા આવવાનું કહી જોહાનિસબર્ગ ઉપડી ગયા. આઠ દિવસ પછી તેઓ જ્યારે ફરી પાછા ડરબન આવવા નીકળ્યા ત્યારે ટ્રેન ઉપડતી વખતે તેમની સાથે સાદા જીવન પર જાતજાતની ચર્ચા કરનારા મિત્ર મિસ્ટર પોલાકે તેમના હાથમાં સર્વોદયનું પુસ્તક મૂક્યું. આ પુસ્તકે બાપુજીના મનમાં ઘોળાઇ રહેલા વિચારોને મૂર્ત સ્વરૂપ આપ્યું. આખી રાત તેમને ઊંઘ ન આવી. તેમણે શહેરી જીવન છોડી ખેડુતનું ગ્રામજીવન ધારણ કરવાનો નિશ્ચય કર્યો.

બીજે દિવસે બાપુજીએ પોતાની કલ્પના અને યોજના પિતાશ્રીને સંભળાવ્યાં અને તેમાં સહકાર કરવાનું આમંત્રણ આપ્યું. આ સંબંધમાં પિતાશ્રી કહે છે કે 'એ આમંત્રણ સ્વીકારતાં પહેલાં મારે મનમાં અનેક ભાંજગડ કરવી પડી. હજુ મને ટ્રાન્સવાલ જવાનો મોહ હતો. કમાવાય એટલું કમાઇ રાજકોટ



છગનલાલ ગાંધી



(આફ્રિકા ગયા તે ઉંમરે) મગનલાલ ગાંધી

મોટા બાપુજીને ધન મોકલવાની અભિલાષા હતી. પણ બીજી તરફ બાપુજીનો પ્રભાવ પડ્યો અને રસ્કિને દર્શાવેલા ઉત્તમ જીવનના આદર્શો સાચા લાગ્યા. ફળ-બાગ બનાવવા મહેનતુ અને સાદું જીવન ગાળવું, છાપા દ્વારા લોકસેવા અને મર્યાદિત કમાણી કરવી, ભાઈઓ સાથે મળીને રહેવું અને સૌથી વિશેષ તો બાપુજીનું સાન્નિધ્ય સાધવું, એ બધું મને બહુ રુચિકર અને કલ્યાણકારી લાગ્યું. એમનો પ્રસ્તાવ મેં કબૂલ્યો. વેસ્ટે પણ કબૂલ્યો. ચારછ દિવસમાં તો બાપુજીએ ફીનિક્સ-વાળી જમીન ખરીદી લીધી અને ત્યાં જવાની તડા-માર તૈયારી ચાલવા લાગી.'

ઇન્ટરનૅશનલ પ્રેસમાં મિ. વેસ્ટને સોળ પાઉન્ડ મળતા. એક હુશિયાર અંગ્રેજ કંપોઝીટરને અઢાર પાઉન્ડ અને બીજાઓને પણ મોટા પગારો મળતા. આ કંપોઝીટરોમાંના એકબેને જ પૂરે પગારે લેવા પડ્યા; બાકી બધાના પગાર ટુંકાવી નાખવામાં આવ્યા. ઘણા તો ડરના થી ફીનિક્સ ન ગયા. જે ગયા તેમાંના બેએક અપવાદ બાદ કરતાં બીજા બધાને ત્રણત્રણ પાઉંડનો પગાર ઠર્યો અને નફો થાય તો બધાનો સરખો ભાગ ઠરાવવામાં આવ્યો.

થોડા દિવસ પછી ફીનિક્સમાં છાપખાના પૂરતું છાપરૂં તૈયાર થઇ ગયું એટલે બાપુજી જોહાનિસબર્ગથી આવ્યા અને આઠદસ દિવસમાં બધું ત્યાં ફેરવી નાખવામાં આવ્યું. ફીનિક્સ પહોંચ્યાને બીજે જ દિવસે ટોંગાટથી મગનકાકા અને આણંદલાલ કાકા ત્યાં આવી પહોંચ્યા. બધા ભેગા થયા ત્યારે રહેવાને ઘર ન હતાં. છાપખાનાનાં મશીનો અને કાગળિયાં માંડ સચવાય એટલું એકનું એક છાપરૂં હતું. તે સિવાય જૂના જમીનમાલિકે નોકરોને રહેવા માટે બે ઓરડીઓ કરાવેલી તે પણ સાવ ખંડિયેર જેવી હતી. ફીનિક્સનો વાસ સાવ જંગલનો હતો. રસોઇ પણ ઘણેભાગે આકાશના છત્ર નીચે કરવી પડતી. સાદી ખીચડી રાંધવામાંયે ઓછો પુરુષાર્થ ન કરવો પડતો. પણ એ બધી વાતો હવે પછી.

(ચાલુ) **પ્રભુદાસ છગનલાલ ગાંધી**

ઉત્તર ગુજરાતની અંબા



સાબરમતી એ ઉત્તર ગુજરાતની અંબા છે. એના નીરમાં મહી નદીનું ગાંભીર્ય કે નર્મદાની રૌદ્રતા નથી. નર્મદાની આમન્યા પાળવી જ પડે; મહીનું માન રાખવું જ જોઇએ; પણ સાબરમતીને તો મન મોકળું મૂકી મળવા દોડાય એવી સરળ હૃદયની એ સહચરી છે. એનાં નીર આમથી તેમ ઓળંગી શકાય, એમાં છબછબિયાં કરી શકાય, એનાં પાણી ડહોળતાં ડહોળતાં લાંબે સુધી જઈ શકાય, એમાં યથેચ્છ નાહી શકાય; અને છતાં એ નાનીસૂની નદી નથી. મહી, તાપી અને નર્મદાની લગભગ સાથે જ બેસી શકે એવી સાબર એ પણ ગુજરાતની મહા નદી છે. ચોમાસાના ચાર માસમાં અજગરની પેઠે આડી પડેલી ગાંડી સાબરને જેણે જોઈ હોય, સામસામા આરાના ગામલોકોને હાથ હલાવીહલાવીને સંજ્ઞા કરતા અને છતાં દિવસો સુધી મળી ન શકતા જેણે દીઠા હોય, પૂર મોળાં પડ્યાં પછી પણ ડરતાં ડરતાં તરાપા કે ગોળી પર એનાં નીર જેણે ઓળંગ્યાં હોય એને મન ભાગ્યે જ શંકા રહે કે સાબર એ મહા નદી છે. છતાં સાબરનું સાચું મહત્ત્વ તો એના હમેશના હૃદય માર્દવમાં છે. વર્ષા વીત્યા બાદ શરદ-ઋતુમાં કેડથી પણ વધારે પાણીમાં રેતીના કણ ગણી લઇએ એવી સાબરની નિર્મળતા જોયા પછી જ એનું સૌન્દર્ય હાડોહાડ ઊતરી જાય.

આ તો થઇ જાણે દૃષ્ટિશોભાની વાત. પણ સાબરનું પાણી ગુણમાં અને પાચનમાં પે એટલું જ હલકું છે. ઉત્તર ગુજરાતના ડુંગરાઓમાં જ્યાં સામાન્ય રીતે પાણી જ ભારે લેખાય છે અને જ્યાંનાં નદી,

સંગમશોભના સાબરમતી



શું? અમદાવાદ આગળ પહોળા છીછરા પટમાં વાંકળા જેવી વહેતી જણાતી ક્ષીણપ્રવાહ સાબરમતીની આ આટલી મુક્ત પ્રશસ્તિ?... હા, એની જ. કમભાગ્ય છે આપણું, શહેરી સંસ્કૃતિની અંધારી આંખે ચડેલાંનું, કે કુદરતની અમોલી બક્ષિશો માણવાની આપણને દૃષ્ટિ નથી, ફુરસદે નથી. અમદાવાદથી ઉપરવાસ થોડાક જ માઈલ પર ગમે ત્યાં જાઓ, એ પ્રસન્નપ્રૌઢ માતાસમી, તંદુરસ્ત અમીભરી અંબાનું શોભન-મનમોહન દર્શન તમને અવશ્ય થશે.

'ખભે ખડિયો' વિભાગ

ઝરણ અને વાંધાંઓના ખરાબ પાણી વિષે કહેતીઓ પ્રચલિત છે ત્યાં પણ સાબરનું પાણી જ ઉત્તમ ગણાય છે. આસપાસનાં ગામડાંના લોકો વાંધાંઓ અને ડુંગરી ઝરણોના પાણીથી પીડાતા હોય અને ત્યાંથી થોડે જ દૂર સાબરકાંઠાના ગામલોકો એવી ફરિયાદથી મુક્ત હોય એ જાણીતી વાત છે.

આ ડુંગરાળ પ્રદેશનાં ગામડાંઓમાં તો સાબર એ શબ્દ જ તંદુરસ્તીનો જીવંત પ્રવાહ હોય એમ લોકો એનો સબહુમાન ઉલ્લેખ કરે છે,—એ નામનો ઉલ્લેખ થતાં જ એનાં પથ્ય પાણીની અણઘડ શબ્દોમાં પ્રશસ્તિ કરે છે. સાબર એ શોભન, મનમોહન નદી છે એ તો કોઈના મનમાં જાણે ઊગેલું જ નથી, પણ એના પાણીમાં તંદુરસ્તીની તાજગી ભરેલી છે એ આબાલ-વૃદ્ધ સૌકોઈ જાણે છે. ક્વચિત કોઈ માનવી લાંબા વખત સુધી માંદુ રહે અને રોગ હઠીલો થઈ જાય તો એને સાબરનું પાણી લાવી પીવડાવે છે અથવા સાબરકાંઠાના ગામડામાં પાણીફેર માટે દરદીને લઈ જાય છે. અને માત્ર ડુંગરી ગામોમાં જ સાબરનાં પાણીની પથ્યતા પૂજાય છે એમ નથી. એ સપાટ પ્રદેશમાં દાખલ થાય છે ત્યાંથી શરૂ કરી છેક અમદાવાદ સુધીનાં અસંખ્ય ગામોનો અગણિત માનવસમુદાય એનાં પાણી પીએ છે. સાબરકાંઠાના કોઈપણ ગામનો આરો જુઓ તો ત્યાં પનિહારીઓ પાણી ભરતી જ હોય—અને તે પણ કાંઠે વીરડા ગાળીને કે કુવા ખોદીને નહિ, પણ સીધા જળપ્રવાહમાંથી જ. એટલે સાબરને સંભારતાં એની શોભા એ તો ગૌણ વસ્તુ બની રહે છે. શોભા અને સૌંદર્ય તો નદીમાત્રને વરેલાં જ છે, પણ સાબરનાં જેટલાં પથ્ય પાણી ગુજરાતને બીજી કઈ નદી પૂરાં પાડે છે? ભવ્યતાથી હૃદય ભરી દેવામાં કે મોટાઈથી મન મનાવી લેવામાં તો નર્મદા, તાપી કે મહી સહેજમાં સાબરને થાપ આપી જાય—અને એમની હરોળમાં સાબરની વિસાતેય શી?—પણ ગુણનાં ગૌરવનો સરવાળો કરીએ તો ઘડીભર એ ત્રણેય નદીઓને સાબરની સમક્ષ થંભી જવું પડે. ખરે, સાબરનું સાચું હાર્દ એની સુંદરતામાં છે એ કરતાં તો એનો મર્મ માંદાઓની માવજત અને તંદુરસ્તીની તાજગીમાં એનું અસાધારણ સ્થાન વિચારતાં જ વધુ મેળવી શકાય.

એવી જ અગત્યની એક બીજી હકીકત એ છે કે સાબરના પાણીમાં ઓછામાં ઓછા ધરાઓ અને ઓછામાં ઓછા મગરો છે. હાથમતી અને હરણાવ સાબરથી નાની અને એની શાખારૂપ નદીઓ હોવા છતાં એના ધરાઓ સાબરના કરતાં વધારે ભયાવહ અને મગરોથી ભરેલા હોય છે. વળી હાથમતી અને હરણાવને જ્યાંત્યાં ઓળંગી ન શકાય; જ્યારે સાબર તો લગભગ બધે જ સ્થળેથી સુસાધ્ય હોય છે, કારણ કે એનું વહેન સમથલ જમીન ઉપર લગભગ સમધારણ જ વહ્યા કરે છે. આમ સાબર એ રૂપ, ગુણ અને મૃદુતામાં ગુજરાતની અપૂર્વ નદી છે. મોટી છતાં એ મૃદુ અને વિશાળ છતાં એ હળવી છે.

સાબર કે વાકળ?

ઇડરરાજ્યના દેલવાડા ગામથી એક માઇલ દૂર સાબર અને વાકળનો સંગમ જેણે જોયો હોય એને તરત જ પ્રશ્ન થાય છે કે ત્યાંથી આગળ વધીને છેક ખંભાતના અખાત સુધી વહેતી નદીનું નામ સાબર

શા કારણે પડ્યું હશે? કારણકે સંગમથી ઉપરવાસ-લોકો જેને સાબર કહે છે અને 'સર્વે ઑફ ઇન્ડિયા'ના ટ્રિગૉનોમેટ્રિકલ મૅપમાં પણ જેને સાબરમતી ગણી છે એ નદીનું ઝરણ તો છેક પાતળું છે, અને કહે છે કે ઉનાળામાં તો તે સુકાઈ જઈ ખંડિત થાય છે. એનું મૂળ ઉદેપુર રાજ્યના નાનામોટા ડુંગરાઓ છે અને ત્યાંથી નીકળતું એનું ઝરણ છેક નાનું અને નજીવું છે. માઇલો સુધી એ પ્રમાણે રહી દેલવાડાથી ઉત્તરે ૧૫-૧૭ માઇલ ઉપર કાળાખેતર અને કાગવાસ ગામોની બાજુમાં એ, નદી કહી શકાય એવું સ્વરૂપ ધારણ કરે છે.

બીજી બાજુ નકશામાં જેને વાકળ તરીકે ઓળખાવવામાં આવે છે અને ભીલ લોકો પણ જેને વાકળ કહીને સંબોધે છે એ નદીનું મૂળ મેવાડમાં ઘણે દૂર છે. લંબાઇની દૃષ્ટિએ સાબરના કરતાં એ વધારે મોટી છે. એનાં પાણી ભરપૂર રહે છે અને ઉનાળામાં પણ સુકાતાં નથી. દેલવાડાથી ઉત્તર પૂર્વ દિશામાં ૩૦-૩૫ માઇલ જેટલે દૂરનાં મેવાડનાં નરસિંહપુર અને રાજગઢ ગામોની બાજુમાં પણ એની કાયા ખાસ્સી નદી કહેવા જેટલી મોટી છે. એનું મૂળ તો એથી પણ આગળ ગરછાપરના ડુંગરોમાં ગણી શકાય. એ ઉત્તરદક્ષિણ ઘણે લાંબે સુધી વહીને પાછી ફરી દક્ષિણ-ઉત્તરના ત્રાંસમાં પૂર્વ-પશ્ચિમ દિશાનું વહેણ સાધે છે, અને એ રીતે પણ લાંબા અંતર સુધી વહી, પછી દેલવાડાના સંગમ પાસે સાબર સાથે યોગ પામે છે. એ રીતે સંગમથી ઉપર એનાં વહેણની લંબાઇ સાબર કરતાં કદાચ બમણા જેટલી ગણી શકાય. વળી જે જગ્યાએ સાબર અને વાકળનો સંગમ થાય છે ત્યાં પણ મુખ્ય પ્રવાહ તો વિશાળકાય વાકળનો જ છે, જ્યારે સાબર એ તો જાણે વાકળમાં આવીને સમાઇ જતી હોય એવી મુકાબલે આછી સેર છે.

આમ, દરેક રીતે વાકળ એ જ બેમાંથી મુખ્ય અને મોટી નદી છે એટલે બંનેના સંગમ પછી આખા પ્રવાહને વાકળનું જ નામ ઘટે છે. એમ છતાં આખી નદી સાબર તરીકે શા માટે ઓળખાઇ? શું સાબર શબ્દ લોકોને વધારે કર્ણપ્રિય લાગ્યો હશે? કે પછી સંગમ ઉપર સાબરના વહેણની દિશા ઉત્તર-દક્ષિણ છે એથી જનસમાજે ગંગાની જેમ એમાં વધારે પવિત્રતા કલ્પી એ જ નામ કાયમ રાખ્યું હશે? કે પછી જે ફાવ્યું તે નામ અડાવી દીધું હશે? મને લાગે છે કે સાબર ઉત્તર તરફથી સીધી આવે છે તેથી એનું મહત્ત્વ વધારે ગણાયું હોય એ અનુમાન સવિશેષ સંભવિત છે. આ મતને વધારે ટેકો એટલા માટે મળે છે કે સંગમ ઉપર વાકળનું વહેણ પૂર્વ-પશ્ચિમ છે, જ્યારે સાબર તો પ્રથમથી જ એકધારૂં ઉત્તર-દક્ષિણ વહેણ જારી રાખે છે. ગમે તેમ, પણ સાબર નદીને સંભારતાં વાકળનું મહત્ત્વ વિસરાવું ન જોઇએ.

આખી નદીનું નામ 'વાકળ' હોય કે 'સાબર' હોય એથી એનાં પાણી કાંઈ ઓછાંવત્તાં થવાનાં છે? તો પછી આ માથાકૂટ શી એમ કદાચ કોઇને પ્રશ્ન થશે. પણ ધારો કે નજીકના ભવિષ્યમાં એક 'ભૂગોળ સંશોધન મંડળ' ગુજરાતમાં સ્થપાય, એ નદીઓનાં મૂળને વિષે સંશોધન ચલાવી એવો ઠરાવ કરે કે સત્ય અને ન્યાયને ખાતર મેવાડના ડુંગરોમાંથી ખંભાતના અખાત સુધી જતી નદીનું નામ 'સાબરમતી' ફેરવીને 'વાકળમતી' રાખવું, અને ધારો કે આવી અનાર્થિક બાબતમાં લોકમત સ્વીકારવામાં હરકત ન હોવાથી સરકાર એ કબૂલ રાખે, તો કેટલા બધા ફેરફારો થઇ જાય? તો પછી 'સાબરકાંઠા' એજન્સીને બદલે 'વાકળકાંઠા' એજન્સી નામ પડે; ઘણા તાલુકદારોને 'ઠાકોર શ્રી તાલુકે—સાબરકાંઠા'ને બદલે 'ઠાકોરશ્રી તાલુકે—વાકળકાંઠા' લખવું પડે. સબ બ્રાન્ચ પોસ્ટ ઑફિસોને ઘણાં વર્ષો સુધી નહિ બદલાતા છાપ મારવાના સિક્કા બદલવા પડે, અને અમદાવાદમાં ઠેર ઠેર ફૂટી નીકળેલી 'સાબરકાંઠા હિંદુ લૉજ અથવા હૉટેલ'ને 'વાકળકાંઠા હિંદુ લૉજ અથવા હૉટેલ' એવાં નામો રાખવાં પડે. અને આ બધા ફેરફારોથી શરૂઆતમાં તો જોકે અતડું અતડું લાગે તોપણ થોડી ગમ્મત તો પડે જ ને? આમ, નામની પણ થોડીઘણી અગત્ય તો છે જ; કારણ વેદાંતની દૃષ્ટિએ આપણે નામરૂપ જગતમાં રહીએ છીએ અને જોકે એ નામરૂપ જગત અને વેદાંત પોતે પણ આખરે અનિત્ય અને મિથ્યા જ છે, છતાં જ્યાં સુધી આપણે એમાં રહીએ છીએ ત્યાં સુધી એથી થોડાઘણા ખરડાવાના જ. અલબત્ત, આત્મા તો અલિપ્ત જ છે અને એ પોતે સૌથી મોટો હોવા છતાં દશાઙ્ગુલપ્રમાણ જેટલો નાનો હોવાથી એને ખરડાવાનો સવાલ ઝાઝો રહેતો નથી, તોપણ અજ્ઞાનીને તો નામનો ઓરતો

રહી જ જવાનો અને એ કેવળ સ્વાભાવિક છે.

સાબરનું મૂળ

ગુજરાતની ભૂગોળમાં આપણે ભણી ગયા છીએ કે સાબર એ ઢેબર સરોવરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે. પણ આ હકીકત તપાસ કરતાં કેવળ નાપાયાદાર અને વજૂદ વિનાની જણાય છે. સાબરનું મૂળ દેલવાડાથી ઉત્તરે કહેવાતી સાબરને ગણીએ કે એનાથી વધુ મોટી અને વિશાળકાય વાકળને ગણીએ, તો પણ એનું મૂળ ઢેબર સરોવર છે એ વાત તો બંધબેસતી નથી.

સાબર અને વાકળ બંને નદીઓનાં મૂળ ઉદેપુરથી ૨૫–૩૦ માઇલ દૂર પશ્ચિમ દિશામાં છે, જ્યારે ઢેબર સરોવર ઉદેપુરથી ૩૨-૩૫ માઇલ દૂર દક્ષિણ પૂર્વ દિશામાં છે! એ બંને નદીઓનાં મૂળથી ઢેબર સરોવર લગભગ ૫૦ માઇલના અંતરે છે અને એમાંથી નીકળતું કોઇ ઝરણુ સાબર કે વાકળને મળતું નથી, છતાં સાબરને ઢેબરમાંથી વહેવડાવી આપણે મગજને ઘણા વર્ષોથી મિથ્યા ભારે મારીએ છીએ. ઢેબર સરોવરમાંથી તો એક ગોમતી નામની નદી વહીને ટીરી નામની બીજી નદી સાથે પારીગામની બાજુમાં સંગમ પામી બડગામ પાસે થઇ ગણેશપુરની દિશાએ ચાલી જાય છે. એ નદી મુકાબલે નાની છે અને એને સાબર સાથે કાંઇ સંબંધ હોય એમ જણાતું નથી.

દેલવાડા ગામ પાસેના કોઇકોઈ માણસને થોડોઘણો ખ્યાલ છે ખરો કે કહેવાતી સાબરનું મૂળ છેક નજીકમાં છે, કારણ એ ખંડિત થાય છે; પણ એ ક્યાંથી નીકળે છે અને ઢેબર સરોવર કઈ દિશાએ છે એ બાબતમાં એમને ખાસ કાંઇ માહિતી નથી. એ તો કાળાખેતર કે ફાગવાસની બાજુનાં ગામોમાં જતાં ક્વચિત તેમણે જોયું હોય કે સાબરનું વહેન ત્રૂટક છે તેથી એમ અનુમાન બાંધે છે. ભીલ લોકોમાં પૂછપરછ કરતાં તેમને વાકળ કે સાબર બેમાંથી એકેયને જાણવાની કાંઇ પડી નથી. જોકે સંગમથી ઉપરનાં સાબરનાં વહેનને તેઓ સાબર ગણતા હોય એમ જણાય છે, છતાં કોટડાગામ પાસેનાં વાકળનાં વહેનને પણ ક્વચિત કોઇ સાબર કહી નાખે છે. આમ એ લોકને આવી બાબતોમાં રસ ઓછો હોવાના કારણે તેમની માહિતી અપૂર્ણ અને અવિશ્વાસપાત્ર હોય છે.

પહેલો સંગમ: ચિત્રવિચિત્રેશ્વર

દેલવાડા ગામથી એક માઇલ દૂર, જ્યાં સાબર અને વાકળનો રમણીય સંગમ થાય છે ત્યાં, ચિત્રવિચિત્રેશ્વર મહાદેવનું મનોહારી સ્થાન છે. સંગમ ઉપર સહેજ ઊંચી છતાં સમથલ જમીનનો ત્રિકોણાકારનો એક ટુકડો એવી રીતે આવેલો છે કે એની બે બાજુથી વાકળ અને સાબર એ બંને જુદીજુદી નદીઓ ઉપર ઊતરી શકાય, જ્યારે વચલા ત્રિકોણની અણી જેવા ભાગ પરથી ઊતરીને સીધા સંગમ પર અવાય. એ જમીનપર ચિત્રવિચિત્રેશ્વરનું મંદિર, એક બાવાને રહેવાની ધરમશાળાની ઓરડી અને બીજાં બે નાનાં ખંડિયેર જેવાં દહેરાં છે. એ મહાદેવને લગતી દંતકથા પ્રચલિત છે અને તેમાં પાંડવોનો ઉલ્લેખ આવે છે; પણ જ્યાંત્યાં પાંડવોને આણવા એ તો આપણા દેશનો રિવાજ જ છે એટલે એમાં કાંઈ ખાસ જાણવા જેવું નથી. આ દહેરાંઓની આસપાસની જમીનમાં ઘણાં ઘટાદાર વૃક્ષો ઊગેલાં છે એથી એક બગીચા જેવું બની રહ્યું છે. બરાબર સંગમ ઉપર જ હોવાથી આ સ્થળ અતિશય આકર્ષક લાગે છે. ચૈત્રી પૂનમે અહીં ભીલ લોકોનો એક જંગી મેળો ભરાય છે અને હજારો ભીલો આખો દિવસ અહીં નાચગાન કરવામાં ગાળે છે.

પણ ખરું રમણીયતા એ તો સંગમ પોતે જ છે. ઉત્તર તરફથી આવતી સાબર તો આછાં વહેણે સીધી સાદી રીતે બદલ્યા વિના વહે જ જાય છે; પણ પૂર્વમાંથી આવતી વાકળ, જાણે એ મિલન પહેલાં ઘડીએક થંભી જતી હોય એમ, છેક સંગમના મુખ ઉપર જ એનો એક ઊંડો ધરો થઇ જાય છે; અને જવું કે ન જવું એમ જાણે વિમાસણમાં પડતી હોય તેમ તેના બે ફાંટા પડે છે. જમણો ફાંટો મિલાપ માટે તલસી રહ્યો હોય તેમ ધરાથી આગળ વધીને સાબરને ઉતાવળે ભેટી લે છે, અને બંને નદીઓ આગળ વધે છે. વાકળનો બીજો ફાંટો પણ આખરે માન મૂકીને મુખ્ય પ્રવાહને ભેટી પડે છે અને આખો પ્રવાહ મન મોકળું મૂકીને મોટાઇ ધારણ કરતો હોય એમ સભર ગતિએ આગળ વધે છે, અને જાણે કે દરેક દિશાને 'અમે ભેટ્યાં છીએ, ભેટ્યાં છીએ' એમ સૂચવવા જતો હોય તેમ વિસ્તાર પામે છે. આમ, કેટલેક ચાલ્યા પછી મિલનનો આનંદ અંતરમાં

સમાતો ન હોય અને દુનિયાને એ ગાઇ બતાવ્યા વિના બીજો આરો ન હોય એમ, રેતીના સપાટ પટ ઉપરથી ભેખડો ઉપર આવી જઇ આખો પ્રવાહ અનેકરૂપ બનીને વિવિધ ગાન ગાવા મંડી પડે છે—નદીની ભેખડોથી અનેકરૂપે વહેંચાઇ જઇને ખળભળાટ અને ધમપછાડા કરી મૂકે છે. કોઇ પ્રવાહ ઊંચેથી ધોધ રૂપે કૂદી પડે છે તો કોઇ એકદમ શાંતિથી બખોલમાં પેસી જતો હોય એમ થઇ આગળ ઉપર અવાજ સાથે ઊછળી પડે છે, જ્યારે કોઇ ઊંચે ઉછળતો છતાં અધૂરો અવાજ કરી શમી જાય છે. આમ, થોડેક સુધી સ્વચ્છંદખેલન કર્યા પછી રમીભમીને થાકેલાં બાળકો જેમ માતાને ખોળે આવીને બેસી જતાં હોય એમ, વિવિધ રૂપે વહેતા એ પ્રવાહો એકરૂપ બની દેલવાડા ગામના આરા તરફ આગળ વધી, આરા ઉપર જમણી બાજુ કાંઠે જ એક ઊંચી ટેકરી છે એને છેક ઘસાઇને આગળ જાય છે અને પછી એકદમ નીચે ઊતરી પડે છે. ઊંચી ટેકરી તરફ જતું વહેણ એ વિનિપાત પછી શંકરને ગળે વળગવા ફરીથી એકવાર ગંગા મથતી હોય અને હારી જતી હોય એવું સુંદર શોભે છે; અને પછી તો આખી સાબર જાણે કે હાથમાંથી સદાને માટે સરી જતી હોય એમ, થોડાક અંતરમાં તો ઘણી ઊંડી ઊતરી પડે છે અને એની શોભા હૃદયમાં રમી રહે છે.

આમ, દેલવાડાનો સંગમ સૌંદર્ય અને સમૃદ્ધિમાં અગ્રસ્થ છે. અહીં જ સાબરનો ખાસ દેહ બંધાય છે. બંને જુદીજુદી નદીઓ એક થઇને અહીંથી મોટી નદીનું સ્વરૂપ ધારણ કરે છે અને લાંબડિયા, ખેરોજ, ગઢા, લાંક વગેરે સ્થળોએ થઇને ભાણપુર—મારવડા પાસે, જ્યાં હરણાવ નદી મળે છે ત્યાં સુધીમાં બીજી એક પણ મોટી નદી નહિ મળવા છતાં, ચોમાસામાં ગાંડી સાબર તરીકે ઓળખાવા અને જનવ્યવહારને અટકાવી શકવા જેટલી મોટી બની રહે છે.

એક આડવાત પણ અહીં કરી લઇએ. ચિત્રવિચિત્રેશ્વર મહાદેવ પાસે જોકે વાકળ અને સાબર એ બે નદીઓનો જ સંગમ થાય છે, છતાં લોકમત પ્રમાણે ત્યાં આકળ, વાકળ અને સાબરનો ત્રિવેણીસંગમ છે. આ સ્થળે ત્રણ નદીઓ નથી પણ માત્ર બેનો સંગમ થાય છે એમ તમે લોકોને સમજાવવા ગમે તેટલો પ્રયત્ન કરો, પણ કોઇ માનવાનું જ નહિ, બલ્કે ઊલટી તમારી હાંસી કરે, એટલું ઊંડું ત્રિવેણીસંગમનું ભાન તેમના મગજમાં પેસી ગએલું છે. આપણો ત્રિવેણીસંગમનો મોહ એટલો બધો ઉત્કટ છે કે બે નદીઓ મળતી હોય તેમાંથી એકને આગળ ઉપર માઇલ બે માઇલ સુધીમાં પણ બીજું ઝરણ કે વાંઘું મળતું હોય તોયે ત્રણ નદીઓ મળ્યા બરાબર ગણીને આપણે તેને ત્રિવેણીસંગમ તરીકે ચલાવી લઇએ છીએ. બેચાર માઇલ સુધીમાં ક્યાંયે ત્રીજું ઝરણ ન હોય તો એક નદી સગમ ઉપર ખાસ ગુપ્તરીતે મળે છે એમ કલ્પીને પણ આપણે ત્રિવેણીસ્નાનનો સ્વકલ્પિત આનંદ લઇએ છીએ! ગંગા અને યમુનાના સંગમ ઉપર સરસ્વતી ગુપ્તરીતે મળે છે એ બાબતમાં તજ્જ્ઞો ઐતિહાસિક અથવા ભૌગોલિક કારણો ટાંકે છે, તોપણ ઘડીભર એમ માનવાનું મન થઇ જાય કે લોકહૃદયની આવી ત્રિવેણીસંગમની ભાવના પણ એમાં કારણભૂત હોય.

આકળ અને વાકળ

ચિત્રવિચિત્રેશ્વરથી ૩-૪ માઇલ ઉપરવાસ વાકળ નદીને એક બીજી ઠીકઠીક મોટી નદી મળે છે એ વાત ત્રિવેણીસંગમની તરફેણમાં છે. આ નદીને જ લોકો આકળ કહે છે કે કેમ તે હું નક્કી કરી શક્યો નથી, છતાં એનાથી બીજી વધુ મોટી નદી એટલામાં વાકળને મળતી નથી એટલે એને જ આકળ ગણવી રહી. નકશામાં એને પામરી તરીકે ઓળખાવી છે. એ ઇડર રાજ્યના કોટડા ગામ પાસે વાકળને મળે છે, જ્યાંથી આગળ વધીને બે મળીને એક થએલી વાકળ ચિત્રવિચિત્રેશ્વર પાસે આવે છે. આકળ અને વાકળ જાણે કે એક જ વસ્તુનાં બે અવિભાજ્ય અંગ હોય એમ એટલી બધી તે લોકમાનસમાં ઊંડે કોતરાઈ ગઇ છે, અને એ બે નદીઓ એકબીજી સાથે વાત કરતી હોય એવો એક દુહો પણ પ્રચલિત છે.

આકળ કહે છે વાકળને બાઇ,
આવ્યા છે પરદેશી ભાઇ,
આવ્યા છે વાંકે અંબોડે,
ને જાશે માથે બોડે.

આકળ નદી વાકળને ઉદ્દેશીને કહે કે પરદેશીઓ ચડાઇ લઇને આવ્યા છે. તેઓ સુંદર વાળનાં ઝુલ્ફાં અને ઓળિયાં લઇને તો આવ્યા છે, પણ થોડા વખતમાં જ એવા માંદા પડશે કે તેમના વાળની શોભા બધી

ખરી જશે અને બોડે માથે તેમને અહીંથી નાસવું પડશે.

ઉપરની ઉક્તિ ૧૮૫૮ના બળવા પછી અંગ્રેજી અમલે આ પ્રદેશની સશસ્ત્ર ભીલ કોમને જીતી નિઃશસ્ત્ર બનાવવા મોકલેલા સૈન્યને લગતી છે. કંપની સરકારના લશ્કરગાંના, મધ્યપ્રાંત અને ઉત્તર હિંદુસ્તાનના તેમજ બીજી લડાયક કોમોના સૈનિકો માથે ઝુલ્ફાં અને ઓળિયાં રાખતા તેથી 'વાંકે અંબોડે' એ ઉલ્લેખ છે.

પ્રચલિત કહેતી મુજબ ભીલ લોકો સામે મોંએ લડાઇ નહિ આપતાં ડુંગરાઓમાં ભરાઇ ગએલા. કારણ એમને ખાત્રી હતી કે સરકારી સૈન્ય આ સ્થળનાં ભારે પાણી અને ભેજવાળી હવાથી માંદું પડી વેરણ-છેરણ થઇ જશે. આમ આ દુહો, જાણે આખી ભીલ જાતિની વતી બે નદીઓ આપસ-આપસમાં સંવાદ કરીને કોમની ધારણાને વાણીમય સ્વરૂપ આપતી હોય એમ ગોઠવેલો છે.

આજે પણ ગુજરાત અને મેવાડની સરહદની આ પ્રજાઓ સશસ્ત્ર જ રહે છે. તીરકામઠાં, ભાલા, તલવાર વગેરે તો નીચલા વર્ગના બધા જ લોકો સામાન્યરીતે રાખે છે. દેશી બનાવટની તથા જામગરીવાળી બંદુકો પણ ઠેરઠેર જોવામાં આવે છે. આમ આ લડાયક કોમો નિઃશસ્ત્ર તો ન જ થઇ શકી, એટલે સરકારે આખરે આ બાજુ કોટડા, કેરવાડા વગેરે અગત્યનાં સ્થળોએ સ્થાયી લડાયક છાવણીઓ નાખી, અને તેના દેશી વિભાગમાં સ્થાનિક ભીલકોમોનાં માણસોની ભરતી કરી.

સાબર અને વાકળનો એ રમણીય સંગમ મેં પહેલવહેલો જોયો ત્યારે શરદઋતુના આખરી દિવસોનું પ્રભાત હતું અને આખી સૃષ્ટિ એ સ્વયંભૂ શોભાનું ધામ બની ગઇ હોય એવી ખુશનુમા લાગતી હતી. આકાશની નિરવધિ શુભ્રતા નદીજળની વિશદતા સાથે ઓતપ્રોત થઇ દશે દિશાઓને પારદર્શક બનાવી દેતી હતી. જાણે પૃથ્વીનાં પાંચે ય તત્ત્વો પડેપડ ઉખેળી નાખી પ્રગટ થતાં ન હોય? જ્યાં નજર નાખો ત્યાં હૈયેહૈયાં ઉકલી જતાં હોય અને જાણે સૃષ્ટિમાં એક મહાન સુમેળ સધાઇ જતો હોય એવું ચોમેર લાગતું હતું.

સંગમ ઉપર ધરાઇને રખડ્યા પછી અમે દેલવાડા ગામના આરા તરફ પાણી ખૂંદતાખૂંદતા ચાલ્યા. કિનારા ઉપર ચાલવું કે પાણીની બહાર પગ મૂકવો એ પણ અશક્ય જ હતું—એટલું ગાઢ સાબરનું આકર્ષણ હતું. જાણીજોઇને પડતા આખડતા—વચમાં બેચાર સ્થળે નહાતા નહાતા—એકાદ માઇલ ચાલી અમે ગામને આરે પહોંચ્યા. ત્યાં ફરીથી એકવાર ધરાઇને નહાઇ લીધું. સાબરના જળમાં સ્નાન કરવાનો પણ એક અપૂર્વ લહાવ છે. પાણી વધારે નહિ અને ઓછાં પણ નહિ—બીલકુલ માફકસર. તણાઇ જવાય નહિ એટલાં આછાં, છતાં લાંબા વખત સુધી ઉભડક અથવા આડા થઇને નાહી શકાય એટલાં ભરપૂર. અને એની સ્વચ્છતાનું તો કહેવું જ શું? ઊભા ઊભા રેતીના કણ ગણી લઇએ એવી પારદર્શકતા. એનું આખું હૃદય ઉકેલી લો. એમાં ક્યાંયે આડચ નહિ, અંતરાય નહિ, પડ નહિ. છે માત્ર સીધી સાદી સરળતા અને હૃદયના કાર્તિકળશ જેવું હળવું ગૌરવ.

(ચાલુ) **રામપ્રસાદ શુક્લ**



આપણે ત્યાં ચિત્રકળા ખૂબ ખીલવાની જરૂર છે. ગૂઢ કાવ્યોની હરીફાઇ કરનાર ચિત્રકળાની હું વાત નથી કરતો. તે તો જેના ઉપર ઇશ્વરનો આશીર્વાદ હશે એ ખીલવશે. પણ હું અહીં સામાન્ય ચિત્રકળાની વાત કરૂં છું. જેમ દરેક માણસને લખતાં વાંચતાં ને ગણતાં આવડવું જોઇએ, નહાતાં ધોતાં કે પેન્સિલ ઘડતાં આવડવું જોઇએ અને આજકાલ જેમ દરેકને હાથે દાઢી કરતાં આવડવું જોઇએ તેમ જ ગમે તે કલ્પના અથવા યોજના ચિત્રબદ્ધ કરવાની અને પ્રમાણમાપના નકશાઓ દોરવાની કળા આવડવી જોઇએ. ચિત્રકળા વિહોણી કેળવણી હવે પછી વિ—ચિત્રને નામે ઓળખાશે, અને જેનામાં ભૂમિતિની આકૃતિઓ ગમે તે ક્ષણે કાઢી બતાવવાની હિંમત નહિ હોય તેને હવે પછી અભણ તરીકે જ ઓળખવામાં આવશે. દ. બા. કાલેલકર

જંગલવાસી જીવસૃષ્ટિ વિષે લખાતી લેખમાળા 'વનવગડાનાં વાસી'નો આગળ હપતો

કાળમુખી ચીબરી



મહુડાની બખોલમાં ડોકાતું ચીબરી-શાવક ફોટો · વનેચર

હોળીના દિવસ હતા. મારા ગામથી પાંચછ ગાઉ પર એક ગામડામાં બાવીશી હતી. અમે રહ્યા 'કલાટ': જન્મ્યા ત્યાંથી એટલી ઊંચી પંક્તિના અમે બ્રાહ્મણ કે ગમે ત્યાં આસપાસમાં જમણ હોય ત્યાં વગર નોતરે પેસી જવાનો અમારો પ્રથમ હક્ક. ઉનાળાના દિવસ એટલે કામધંધો ન મળે. એટલે ગામના ઘણાખરા ભૂદેવો આ બે દિવસની મફતની 'પિકનિક' માણવા ઉપડ્યા. હું પણ એમાં સામેલ થયો. પગે ચાલીને જવાનું એથી પંગત વખતે જ પહોંચવું એ ઇષ્ટ ગણી સાંજના છએક વાગ્યે અમે ગામ છોડ્યું. મારગમાં સંખારિયો[1] નામનો ભયંકર ગણાતો વ્હો આવે છે. એની ભેખડોમાં બહારવટિયા ભરાય તો યે ખબર ન પડે. એ વરસે વરસાદ ઓછો એટલે કોળીનાળીનો ભો વધારે. તેમાં યે હોળીટાંકણું. એટલે અમે બધા ભેગા રહીને ચાલતા હતા. ત્યાં વચ્ચેથી એમની મર્દાનગીના તોરમાં બે જુવાનિયા ટોળામાંથી છૂટા પડી ટૂંકે રસ્તે જવા આડબેતર ઉપડ્યા. ત્યાં જ પાસેના ખીજડામાં ચીબરી બોલી. એટલે અમારામાંના એક અનુભવીએ પેલાને ટોક્યા. પણ એ બે અપશુકનને શાના ગાંઠે? ચીબરી ન-ચીબરો કરી એમણે તો ઝંપલાવ્યું. અમે પણ એમની આડાઇ, ચીબરીનું સંધ્યાકાળે બોલવું વગેરેની ચર્ચા કરતા ચાલ્યા.

ધાર્યા ગામે પહોંચી, મફતનો માલ આરોગી, મોડી રાત સુધી ગપાટા મારતા ગામ તળાવે મંદિરના ઓટલા પર અમે આળોટતા પડ્યા હતા, ત્યાં પેલા બેની વાત નીકળી. જમતી વખતે તો હજાર માણસમાં એમનો પત્તો ન લાગે જાણી મન વાળેલું. પણ સૂતી વખતે એમની ફીકર થવા લાગી. તપાસ કરતાં બીજા ઉતારે પણ એ ન દેખાયા એટલે અમારી ચિંતા વધી. રસ્તે અધવચ બાવળ અને બોરડીનું જંગલ આવતું તેમાં ભૂલા પડ્યા હશે ધારી અમે કેટલાક શોધવા ચાલ્યા, ત્યાં તો સામે જ બે મૂર્તિ દેખાઈ. વ્હીલાં મોં, ઢીલાં ગાત્ર અને લથડતા પગ જોઇને જ અમને લાગ્યું કે જરૂર કાંઇક નવાજૂની થઇ છે. પહેલાં તો એ ન માને. પણ કળેકળે વાત કઢાવતાં સમજાયું કે ઝાડીમાં પેસતાં જ એમને તમાકુ માગનાર * મળ્યા. માલમાં તો બ્રાહ્મણભાઇ પાસે શું નીકળે? પણ હતા તે દોરીલોટા પણ ખૂંચવી લીધા અને તું-તાં કરવા જતાં બરડામાં બે ધોકા પડ્યા તે ગુરુદક્ષિણામાં!

પેલી ચીબરીના અપશુકની આળ બોલના પરતાપ!

---

1 મોઢેરાના પશ્ચિમ ગોંદરે સૂર્યમંદિરને ઘસડાઇને વહેતી પુષ્પાવતી નદી તે આ જ.

* અમારા પાટણવાડામાં એવી દૃઢ માન્યતા છે કે કોળી ભીલ સામે મળે અને પૂછે કે 'અલ્યા, તમાકુ (ભાંગ) છે કે?' તો સમજવું કે એમની વૃત્તિ લૂંટવાની છે. પણ જો આપણે સામો જવાબ વાળીએ કે 'ના, અમારી પાસે તો ધાણીચણા છે' તો એમને અપશુકન થાય ને ન લૂંટે. મને કદી પણ ચોર મળ્યા નથી એટલે આની સત્યતા માટે હું કાંઇ કહી શકું નહિ.



ચીબરી

આંખ ફરતાં સફેદ કુંડાળાં એ ઘુવડની જાતની નિશાની: એથી જ એ બીહામણું લાગે છે.

આ વાતને ઘણાં વરસ થઈ ગયાં. તે પછી ચડતી ઊતરતી પણ ઘણી જોઇ. અનુભવ અને અભ્યાસને યોગે વિચાર-સંક્રાન્તિ પણ થઇ. ભૂતપ્રેત, શુકન અપશુકન કે નસીબની 'બલિહારી'માંથી શ્રદ્ધા સમૂળ ઊડી ગઇ. છતાં આજે અનેક વરસે પણ આ બનાવ મનમાંથી ખસતો નથી. એ કેવળ અકસ્માત જ હતો, છતાં એ અપૂર્વ યોગાનુયોગ સહેજે ભૂલાય તેવો નથી.

નવાઇની વાત તો એ છે કે આ પંખીનો આવો જ એક અનુભવ મને હમણાં થયો.

ગયા એપ્રિલ મહિનામાં મારા એક નીકટના સગા બીમાર હતા. એમની શુશ્રૂષા અર્થે હું રોજ રાતે એમને ત્યાં રહેતો. અમદાવાદ એટલે હાઉસિંગ સોસાએટીઓનું વન. આવી એક સોસાએટીમાં એમનું નિવાસસ્થાન છે. એમની સામેના મકાનમાં કૉર્નિસ ઉપર ભીંતનાં કાણામાં ત્રણ ચીબરીઓ રહેતી. અંદર માળો હશે એમ હું માનું છું. સાંજ પડે ને એ ત્રણે ભેગી મળી એવો શોરબકોર મચાવે કે કાનપડ્યું સંભળાય નહિ. આવો એમનો ક્રમ અરધી રાત સુધી ચાલે. હું સ્વભાવે વહેમી નથી. પણ એક તો ચીબરીની મથાવટી હલકી; તેમાં ઘરમાં માંદુ માણસ. એથી એ કાળમુખીઓના કઠોર અવાજથી ઘણી વખત મને પણ ચીડ ચડતી. આવે પ્રસંગે માણસના મનમાં અનિષ્ટ શંકા પહેલી આવે. બન્યું પણ એવું કે મારા એ સંબંધીનો દેહાંત થયો અને એ જ દિવસથી કોણ જાણે શાથી પણ પેલી ત્રણે ચીબરીઓ બોલતી બંધ થઇ ગઇ! એમનો મુકામ ત્યાંનો ત્યાં હોવા છતાં પછી એમની વાણી ભાગ્યે જ સંભળાતી.

આ પણ અકસ્માત જ: પેલો પણ અકસ્માત જ. છતાં શ્રદ્ધાન પુરુષના મનમાં બંનેની કેવી વિપરીત અસર થાય!

ચીબરી: સં. चिरिल्लिका આપણા દેશમાં જૂના જમાનાથી અપશુકનીઆળ પંખી ગણાય છે. જાતનું એ છે ઘુવડ.[1] એનું અંગ્રેજી નામ Spotted Owlet.[2] ગુજરાતમાં પાંચ છ જાતનાં ઘુવડ જોવામાં આવે છે. એમાંનું એક શિયાળુ. એક ભાગ્યે જ નજરે પડે. બાકી જે રહ્યા તેમાંનાં ત્રણ[3] ખૂબ પરિચિત. તેમાં યે ચીબરી તો સૌથી વધારે જાણીતી. ('ચીબરી' શબ્દ નારી જાતિનો છતાં એ નર માદા બંનેનાં બોધક છે). ઘુવડ સ્વભાવે જ નિશાચર. એટલે આંબા, વડ કે રાયણની ઘટામાં કે જીર્ણ વૃક્ષની બખોલમાં દિવસે ભરાઇ બેસે અને નજરે ન પડે. પણ ચીબરી તો બહાદુર પંખી. જાત ઘુવડની છતાં ભર ઉનાળે ખરે બપોરે પણ નજરે પડે છે પણ એની જીભ તો સાંજ પડ્યે છૂટી થાય. એ વખતે એની ચાંચ ઊઘડી તે પરોઢિયા સુધી બીડાય જ નહિ.

ચીબરી ભાગ્યે જ કોઇએ નહિ જોઇ હોય. સૌથી નાનું આ ઘુવડ શરીરે વેંતેક લાંબું, હોલા જેવડું. રંગે આસમાની. પીંછાંમાં સફેદ રંગનાં છુંદણાં. આંખો મોટી પીળી: એથી એનું સંસ્કૃત નામ पिंगला. આંખો ફરતાં સફેદ ચકરડાં. ઘુવડને ઓળખવાની નિશાની આ સફેદ ચકરડાં જ. પૂછડી ટૂંકી. પાંખો છેડેથી ગોળ.

ઝાડની બખોલમાં કે ઘરની ભીંતમાં કાણાંમાં એ ઘર કરી રહે. માર્ચ એપ્રિલમાં એ બચ્ચાં જણે છે.

ચીબરી સ્વભાવે ઘણું જલદ પંખી છે. એની સામે કોઇ જુએ એ પણ એનાથી ન ખમાય. એ બેઠું હોય. ભૂલેચૂકે તમારી નજર એના પર પડી કે જોઇ લો તમાશો! ઘડીભર તમારી આંખથી આંખ મેળવી એ સ્થિર નજરે જોઇ રહેશે. તમે આંખ ન ફેરવી તો બીજી જ ક્ષણે ધૂણતું હોય એમ માથું ઊંચુંનીચું કરી ડરામણી દેખાડશે. અને છતાં યે ન માનો તો પછી એ પાછા પગે સરકીને ડાળીને ઓથે સંતાઇ

(અનુસંધાન આગળ પૃ ૨૬૩મે)

૧ ચીબરી એટલે Indian Nightjar નહિ

૨ તત્ત્વવિદોનો Athene Brama

૩ ચીબરી, શીંગડાંવાળો ઘુવડ અને અમરાઇનો ઘુવડ.

અખાડો

શરીરવિકાસનું વિજ્ઞાન ચર્ચતો વિભાગ **અખાડો** જેમાં સુસંહત શરીરની ઝંખનાથી વ્યાયામની ઉપાસના કરનાર યુવાનો અનુભવની આપલે કરે છે

નિરીક્ષક · શ્રી હરિનારાયણ આચાર્ય

પ્રશ્નોત્તર

આ વિભાગ શરૂ કર્યો ત્યારથી આજ સુધી નિયમિતતા જળવાઇ નથી, છતાં એના વાચનથી કેટલા યે યુવાનોમાં વ્યાયામપ્રેમ ઉપજ્યો છે તથા વ્યાયામ કરનારાઓની જિજ્ઞાસાવૃત્તિ કેળવાઇ છે, એ હું મારા પર આવતા પત્રોથી જોઇ શક્યો છું. વ્યાયામ કરનારને ઉપજતી શંકાઓનું મેં સમાધાન કરવાનો પ્રયત્ન કર્યો છે તથા જાણવાયોગ્ય વિષયોની ચર્ચા કરી છે. પરંતુ એ બધો શાબ્દિક વ્યવહાર હતો. એના વાચનથી વ્યાયામ કરવાનો અર્થાત્ આદર્શ શરીર ઘડવાનો ઉત્સાહ આવે. પણ જો એ 'આદર્શ' શું, કેવો અથવા કોણ એ ન જાણવામાં આવે, એવું 'આદર્શ શરીર' ઘડવાનું ક્રિયાત્મક જ્ઞાન ન હોય, તો આજ સુધી કરેલી ચર્ચા કેવળ ચર્ચા જ રહે એ દેખીતું છે. એટલે હવેથી એ ઘડતરના સાધનરૂપ વ્યાયામના શાસ્ત્ર તથા અભ્યાસની ચર્ચા હું કરીશ.

આવી શરૂઆત કરવા માટે અનુકૂળ એક પત્ર મારા પર આવ્યો છે. એના લખનાર ભાઇ ગોવર્ધન કે. ગજ્જર કરાચીના યુવાન કૉલેજિયન છે. મૅટ્રિક પાસ થયા પછી જ એમને વ્યાયામનો શોખ જાગ્યો. 'કુમાર'ના વાચનથી આદર્શ શરીર ઘડવાની તીવ્ર ઇચ્છા થઇ એથી એ પૂછે છે:

'૧ આરોગ્યશાસ્ત્ર અને કસરતો સંબંધી કયાં સારાં પુસ્તકો છે?

૨ દેશીપરદેશી કઇકઇ કસરતોથી શરીરનો એકધારો સરસ બાંધો બાંધી શકાય?

૩ ભવિષ્યમાં સંસારમાં પડવા માગતા જુવાનને કયાં આસનો લજવા લાયક છે અને કયાં આસનોનું વધારેપડતું મનન કરવા યોગ્ય છે?

૪ ફક્ત આસનોથી શરીરનો એકધારો બાંધો બાંધી શકાય કે?

૫ મારા શરીરનું માપ આ રહ્યું: ઊંચાઇ ૫' ૧૦॥"; વજન ૧૩૯॥ રતલ; ઉમર ૨૨ વરસ; છાતી ૩૫॥"; દંડ ૧૦/૧૨"; કાંડું ૬॥"; કમર ૨૭"; સાથળ ૨૦"; પિંડલી ૧૪"; ગરદન ૧૪".

હવે સુદૃઢ શરીર બનાવવા માટે મારા શરીરનું શું માપ હોવું જોઇએ? મારો કયો સ્નાયુ વધારે ખીલવવો જોઈએ અને એ માટે કઇકઇ દેશી અને અંગ્રેજી કસરતો લેવી જોઇએ?'

ઉત્તર

૧ આ વિષયનું સાહિત્ય આપણી ભાષામાં અલ્પપ્રમાણ છે. પરંતુ અંગ્રેજી ભાષામાં એટલું વિપુલ છે કે એ પુસ્તકો અને સામયિકોનાં નામમાત્રની જ યાદી આપતાં પણ 'કુમાર'નાં આઠદસ પાનાં ભરાઇ જાય. આવી યાદી કોઈ ગ્રન્થવિક્રેતાને ત્યાંથી મળશે. વળી અહીં કેવળ બધાં પુસ્તકોના કેવળ નામનિર્દેશથી કશો યે અર્થ સરવાનો નથી. એટલે માત્ર અત્યંત મહત્ત્વનાં, શરીરના ઘડતરમાં જેનું વાચન અને મનન અત્યંત અનિવાર્ય માનું છું તેનાં નામ આપ્યાં છે :

વીલીયમ પુલમ : વેઈટ લિફ્ટિંગ
મૅક સીક : મસલ કૉન્ટ્રોલ
ક્લીન : સુપર ફિઝિક
સરકારી : વેઇટ લિફ્ટિંગ
સેનગુપ્ત : બારબેલ એકસરસાઈઝ
હૅકૅન્સ્મીટ : વે ટુ લિવ
માર્ક બેરી : ફિઝિકલ ઇમ્પ્રૂવમેન્ટ
ઍલન કૅલ્વર્ટ : સુપર સ્ટ્રૅન્ગ્થ
,, ,, બૉડી મોલ્ડિંગ
એડવિન ચેકલે:નૅચરલ મેથડ ઑવ ફિઝિકલ ટ્રેઇનિંગ

આ ઉપરાંત જોઉએટ, સેકસન, બ્લૅકી, દે બૅાને, સન્ડો વગેરે અનેક નિષ્ણાતોનાં પુસ્તકો ગણાવી શકાય.

જે સધન છે, તેને તો ઉપરનાં બધાં યે ખરીદવાથી અત્યંત લાભ થવાનો. પણ જો આમાંથી એક જ પુસ્તક-

ની પસંદગી કરવાની હોય તો કૅલ્વર્ટના 'સુપર સ્ટ્રેન્ગ્થ'ની જ ભલામણ કરૂં. શરીરના ઘડતરને લગતું અંગ્રેજી ભાષામાં ભાગ્યે જ એવું કોઇ મહત્ત્વનું પ્રકાશન હશે કે જેનો મેં અભ્યાસ નથી કર્યો; છતાં પૂર્ણ વિવેચનપૂર્વક, સરળ પદ્ધતિએ, શરીરના સર્વાંગ વિકાસનો અત્યંત સફળ માર્ગ સૂચવનાર ગ્રન્થ તો આ એકલો જ.

૨ 'કુમાર'ના પાછળના અંકો વાંચવા.

૩–૪ હું નિષ્ણાત યોગી નથી. શરીરની ખીલવણી પૂરતો જ મને યોગનાં આસનોમાં રસ છે. આસનોની ઉપયોગિતા સંપૂર્ણ સ્વાસ્થ્ય પૂરતી જ છે અને એનાથી શરીર સર્વાંગસુંદર નથી બની શકતું એમ હું માનું છું. તેથી એ વિષયમાં મારો અભિપ્રાય નકારો છે.

૫ શરીરને સર્વાંગ કેળવવા બુદ્ધિપૂર્વક પ્રયત્ન કરવા ઇચ્છનાર પ્રત્યેક વ્યાયામોપાસકને આવો પ્રશ્ન થવો જ જોઇએ. જ્યાંસુધી માણસનું ધ્યેય નિશ્ચિત ન થાય ત્યાંસુધી એને અંધકારમાં જ ભટકયા કરવાનું. એટલે કોઇપણ વ્યાયામ કરનારે પ્રથમ તો પોતાનો આદર્શ—પોતાના શરીરને ખીલવતાં, સ્વાસ્થ્ય શક્તિ અને સુન્દરતાપૂર્ણ કયા–કેવા માનવદેહની તુલનાએ પહોંચવાનું છે એ—નક્કી કરવું જોઇએ. એટલે આ પ્રશ્નનો જવાબ આપતાં પહેલાં તો એ સમજવાનું કે 'આદર્શ' શરીર કયું, કેવું હોવું જોઇએ?' (ચાલુ)

વનવગડાનાં વાસી . . . .

(અનુસંધાન પૃ. ૨૬૧થી)

જશે. એક પળમાં ફરી પાછું આવશે અને ઊંચુંનીચું થવા માંડશે. આમ કરતાં પણ તમે ન ખસ્યા તો આખરે કંટાળીને ત્યાંથી ઊડી બીજે જઇ બેસશે.

એનો આહાર જીવાત. પાંખો નિઃશબ્દ હલાવતું અહીંથી તહીં ઊડીને જીવાત પકડતું આપણે એને આંગણામાં જોઇએ છીએ. રસ્તે જતાં વીજળીના થાભલા પર બેઠેલું અને દીવાના તેજથી ખેંચાઇ આવતી સહસ્રવિધ જીવાત નીરાંતે આરોગતું પણ એ નજરે પડે છે. ખેતીવાડીને આવું ઉપકારક છતાં લોક 'દુર્મુખી' કહી એને નિંદે છે! છે ભલાની દુનિયા?

પણ વધારે રસિક કથા તો એની વાણીની છે. પ્રાચીન કાળથી લોકકથાના સાહિત્યમાં એના સ્વરની પારાવાર વાતો લખાઇ છે. એના કંઠમાં મિઠાશ નથી, સ્વરની નિયમિતતા નથી; છતાં પ્રાચીન શાકુનિકોએ એ સ્વરોની ખીચડીમાંથી મનુષ્યના ભાગ્યને ફેરવનારી ચાવી શોધી કાઢી છે. એ વાણીએ ભયંકર ઉલ્કાપાત મચાવ્યા છે. વાઘના મોંમાં હાથ ઘાલનારા અને મૂછો પર લીંબુ ઠરાવનારા મોટા ચમરબંધીઓનાં ગાત્ર પણ આ ચીબરીના બોલ સાંભળી શિથિલ થઇ ગયાં છે.

અને આ વાણી પણ એક પ્રકારની નથી. આપણા દેશમાં વરાહમિહિર નામના સમર્થ શાકુનિક થઇ ગયા. એ પલ્લીઓની વાણી પરથી સારૂં માઠું ફળ કહી શકતા. એમણે અનેક પશુપંખીઓના બોલની વિસ્તૃત મીમાંસા કરીછે. એમાંથી ચીબરીના વિવિધ બોલની થોડી વાનગીઃ

ડાબી બાજુએ 'ચિરિલ્વિરિલ્વિ' ઉચ્ચાર કરે તો શુભ થાય

ઝાડ પર બેઠેલી 'ચિરિલ્વિરિલ્વિ' બોલે તો અર્થસિદ્ધિ થાય

પણ 'કુચાકુચ' બોલ સંકટ લાવનાર છે

'કુશુકુશુ' સ્વર કજિયો કરાવનાર છે

ગામગામતરે જવા નીકળ્યા હો ને રસ્તે એના 'પ્રદીપ્ત' નામથી ઓળખાતા સ્વર સંભળાય તો પાછા વળવું.

વગેરે વગેરે. કઠોર, કર્કશ અને બીભત્સ અવાજથી રાતે કે સાંજે નિઃસ્તબ્ધ શાંતિમાં ચિત્કાર વડે અપાર વેદના રેડતી ચીબરી, માંદગી અને દર્દ, વિયોગ અને મૃત્યુના પડઘા પાડનારા એના પૈશાચિક મનાતા સંગીતથી ત્યાજ્ય—અસ્પૃશ્ય પંખી ગણાયું છે.

પણ એ અન્યાય છે. રેશમ જેવાં મુલાયમ પીછાંથી મઢેલું એનું સુંદર નાજુક શરીર, શાંત અને પવનથી યે ઓછા અવાજવાળી એની ઉડ્ડયનપદ્ધતિ એ બધું ભૂલી જઇએ, પણ કૃષિકારને પરોપકારક, જીવાત ખાવાની એની ટેવ કેમ ભૂલાય? 'શોભાના ગાંઠિયા' જેવાં, રૂપના રાશિ એવાં કણભોજી—વનસ્પતિભક્ષક પંખીઓથી ખેડુતની જે પાયમાલી થાય છે, તેની સરખામણીમાં ચીબરી જેવાં લોકોપકારક પંખી અનેકવિધ ચડે, એમ હું માનું છું.

તમારે માનવું હોય તો માનો.

વનેચર



'નાળબંધી'—શ્રીરામ ભટ્ટ (અમદાવાદ) બીજું ઈનામ

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

વિષયની વિવિધતાની દૃષ્ટિએ આ માસની હરીફાઇમાં આવેલા ફોટોગ્રાફો ઠીક ગણાય. ભાઈ પ્રાણલાલ પટેલ (અમદાવાદ)ના ફોટો-ચિત્ર 'બે ઘડી મોજ'ને આ વખતે પહેલું ઇનામ મળે છે. ઉનાળાના તાપમાં પાણીમાં મઝા–મસ્તી કરતાં નાગાં બાળકો જોઇને કોને આનંદ થતો નથી ? અસહ્ય તાપને ભુલાવી દેતાં, ઠંડા પાણીમાં નિરાંતથી બેઠેલી ભેંસો સાથે ગમ્મત કરતાં, પાણી ઉડાડતાં બાળકોની સ્વાભાવિકતા ચિત્રમાં આબાદ ઊતરી છે. વિષયની દૃષ્ટિએ ઉત્તમ એવા આ ચિત્રમાં સંયોજનની ખામી પણ સ્પષ્ટ છે. ફોટોગ્રાફીની ટેકનીક, સંયોજનના નિયમો અને આકર્ષક વિષય એ ત્રણે વસ્તુઓનો ફોટો-ચિત્રમાં યોગ્ય સમન્વય ના થાય ત્યાંસુધી સર્વ દૃષ્ટિએ સર્વ કાળ માટે કલામય ફોટો ચિત્રનું સર્જન લગભગ અશક્ય છે એ દરેક શિખાઉએ ધ્યાનમાં રાખવું ઘટે. એ ચિત્ર આ અંકમાં બીજે છાપ્યું છે.

બીજું ઇનામ જીતનાર ભાઈ શ્રીરામ ભટ્ટ (અમદાવાદ)ના ફોટો-ચિત્ર 'નાળબંધી'ને પણ એ જ કથન લાગુ પડે છે. ફોટોગ્રાફીને અનુકૂળ વિષય નજરે ચડતાં, તેને ઝડપી લેવાની ઉતાવળમાં ઍમેટર ઘણીવાર બૅકગ્રાઉન્ડ તરફ દુર્લક્ષ કરે છે અને એ ઉત્સાહ તેને સારાં ચિત્રો ઉપજાવવામાંથી પાછળ રાખે છે. 'નાળબંધી'ની બૅકગ્રાઉન્ડમાં જણાતી સાઇકલ તથા આગલા ભાગમાં જગ્યાની જણાતી તંગાશ ઉપલી ઉતાવળનું પરિણામ છે. ભાઇ બી. યુ. માસ્ટર (જોહાનિસબર્ગ)નું ફોટો-ચિત્ર 'પિયુમાર્ગ પ્રતીક્ષા' ત્રીજા ઇનામને પાત્ર ઠરે છે. ડાબી અને ઉપલી ધારથી લગભગ એક ઇંચ રાખવાથી ચિત્ર-વિષય યોગ્ય સ્થાન પર આવી જાય છે ને ચિત્રનું આકર્ષણ વધે છે. તમારા ચિત્રનું યોગ્ય ટ્રિમિંગ કરતાં કદી ડરો નહિ.

ભાઈ કનુ રાવત (અમદાવાદ)નું 'સહેલગાહ', ભાઇ આર. ડી. જોષી (અમદાવાદ)નું 'મ્યુનિસિપાલિટી', ભાઇ કિશોરલાલ શાહ (પાલનપુર)નું 'શ્રમજીવી' અને ભાઇ અજીતસિંહ કાપડિયા (મુંબાઇ)નું 'વસંતનાં વધામણાં' નોંધપાત્ર છે.

'સહેલગાહ'ના નેગેટિવમાં ઊભા આંકાઓ દેખાય છે. ફિલ્મને કૅમેરામાં ભરતી વેળા રાખેલી બેકાળજીનું એ પરિણામ હોય. 'મ્યુનિસિપાલિટી' વિષયને અનુરૂપ નામ નથી. ચિત્રને સારી રીતે ડાબી તથા ઉપરની ધારથી ટ્રિમ કરી ફક્ત કચરો ઉપાડનાર ભંગીઅણને મુખ્ય લક્ષ્ય બનાવવું ઘટે. 'શ્રમજીવી'માં, ચક્કી ફેરવનાર મજૂર છબી પડાવવા ઊભો રહેલો હોય એમ લાગવાથી, ચૂનાની ચક્કીની ક્રિયા બતાવવાનો ભાઈ શાહનો હેતુ સધાતો નથી અને સાચું ચિત્ર બનતું નથી. 'વસંતનાં વધામણાં'માં ફોકસિંગની ખામી છે, તેમજ ઝાડનાં પાંદડાં અને કબૂતરોની ગોઠવણ ગૂંચવણભરેલી થઇ ગઇ છે.

બલવન્ત ભટ્ટ

શ્રી હરિકૃષ્ણ વ્યાસ સંયોજિત

ગુજરાતી લઘુલિપિ

[અનુસંધાન ચૈત્ર અંકના પૃ ૨૦૦થી]

ત્રીજો દિવસ : અધરા અક્ષરો

નિયમો

[૧૭] 'ક્ષ' અને 'જ્ઞ' બતાવવા અનુક્રમે 'ક' અને 'જ' ભારે લખાય છે.

[૧૮] કોઈપણ સ્વર પછી અનુસ્વાર અથવા તો અનુસ્વારના જેવા ઉચ્ચારવાળો અર્ધો અનુનાસિક બતાવવા તે સ્વર ભારે લખાય છે.

[૧૯] વિસર્ગ બતાવવા સ્વર પર ઊભી રેખા કરાય છે.

[૨૦] સામાન્ય રીતે વ્યંજનો સાથે બોલાતો 'અ' લખાતો નથી. પણ અનુસ્વાર, વિસર્ગ કે રેફ પહેલાં આવતો 'અ' અવશ્ય લખાય છે.

[૨૧] 'ર્ય' લખવા માટે 'ર' ભારે લખાય છે.

[૨૨] 'ય' સિવાયના વ્યંજન પર રેફ આવતો હોય તો તે રેફનો લોપ કરી તે પહેલાંનો સ્વર વિરૂદ્ધ ગતિએ લખાય છે.

[૨૩] કોઈ સ્વર વિરૂદ્ધ ગતિએ લખવો હોય ત્યારે સ્વાભાવિક રીતે વ્યંજનની જે બાજુએ તે લખવો જોઇએ તેથી વિરૂદ્ધ બાજુએ લખાય છે.

[૨૪] શબ્દને અંતે 'અ' સિવાયના સ્વર પછી અર્ધા બોલાતા 'ર'ને રેફનો નિયમ લાગુ પડે છે.

[૨૫] એકીસાથે બે સ્વર આવતા હોય ત્યારે જોડાણ કઢંગુ ન બનતું હોય તો બંને લખાય છે, અને એ વખતે બંને પોતપોતાની રીતે લખાય છે; પણ એકબીજા સાથે તે જોડાઈ ન શકે ત્યારે વધુ મહત્ત્વનો એક રાખી બીજાનો લોપ કરાય છે.

સૂચનાઓ

(૧૭) બંનેમાં જોડાક્ષરનો પ્રથમ અક્ષર લખાયો છે. આગળ જોડાક્ષર માટે આવનારા કેટલાક અગત્યના નિયમોની પૂર્વતૈયારી રૂપ આ નિયમ છે.

(૧૮) સ્વર ભારે લખવા માટે સ્વરનું શિરોબિંદુ વજનદાર થાય તો ચાલી શકે. આ નિયમ બધા સ્વરોને લાગુ પડે છે અને તેથી જ નિયમ ૨૦ની 'અ' માટે જરૂર પડે છે. ખ્યાલમાં રહે કે અર્ધા અનુનાસિકો હમેશાં પોતપોતાના વર્ગના વ્યંજનો સાથે જ આવે છે. એથી લોપ પામેલો અનુનાસિક પાછળના વ્યંજનનો વર્ગ જોવાથી જાણી શકાશે.

(૧૯) આ રેખાને દીર્ઘરેખા સાથે સરખાવો. જોઇ શકાશે કે વિસર્ગરેખા સ્વરની સાથે તીરની માફક આવે છે. નકશામાં ઉદાહરણ આપેલું છે તે જુઓ.

(૨૦) કેમકે સ્વર લખ્યા સિવાય એ ત્રણમાંથી એક પણ બતાવી ન શકાય. રેફ માટે નિયમ ૨૧-૨૨ જુઓ.

(૨૧) નિયમ ૧૭ની માફક.

(૨૨–૨૪) સ્વર વિરુદ્ધ ગતિએ લખવો એટલે (ક) ખૂણાની બહાર લખાતો હોય એવો સ્વર ખૂણાની અંદર લખવો, (ખ) વર્તુલાકૃતિ વ્યંજનની અંદર લખવો જોઇએ એવો સ્વર તે વ્યંજનની બહાર લખવો અને (ગ) સરલાકૃતિ વ્યંજનોની જમણી કે ડાબી બાજુ સામાન્ય રીતે લખાતો હોય તે સ્વર અનુક્રમે ડાબી કે જમણી બાજુ લખવો. આ માટેનાં બધાં ઉદાહરણ નકશામાં આપેલાં છે.

(૨૫) આ આખો પ્રશ્ન લઘુલેખકની વિવેકબુદ્ધિનો છે. નીચેનાં ઉદાહરણો જોવાથી એનો કાંઇક ખ્યાલ આવી શકશે.

ઉદાહરણો

(૧) **[નિ. ૧૭: ક્ષ અને જ્ઞ] અક્ષર,** આજ્ઞા, ક્ષણ, જ્ઞાતિ, ભિક્ષા, લક્ષણ, સમક્ષ, સમીક્ષા.

(૨) **[નિ. ૧૮–૨૦: અનુસ્વાર, વિસર્ગ] આનંદ,** આંખ, ઇન્સાફ, ચાંદી, ચૂંટણી, જીંદગી, દંભ, દુઃખ, બીબાં, ~~~ રૂપાંતર, લૂંટ, શંકા, સંઘ, સંયોગ, સંતોષ, સંધિ, સંબંધ, સંભવ, સંભાળ, સંવાદ, સોંઘું, હિંદ.


(૩) **[નિ. ૨૧: ર્ય] ઔદાર્ય,** મર્યાદા, સૂર્ય, સૌંદર્ય.

(૪) **[નિ. ૨૨-૨૩ રેફ] આદર્શ,** ચર્ચા, જર્મન, ધર્મ, મર્દ, માર્ગ. વર્તન, વર્ષ, સર્જન, સંપૂર્ણ.

(૫) **[નિ. ૨૪: અંત્ય ર] આચાર,** આતુર, આધાર, આભાર, ઇજનેર, ઉદાર, ઘોર, જરૂર, જાહેર, તાર, તૈયાર, દુરાચાર, મજુર, મંદિર, શરીર, શહેર.

(૬) **[નિ. ૨૫: બે સ્વરો સાથે] ઊંચાઇ,** ચાઇનીઝ, જાહેરાત, જુલાઈ, ટાઇપ, દરીઓ, નોકરીઆત, ભાઇ, મલાઇ, રેડીઓ, હથીઆર, હરીફાઇ.

ઉદાહરણોનું લઘુલેખન



ચોથો દિવસ: સંખ્યાઓ, વિરામચિહ્નો ઇત્યાદિ

નિયમો

[૨૬] લઘુલિપિમાં સો નીચેની સંખ્યાઓ સામાન્ય વ્યવહારના સંખ્યાંકથી જ લખાય છે. પણ સો, હજાર, લાખ વગેરે શબ્દો બીજી નાની સંખ્યા સાથે આવે ત્યારે એ નાની સંખ્યા ઉપર એ 'હજાર' 'લાખ' વગેરે માટે મીંડાં મૂકવાને બદલે તેને માટે યોજાએલા સંકેતો મૂકવા.

[૨૭] વિશેષ નામોમાં મહાપ્રાણબિંદુઓ અવશ્ય લખાય છે, તેમજ એ નામની નીચે બે અવતરણચિહ્નો મુકાય છે.

[૨૮] પરભાષી શબ્દો લખવાના હોય ત્યારે તે દીર્ઘરેખાઓ તેમજ મહાપ્રાણબિંદુઓ સહિત, આખા લખાય છે; તેમજ તેમાં આવતા જોડાક્ષરોમાંનો દરેક વ્યંજન પ્રથમ આખો લખી તેમાંના જે અર્ધાં હોય તેના પર કાપ મુકાય છે.

[૨૯] વિરામચિહ્નોમાંનાં ચાર માટે જ જુદી સંજ્ઞાઓ નકશામાં આપી છે. એ સિવાયનાં બધાં સામાન્ય લિપિનાં જ ચિહ્નો વ્યવહારમાં લેવાય છે.

સૂચનાઓ

(૨૬) જોઇ શકાશે કે 'મહાપદ્મ' અને 'મધ્ય' એ બેને બાદ કરતાં સંખ્યાઓના નામના પ્રથમ વ્યંજનનું ક્યાંય પુનરાવર્તન થતું નથી, એથી જ આ નિયમ શક્ય બન્યો છે. આ નિયમનો ઉપયોગ ઉપરનાં મીંડાં ઉડાવી દેવા પૂરતો જ કરવાનો છે. બાકી '૧૪૭૨૮' જેવી સંખ્યા તો સામાન્ય રીતે જ લખાય. નકશામાં ચાલુ વપરાશથી સંખ્યાઓના સંકેતો બતાવ્યા છે.

(૨૭) આવી રીતે નિશાની કરેલાં વિશેષ નામો પોતે સ્પષ્ટ હોવા ઉપરાંત વાંચતી વખતે બીજા શબ્દોને સ્પષ્ટ કરવામાં બહુ મદદગાર થઇ પડે છે. બાકી મહાપ્રાણબિંદુની બાબતમાં પ્રસંગાનુસાર છૂટ લઇ શકાય.

(૨૮) ગુજરાતી લઘુલેખકને માથે જડાએલી પરભાષાઓ એક મોટી આફત છે. આ સંબંધી વિસ્તૃત ચર્ચા યથાક્રમે કરવામાં આવશે. હાલ તો એવા શબ્દો બને એટલા સંપૂર્ણ લખવા અનિવાર્ય છે. કાપ કેમ મૂકવો તે ઉદાહરણો જોતાં સમજાશે.

(૨૯) વિરામચિહ્નો જેમ બને તેમ વધુ અવશ્ય વાપરવાં, કેમકે વાચન સરળ બનાવવામાં એના જેટલી મદદ બીજું કોઇ કરતું નથી. શરૂઆતથી જ શ્રુતલેખન ઉપરથી કહ્યા વગર અલ્પવિરામ, પૂર્ણવિરામ વગેરે ચિહ્નો વાપરવાની તાલીમ મેળવી લેવી.

ઉદાહરણો


(૧) **[નિ. ૨૬: સંખ્યાઓ]** પાંચસો, ચારસો પંદર, ચૌદ હજાર, સાત લાખ, દસ કરોડ, ત્રેવીશ અબજ, ચૌદ હજાર આઠસો, અઠ્ઠાવીશ હજાર નવસો પંચ્યાશી, આઠ લાખ ઓગણચાળીશ હજાર.

(૨) **[નિ. ૨૭: વિશેષ નામો]** અમેરિકા, ઈટલી, એબીસીનીઆ, ઑક્સફર્ડ, કલકતા, કાઠીઆવાડ, જાપાન, નોબેલ, ન્યૂ યૉર્ક, બૅંગલોર, માન્ચેસ્ટર, મુંબાઇ, યુરોપ, રાયપુર, લંડન.

(૩) **[નિ. ૨૮: પરભાષી શબ્દો]** એરોપ્લેન, ઍલ્યુમીનિયમ, ટેલીફોન, ટ્રેન, ડીલર્સ, ફર્લોંગ, ફિલ્મ, ફ્રેંચ, ફ્લેશલાઇટ, બ્રુક્સેલર્સ, મશીનગન, મ્યુનિસિપાલિટી ~~~ યુનિવર્સિટી, યુરોપીઅન, લાઇસન્સ, લીમીટેડ, સ્ટેશન.

(૪) **[નિ. ૨૯: વિરામચિહ્નો]** ઉદાહરણો મનોયત્નમાં માલૂમ પડશે.

ઉદાહરણોનું લઘુલેખન



મનોયત્ન ૧

(૧) સુખદ અનુભવો જીવનભર એકસરખા સચોટ રહી શકતા હોત તો જીવનનું ઉધાર પાસું પણ એટલું જ ભારે થાત ને?

(૨) હાથમાંની ચોપડી ટેબલ પર પડતી મૂકી તે ઊંડા વિચારમાં ડૂબી ગયો.

(૩) એકનો એક મનોભાવ જુદેજુદે વખતે કેવાં જુદાંજુદાં રૂપ ધારણ કરે છે!

(૪) શું બાળક કે શું યોગી, બધા એક જ જિજીવિષાના પંજામાં પકડાઈ કેવાં તરફડીઆં મારી રહે છે! અને છતાં કેવી ખૂબી છે કે એ દરેક પોતાનાં એ તરફડીઆંને 'તનમનાટ'નું સુંદર ઉપનામ આપવા મથતા હોય છે!

(૫) કોઇ મહાન ભાષણકાર હવામાં હાથ વીંઝે એમ વેલણનો અભિનય કરી તે બોલી, 'બ'નું કાંઇ નહિ કેમ? કાં તો એનું કાંઇક કરવું જોઇએ, અથવા તો દુનિયામાથી 'બ' કાઢી નાખવો જોઇએ.' આ સંદેશો આપી બળતી રોટલીને ફેરવવા તે ચાલી ગઇ.

(૬) નાનામાં નાની અડચણો માટે પણ મેં વિચાર કરી જોયા, અને તે બધીને કેમ પહોંચી વળવું તેની આખી યોજના રાતનો ઉજાગરો વેઠીને પણ તૈયાર કરી.

(૭) હું મારા મનને એમ મનાવતો કે ઇતિહાસમાં મારા જેવા અભાગી શોધકોનાં ઘણાં ઉદાહરણો મળી આવે છે. માટી પર ઓપ લાવવા મથનાર રસાયણીને પૂરતું બળતણ ન મળતાં, સગાંના ઉપહાસની સામે થઇને તેણે પોતાનું બધું ફરનીચર બાળી નાખેલું. અને મેં જોયું કે ફતેહ એવા ખડતલ કામ કરનારાઓને જ વરી છે.

(૮) એક જ આશા માનવીના આખા જીવનને કેવું ગતિમય બનાવી દે છે, તે મેં પહેલાં સાંભળેલું. પણ હવે તે બધું મને અનુભવે સમજાયું. માનવ જીવનની પામરતા માટેના બધા તરંગોને મારી વિચારસરણીમાંથી હવે રૂખસદ મળી. જે માનવ પહેલાં મને કેવળ એક જંતુ સમાન લાગતો હતો તેના માનસની પાછળ કેટકેટલી સબળ લાગણીઓ અને અજય બળ છુપાએલાં છે તેનું વિરાટ રૂપ મેં હવે જ જોયું.

(૯) છેવટ મનુની મા કહે, 'મનુ, તું આમ તોફાન કરે છે તે મને ગમતું નથી. આમ શાન્ત રહેતો હોય તો કેવો વહાલો લાગે!' મનુનું બધું તોફાન આ લાલચ સામે શમી ગયું. માતાને વહાલા થવા ખાતર તે કોઇ પણ મઝા કે હઠ જતી કરી શકે. તે કહે, 'બા, મને આમ આગળથી જ કીધું હોત તો?'


(૧૦) વિજયા જરા શરમીંદી બની ગઇ. માસિક પોતાની બાજુએ સોફા પર મૂકી દીધું. માથું સોફાની પીઠ પર ઢાળી હસતી પાછળ ઉભેલા પતિ સુમન તરફ જોઇ રહી.


(૧૧) જુગતરામને જીવનનાં લગભગ બધાં ય જરૂરી કામ હજુ બાકી હતાં. અને તે બધાં કામ માટેનું બળ તેને આ નોકરીમાંથી મેળવવાનું હતું. એથી જ તો એનું શરીર અવિરત કામ કરતાં થાકતું જ નહિ.

(૧૨) 'હા! હા! હા! હા! હા! સડેલા ભાતમાંથી દોડી જતા કીડાને પકડી મોઢામાં મૂકવામાં આવતી ઠંડી લહેજત અને મનોરમ સુરભિ માણી શકવા તો ચીનમાં જ જન્મવું પડે, નહિ?'

(૧૩) અમે એ વખતે ગંતૂર રોડ પર આવેલી ટી. કે. લૅબોરૅટરીમાં કામ કરતા હતા. વજન કરવાના કાંટા ગોઠવેલા છે તે નાના ઓરડામાં હું થોડાં રસાયણો જોખવા ગયો હતો. અને કાન્તિલાલ શાળાના વચલા ઓરડામાં ડાયનેમોની ડીઝાઇન સંબંધે કાંઇક નોંધ લેતા હતા. બહાર ધોધમાર વરસાદ વરસતો હતો, અને વીજળીના કડાકા એવું તો મગજ પકવી દેતા હતા કે કામમાં એકતાન થવું અઘરૂં થઇ પડતું હતું. એવામાં એક મોટો કડાકો આંખ અને કાનને બહેરાં કરી ગયો. તે પછી થોડીવારે પાસેના ઓરડામાં કાચ ફૂટવાના જેવો કાંઇક અવાજ સંભળાયો. કોઇ વજનદાર પદાર્થ ઉથલી પડવાનો એ અવાજ હતો. હું તુરત દોડી, એ મોટા ઓરડામાં જવાનું બારણું ખોલી અંદર ગયો.

મનોયત્નનું લઘુલેખન





સંગીતનો જલસો

વાંદર કહે છે રીંછભાઇને
ચાલો મોટાભાઇ!
સંગીતનો જલસો આદરીએ
કરીએ ખૂબ કમાઇ.

તમે બજાવો મંજીરાં ને
હું ય બજાવું થાળી,
નાચી કૂદી રમશું બંને
ફરશું લેતા તાળી.

બજી ડુગડુગી, લોક ભરાયા,
જોઇજોઇ હરખે મન,
વાંદર ઊભો થાળી પીટે
વાગે ઠન્ ઠન્ ઠન્.

રીંછે એમાં તાલ પુરાવ્યો
ખૂબ કરી હા—આહ!
પૈસાનો વરસાદ વરસિયો
વાહ! ગવૈયા, વાહ!

પાસે ઊભા લંબકરણજી
કર્યો તૂર્ત વિચાર:
હું જો આમાં પૂરૂં સૂર તો
થઇ જાય બેડો પાર.

લંબકરણજી ગાવા લાગ્યા
રસની છૂટી રેલ!
ધોકા માથે પડવા લાગ્યા
પૂરો થયો ખેલ!

રમણલાલ સોની



જાદુઈ લાકડી

એક ગરીબ બ્રાહ્મણ હતો. એટલી હદ સુધી ગરીબ કે ઘરમાંથી ટંકનું ખાવાનું ન નીકળે. એને નહોતું કોઇ સગું કે નહોતો કોઇ મિત્ર, કે જેની પાસે એ પોતાની ગરીબાઇ પણ જણાવી શકે.

બૈરી તો રોજ ટકટક કર્યા કરે. આખરે તે કંટાળ્યો ને નસીબ અજમાવવા બીજે ગામ જવા ઊપડ્યો.

રસ્તામાં એક ખાસું મોટું તળાવ જોઇ તેને પાણી પીવાનું મન થયું. પાળ પર નમી પાણીનો પહેલો ઘુંટડો હજુ ઉતારે છે ત્યાં એક તીણી ચીસ તેને સંભળાઇ. દોડીને જુએ છે તો એક જબરો સાપ એક મોટા લીલા દેડકાને ગળી રહ્યો હતો. દેડકાની કારમી ચીસોથી તેને દયા આવી ગઇ ને તેણે એક મોટો પથરો લઇ સાપને મારી નાખ્યો.

દેડકો તો હદ ઉપરાંતનો રાજી થતો કૂદી આવી બ્રાહ્મણને પગે પડ્યો ને બોલ્યો, 'મહેરબાન, તમે મને આજે જીવતદાન આપ્યું; અમારો દેડકાંઓનો તો એ દુષ્ટ સાપ કાળ જ હતો. તમે આજ મારા એકલા ઉપર નહિ પણ અમારા આખા તળાવ ઉપર ઉપકાર કર્યો છે.'

ત્યાં તો બીજાં યે દેડકાંદેડકીઓ બ્રાહ્મણના પગ આગળ આવી નાચવા માંડ્યાં. બ્રાહ્મણે તેમના દુશ્મનનું કાયમી કાસળ કાઢી નાખ્યું હતું એ કંઇ એમને મન નાનીસૂની બાબત ન હતી.

'ભાઇઓ!' બધાંની વચ્ચે પેલો મોટો લીલો દેડકો બોલી ઊઠ્યો: 'મને લાગે છે કે આ ઉપકારના બદલામાં આપણા તળાવના તળિયે ઘણાં વર્ષોથી પડેલી પેલી જાદુઇ લાકડી આપણે આ બ્રાહ્મણને આપીએ.'

બધાં દેડકાં કબૂલ થયાં ને મોટા દેડકાએ ડૂબકી મારી. થોડી જ વારમાં તે ઉપર આવ્યો. તેના મોઢામાં સેવાળ ચોંટેલો એક નાનો દંડુકો હતો. તે બ્રાહ્મણના પગ આગળ મૂકીને એ બોલ્યો: 'મહારાજ, આ તમારા ઉપકારનો બદલો. આ લાકડીથી જે ઇચ્છા થાય તે આવી મળે છે. પણ યાદ એટલું રાખવાનું કે માગનાર કરતાં તેના પાડોશીને બમણું મળે છે.'

બ્રાહ્મણ તો લાકડી લઇ હરખાતો હરખાતો ઘર ભણી પાછો વળ્યો. પણ પછી તેના અદેખા મનને રસ્તામાં વિચાર આવ્યો: 'જો હું ઘેર જઇ ધાન માગીશ તો આ લાકડી બીજાં બધાંને ઘેર મારાથી બમણું ધાન આપવાની. આવી કમબખ્ત લાકડી શા કામની?'

આથી લાકડી પર મનમાં જ બળતો તે ઘેર ગયો. ઘેર જતાં તરત જ બૈરીએ સમાચાર પૂછ્યા. અકળાતાં તેણે બધી હકીકત જણાવી. દરરોજ એકાદશી ખેંચતી બૈરી તો બિચારી લાકડીની વાત સાંભળીને આનંદમાં આવી ગઇ: 'ઓહો, હવે તો પેટ ભરીને રોજ જમશું.'

'પણ કમબખ્ત,' બ્રાહ્મણ અદેખાઇથી ઘુરક્યો. 'આપણને દશ શેર ધાન મળે તો પાડોશીને ઘેર અધમણ જાય તે શું જોયા કરવાનું? હું મરીશ તો યે એમ તો નહિ જ થવા દઉં.'

'તમે તે કેવા સ્વાર્થી છો?' બ્રાહ્મણીએ કહ્યું.

'છતાં તારા જેટલો મૂરખ તો નથી જ.' બ્રાહ્મણ તિરસ્કારથી હસ્યો.

બ્રાહ્મણી તો બિચારી શિયાંવિયાં થઈ ગઈ. કેટલા ય દિવસની ભૂખ વેઠી હોવાથી ખાવાને માટે તે કરગરવા લાગી.

'એ માટે આપણે કોઇ બીજો ઉપાય શોધી કાઢીએ પણ આવી લાકડી તે શું આ નમાલા પાડોશીઓ માટે મેળવી છે?' બ્રાહ્મણ કડક જ રહ્યો.

જ્યાંત્યાંથી માગીને એ રોજ બે કોળિયા લાવતો, પણ એટલા ઉપર કાયા એટલી જ જંતરવાની હતી. બંને નબળાં પડતાં જતાં હતાં, પણ બ્રાહ્મણભાઇનો નનૈયો છૂટતો નહોતો.

એક દિવસ બ્રાહ્મણ માગવા ગએલો ત્યાં લાગ જોઇ બ્રાહ્મણીએ મેડા પર સંતાડેલી લાકડી શોધી કાઢી અને બંને હાથમાં તે પકડી રાખીને બોલી: 'જાદુઇ લાકડી, મારે હજાર રૂપિયા જોઇએ છે.'

તરત જ ખનનન્–ખનન્ કરતા રૂપિયાથી જમીન ઢંકાઈ ગઇ. હરખઘેલી થઇને બ્રાહ્મણીએ બધું ઉસેડવા માંડ્યું અને ખપ પૂરતા રૂપિયા બહાર રાખી બાકીના રૂપિયા તેણે ઝટપટ સંતાડી દીધા.

પછી એક રૂપિયો લઇ તે મોદીની દુકાનેથી જોઇતી ચીજવસત લાવી. આજે તો તેણે ઉમંગમાં રસોઇ કરવા માંડી. આ બાજુ બ્રાહ્મણને ભિક્ષામાં કંઇ ન મળતાં ગુસ્સામાં ને ગુસ્સામાં ઘર તરફ આવતો હતો. શેરીમાં પેસતાં જ તેણે પડોશમાં બધે આનંદ ને ઉત્સાહ છવાઇ રહેલો જોયો.

ઘરમાં પેઠો તો પોતાની બૈરીને હરખમાં ગાતી-ગાતી રસોઇ કરતી જોઇ. ઉમરામાં પગ મૂકતાં જ તે ત્રાડુક્યો: 'ક્યાંથી આણ્યું આ બધું?'

બ્રાહ્મણી તેનો વિકરાળ ચહેરો જોઇ બી ગઇ ને બધું સાચેસાચું જણાવી દીધું.

'હાય રે!' માથે હાથ દેતો બ્રાહ્મણ ભોંય બેસી ગયો. 'હવે મને ખબર પડી કે પાડોશીઓ હરામખોરો બધા આજે કેમ આનંદમાં હતા. શું? શું? તેં હજ્જા...ર રૂપિયા માગ્યા?'

'એ ઓછા હોય તો આપણે ભલે હજારને બદલે પાંચ હજાર માગીએ.' બ્રાહ્મણી બોલી. 'પણ...'

'એટલે આ બધા હરામીઓને દસ હજાર રૂપિયા મળે એમ ને? બબુચક! તારી તે અક્કલ ક્યાં બળી ગઇ છે? એવી ભૂલ હવે હું થવા દઉં? ચાલ લાવ, એ લાકડી લાવ! ક્યાં મૂકી?'

લાકડી લઇ તે ગુસ્સામાં બાળી મૂકવા જતો હતો ત્યાં તેને કંઇક વિચાર આવ્યો. તરત જ તેણે લાકડી પાછી મૂકી દીધી અને શાન્ત થઇ આનંદથી કપડાં ઉતારી જમવા બેઠો.

તેની બૈરીને તો આ ફેરફારથી નવાઇ ઉપજી. 'કેમ વળી શું કરવા ધાર્યું છે?' તેણે પૂછ્યું.

'કાંઇ નહિ.' બ્રાહ્મણે માથું ધુણાવ્યું. મલકાતો-મલકાતો એ તો જબરા કોળિયા ભરતો જતો હતો.

જમ્યા બાદ હાથ મોં ધોઇ તરત જ તેણે પેલી લાકડી ઉપાડી. બૈરીને પણ નવાઇ તો લાગેલી એટલે તે પાસે જ આવી ઊભી. 'લાકડી, હું તને કહું છું કે મારી એક આંખ ફૂટી જાય!'

બૈરી તો આ સાંભળીને ભયભીત બની ગઇ! જુએ છે તો બ્રાહ્મણની એક આંખ ફૂટી ગએલી! એ પોતે તો ગૌરવથી હસી રહ્યો હતો. તરત જ બહાર કોલાહલ સંભળાયો. 'આ બધું શું થાય છે?' બૈરીએ પૂછ્યું.

'કેમ, મારાથી એમને બમણું મળ્યું છે ને?' બ્રાહ્મણ હસતાંહસતાં બોલ્યો. તેમને આંધળા બનાવવા તો હું કાણો બન્યો. એ તો તું મૂર્ખી હતી કે એ બધાને ઘેર બેઠે બબ્બે હજાર રૂપિયાના ઢગલા કરાવ્યા. હવે, ઓ જાદુઇ લાકડી, હું કહું છું કે મારા ઘર આગળ એક જબરો કૂવો થઇ જાય!'

'અરે, અરે!' બ્રાહ્મણી ગભરાટમાં ચીસ પાડી ઊઠી.

'અરે અરે શું વળી? બધા એ જ લાગના છે. એટલું કહી બ્રાહ્મણ આંગણામાં આવી જુએ છે તો ત્યાં જબરો કૂવો થઇ ગએલો. એક આંખે કૂવો ઓળંગી તે શેરીમાં આવ્યો.

અહીંથી તહીં ભયભીત બની આંધળા બનેલા બધા પાડોશીઓ અફળાઇ રહ્યા હતા. બધાનાં આંગણાંમાં બબ્બે કૂવા જોઇ તેણે આનંદથી ખોંખારો ખાધો. પણ ત્યાં તો તેણે બૈરીની ચીસાચીસ સાંભળી. ઘરને આગ લાગી હતી અને બૈરી તે આગમાં સપડાઇ હતી. જાદુઇ લાકડીના દુરૂપયોગનું આ પરિણામ હતું.

લાકડી તો હવે ગેબ જ થઇ ગઇ. બહુ જ દાઝી હોવાથી તેની બૈરી પણ બળી ગઇ ને ઘર પણ બળી ગયું.

અને કાણીઓ બ્રાહ્મણ એ જ ફૂટલી કાચલીમાં લોટ ભીખતો રહી ગયો.

કેમ? કેમ

પૃથ્વીનો ગોળો ત્રાંસ પડતો કેમ હોય છે?

પૃથ્વીના જે રંગીન ગોળાઓ શાળામાં આપણે જોઇએ છીએ તેમાં ઉત્તર અને દક્ષિણ ધ્રુવ એક બીજાની નીચે બરાબર સીધી લીટીએ આવેલા નથી હોતા, પણ ત્રાંસ પડતા હોય છે. એ ત્રાંસ-નો ખૂણો બરાબર સાડી ત્રેવીસ ડિગ્રીનો થાય છે. સૂર્યની આસ-પાસ ફરતાં પૃથ્વી પણ એટલી જ ડિગ્રી ધરીનો ત્રાંસ રાખી ફરે છે અને એટલે જ ગોળાઓમાં તે ત્રાંસ દર્શાવેલો હોય છે. એ ત્રાંસ એક રીતે તો આપણે માટે ખૂબ આવકારદાયક બને છે, કારણ તેથી સૂર્ય એકલા વિષુવવૃત્ત પર જ તપતો ન રહેતાં કર્ક અને મકરવૃત્ત સુધીના બધા અક્ષાંશોમાં ફરતો રહે છે. પૃથ્વીનો ઘણો ભાગ તેથી વસવાને લાયક બને છે અને જીવનને અત્યંત જરૂરી એવો ઋતુઓનો ફેરફાર પણ તેને લીધે જ થાય છે.



મધુકરી

*** માત્ર ૨૮ ટકા પરિણામ આપતી યુનિવર્સિટીની છેલ્લી મૅટ્રિકની પરીક્ષા વિષે લખાએલા આ કાવ્યમાં શ્રી સુન્દરમે સારો નર્મ કર્યો છે. ઇટલિના તાજા વિજય જોડે સરખામણીમાં મૂકી મજાકમાં વર્ણવેલા આ 'વર્સિટી વિજય વડે નામાભિધાન અને લઢણમાં કવિ કાન્તના 'વસંતવિજય'ના પ્રતિ-કાવ્યનો ભાસ કરાવ્યો છે.→

'વર્સિટી વિજય!

'અરે ભાઈ! અરે મિત્ર! બેટા બેટા! પિતા પિતા!
અરે બેન! અરે માડી! શિષ્ય શિષ્ય! ગુરો ગુરો!'
હજારો કંઠથી એવાં ઝર્યાં સંબોધનો હશે,
દયામાયાભર્યાં, આંસુ આંખનાં લૂછી લૂછતાં,
બેનનાં મિત્રનાં બાપા બેટાનાં ભાઇ પુત્રીનાં
ગુરુનાં શિષ્યની પ્રત્યે, શિષ્યનાં ગુરુની પ્રતિ,
વધારા વાંચીને તાજા છાપાંઓના છપાયલા.
કૂવેકૂવે મૂકો ચોકી, પાળેપાળે તળાવની,
નદીએ ને નવાણે સૌ, ઊભા પૂલેપૂલે જઈ,
પહેરા ભરવા માંડો, દોરડાં દો છુપાવી સૌ,
ઍસિડો સૌ મૂકો આઘા, અફીણો વેચશો નહિ;
રહો સૌ જાગતા રાતે, કાપી છે દેવી મૅટ્રિક.
બચાવી લો બચાવી લો તમારા ભાઇભાંડુને,
નિરાશાઘાતથી જોજો મરવા ના જાય એ હવે.

ઇટાલીએ લાખ કરોડ ખર્ચી
ઉડી વિમાને શત જોજનો કૈં
અને ફેંકી કંઇ ગૅસગોળા
જીતી લીધું કાલ જ ઍબિસીનિયા.
આપણી યુનિવર્સિટી છે માની મા ઈટાલીની,
એના વિજયની પાસે પેલી જીત મવાલીની.
બે લાખને બૅન્ક વિષે જગાવીને
અને વિમાને ડગલું દીધા વિના
રે કાગળોના બસ કૈં પતાકડે
એણે હણ્યા છે જ સહસ્ર આદમી.

ગયા'તા જીતવા હોંશે જુવાનો ને જુવાનીઓ,
બેટાના બાપ ને મોટા મૂછાળા ને મસાણીઓ,
તેમને કેવી ખૂબીથી ક્ષણ બેમાં જ જોઇ લો
પછાડયા, જેહને લાગેવળગે તે જ રોઇ લો.
રોઇ લો જોઇ લો ભાઈ! આય તો ખાસ ખેલ છે!
હારેલા કરતાં જેમાં જીતેલાની ફજેતી છે!!


(પ્રજાબંધુ) —સુન્દરમ્

સ્વ. ડૉ. અનસારી

*** એમની મૈત્રિ માટે હિંદના રાજા મહારાજાઓ તલપતા; એમની તબીબી અઢળક દોલતનું સાધન હતી. પણ એમણે તો માતૃભૂમિના સૈનિકોથી જ મૈત્રિ સાધી ને અઢળક દોલત પણ લુટાવવામાં જ ખર્ચી. મૃત્યુની ઘડી સુધી ગાંધીજી સાથે હિંદુ-મુસ્લીમ ઐક્યની વાટાઘાટમાં રચ્યા રહેનાર એ પાક ઇસ્લામી ડૉ. અનસારીનું ગઇ ૯મી મેએ અવસાન થયું છે.

હકીમ અજમલખાન ને મઝરૂલ હક્ક જ્યારે બેહિસ્તનશીન થએલા ને અલી બિરાદરો પણ હિંદની સ્વાતંત્ર્યની લડતમાંથી વીતરાગ બનવા માંડયા હતા ત્યારે મુસ્લિમ કોમ તરફથી લડતનો મોખરો સાચવવા એક અશરાફ મુસ્લિમ આગળ આવ્યા. તેમને કીર્તિ મેળવવાની લાલસા નહોતી, કારણ કીર્તિને તો હાથે કરીને જતી કરેલી. તેમને દોલત એકઠી કરવાની તમન્ના નહોતી, કારણ તે માટેના પ્રયાસો પરથી તેમણે મન ઉઠાવી લીધું હતું. તમન્ના કે ઉમેદ હતી માત્ર હિંદુમુસ્લીમ ઐક્ય દ્વારા માતાની મુક્તિ સાધવાની. એ એક અને સાચી ઉમેદથી જ તેઓએ હિંદના રાજકારણમાં ઝંપલાવેલું. અને કોણ કહે છે કે ડૉ. અનસારી એ ઉમેદને આમરણાંત વફાદાર નહોતા રહ્યા?

ડૉ. મુખ્તાર અહમદ અનસારીનો જન્મ ઇ. ૧૮૮૦માં. અલ્લાહાબાદની મ્યૂર કૉલેજમાં શિક્ષણ લઇ પાછળથી નિઝામ કૉલેજમાં વિજ્ઞાનના વિષય સાથે તેઓ ગ્રૅજ્યુએટ થયા. વિદ્યાર્થીજીવન દરમિયાન પણ તેમની પ્રતિભાની જમાવટ મુગ્ધ કરે તેવી હતી; અને એ આકર્ષણે જ તેમણે પરદેશોમાં પોસ્ટ ગ્રૅજ્યુએટ શિક્ષણ માટેની નિઝામ સ્કૉલરશિપ મેળવી એને એડિનબર્ગ યુનિવર્સિટીમાં વૈદક કૉલેજમાં તેઓ જોડાયા.



સ્વ. ડૉ. મુખ્તાર અહમદ અનસારી

એક કરતાં વધુ ઉપાધિઓ ત્યાં મેળવી ને ત્યાં પણ પોતાની કારકીર્દિ એટલી જ્વલંત પુરવાર કરી આપી કે ૧૯૦૭ માં કોઇ પણ હિંદીને નહિ મળેલો એવો ચૅરિંગ ક્રૉસ હૉસ્પિટલના હાઉસસર્જનનો હોદ્દો તેમણે મેળવ્યો.

છેલ્લે માસ્ટર ઑફ સર્જરીની ઉપાધિ મેળવી ઇ. ૧૯૦૯ના આખરી ભાગે તેઓ માદરવતન હિંદ પાછા ફર્યા. દિલ્હીમાં કન્સલ્ટિંગ પ્રૅક્ટિસ ચાલુ કરી અને હજુ એ જામી ન જામી ત્યાં તો ૧૯૧૧-૧૨માં યુરોપમાં બાલ્કન યુદ્ધ ફાટી નીકળ્યું. તુર્કીમાં ત્યારે ખિલાફત હતી. ઇસ્લામના સ્લાસલ્લા એ દોરમાં પોતાની સેવા આપવાના ઇરાદે તેમણે 'હિંદ રેડ ક્રેસન્ટ મિશન' ઊભું કર્યું ને તુર્ત તુર્કી પહોંચ્યા. યુદ્ધમાં ઘવાએલાઓની અને માંદા પડેલાઓની પોતાના દાક્તરી જ્ઞાનના વિશેષ બળે તેમણે જે અનુપમ સેવા બજાવેલી તેને લઇને આજ સુધી પણ તુર્કીને તેમનું નામ અવિસ્મરણીય રહ્યું છે. ત્યારના સુલતાને આજ સુધી કોઇ પણ પરદેશીને ન અપાએલા એવા માનવંતા ખિતાબથી ડૉ. અનસારીને નવાજેલા. અલી બિરાદરો સાથે મળી ઉપાડેલા આ કાર્ય પાછળ તેમની દૃષ્ટિની સંકુચિતતા હોવાની ઘણાઓને શંકા ઊઠેલી, પણ ત્યાર પછીના તેમના એબલાસભર્યા જાહેર જીવને અને તન, મન તથા ધનથી તેમણે મહાસભાને આપેલી મદદે સાબિત કરી આપ્યું કે કોઇ પણ હિતૈષી જેટલું જ માતૃહિત તેમની નાડમાં ધબકે છે.

હિંદના રાજકારણમાં જ્યારે લોકમાન્ય તિલકની આણ વર્તતી એ કાળમાં—૧૯૧૬-૧૭માં તેમણે હિંદના રાજકારણમાં ઝંપલાવ્યું ને હોમરૂલ લીગમાં જોડાયા દાક્તરીની તેમની પ્રૅક્ટિસ પણ ત્યારે જામી ગઇ હતી; પણ તેમની કાર્યશક્તિનો પ્રવાહ હવે રાષ્ટ્રની સેવા તરફ વધુ ને વધુ વહેણ શોધતો હતો. ૧૯૧૮ની મહાસભાની દિલ્હીની બેઠક વખતે તેઓ અખિલ હિંદ મહાસભા સમિતિના એક સંયુક્ત મંત્રી નિમાયા, જે સ્થાન ઠેઠ ઇ. ૧૯૨૭ સુધી તેમણે સંભાળ્યું.

ને એ '૨૭ની સાલ તો એમના તેજસ્વી જીવનના મધ્યાહ્ન સમી હતી, એમની સેવાઓ માટે હિંદની પ્રજા મોંઘામાં મોંઘું જે માન આપી શકે તે તેણે મહાસભાના પ્રમુખસ્થાને તેમની વરણી કરીને આપ્યું. મદ્રાસમાં ભરાએલી એ મહાસભા અનેક અંશે ચિરસ્મરણીય બની રહી છે. ત્યારે સાબિત થયું કે ડૉ. અનસારી માત્ર નિષેધાત્મક ટીકાકાર જ નહિ પરંતુ રચનાત્મક દૃષ્ટિવાળા પણ હતા. તેમના જ પ્રમુખપદ દરમિયાન નેહરૂ-કમિટીએ હિંદનું સર્વસંમત બંધારણ ઘડવાનું અગત્યનું છતાં વિકટ કાર્ય હાથ ધર્યું હતું. એ નિયુક્તિ પછી રાષ્ટ્રવાદ માટેની તેમની તમન્ના અને હિંદુ મુસ્લીમ ઐક્ય માટેની તેમની હાર્દિક વલણ મૂર્ત સ્વરૂપ લેવા મથવા માંડી અને છેવટે રાષ્ટ્રવાદી મુસ્લિમ પક્ષમાં મૂર્તિમતી બની. રાષ્ટ્રવાદી હિંદ તેમણે પાર પાડેલો એ કાર્યનો આભાર સહેજે વિસરી શકે તેમ નથી. તે દ્વારા સધાએલું કામ તો ઇતિહાસમાં નોંધાઇ જ ચૂક્યું છે

આ બધાં યે વર્ષો દરમિયાન એક સફળ તબીબ અને સર્જન તરીકે તો તેમની ખ્યાતિ ખૂબ ફેલાઇ ગઈ હતી ને તેમાં તેમનું નૈપુણ્ય પણ એટલું જ તલસ્પર્શી હતું, એ અવસાન પહેલાં ત્રણ માસ ઉપર જ તેમણે બહાર પાડેલા Regeneration in Manનું પુસ્તક પૂરવાર કરે છે. પુનર્યૌવનપ્રાપ્તિના પ્રશ્ન પરનાં તેમનાં અભ્યાસ અને સંશોધન ઘણાં ઊંડાં હતાં ને આ પુસ્તક એનો જ પરિપાક છે પણ તેમની કુનેહે કરીને કદી યે તેમણે પોતાના ધંધાને રાષ્ટ્રીય કાર્યની આડે આવવા દીધું ન હતું.

૧૯૩૦માં સત્યાગ્રહની લડતનાં દેશભરમાં ફરી વળેલાં પૂરમાં તેમણે શરૂઆતથી જ સક્રિય ભાગ લેવા માંડ્યો મહાસભાના કામચલાઉ પ્રમુખ બન્યા ને છ માસની સજા ભોગવી. એવી જ સજા ૧૯૩૨માં તેમને મળી. આ સજાઓથી તેમની તબિયત લથડી ગઇ ને તે સુધારવા તેઓ યુરોપ ઉપડ્યા. ત્યાંના હૃદયના નિષ્ણાત દાક્તરોએ તેમને આરામ લેવાનું સૂચવ્યું અને વર્ષોથી હિંદના રાજકારણમાં ઓતપ્રોત બનેલા ડૉ. અનસારીએ ગઇ સાલથી રાજકારણમાંથી નિવૃત્તિ લીધી.

પણ રાજકારણના વર્તુલની બહાર તો તેમની પ્રવૃત્તિ ચાલુ જ રહી પોતાનો બધો સમય ખર્ચી તેમણે જામિયા મીલિયા ઇસ્લામિયા—રાષ્ટ્રીય મુસ્લીમ વિદ્યાપીઠ ઊભી કરી, જેના તેઓ અવસાન સમયે કુલપતિ હતા. દિલ્હીથી આઠ માઇલ પર આવેલી એ સંસ્થામાં તેમને એટલો તો રસ રહેલો કે સખત ગરમીમાં યે આખો દિવસ તેના કાર્ય પાછળ તેઓ મંડ્યા રહેતા.

છેલ્લે લખનૌ કૉંગ્રેસમાં ભાગ લઇ, મસૂરીમાં રામપુરના નવાબને મળી ત્યાંથી પાછા વળતાં જોનપુર સ્ટેશન નજીક જ તા. ૯મી મેની મધરાતે તેમનું હૃદય એકાએક બંધ પડી ગયું. મૃત્યુ અગાઉ થોડી જ ક્ષણો પહેલાં તેમણે નોકરને કહેલું: 'મારી ઈચ્છા જીવવાની છે, પણ હવે જીવાશે નહિ.' છેલ્લા દિવસોમાં તેમનું લોહીનું દબાણ વધી ગયું હતું ને થાકની ફરિયાદ પણ રહેતી હતી. તેમનું શબ તેમની અંતિમ ઇચ્છા મુજબ જામિયા મીલિયાના કૅમ્પાઉન્ડમાં જ દફનાવવામાં આવ્યું છે.

તેમના અવસાનથી હિંદે તો, કોમીવાદનાં પૂરને ખાળવાની હિંમત અને દીર્ઘદૃષ્ટિ રાખનાર એક આગેવાન સપૂત ગુમાવ્યો છે, પરંતુ ઇંગ્લંડ જર્મની ને અન્ય દેશોએ પણ એક સાફદિલ દોસ્ત ગુમાવ્યો છે. 'આઝાદીના પરવાના બની માદરે વતનના ચિરાગમાં ખાક થવાની' તેમની તમન્નાએ તેમને હાથે જિંદગીભર એવાં ચિરંજીવ કાર્યો કરાવ્યાં છે કે હિંદની પ્રજાને એ નામ સદા યાદ રહેશે. પં. જવાહરના કહેવા પ્રમાણે 'તેમની સેવા હિંદુ મુસ્લીમ બંને કોમના હાથ મિલાવી, સ્વરાજ્ય પ્રગતિ માટેના પ્રયત્નમાં પ્રેરણારૂપ રહેશે.'

આપણા ઇતિહાસની યુગવારી

* * * ઇતિહાસ અને પુરાતત્ત્વના ભારતીય વિદ્વાનોમાં પંડિત જયચંદ્ર વિદ્યાલંકારનું નામ આજે આગલી હરોળમાં બોલાય છે. આજે જુવાન વયે પણ એમનાં કથનો પીઢ વિદ્વાનોમાં યે માનનીયને આધારભૂત મણાય છે. ૧૪૭મા અંકની માધુકરીમાં અમે 'દૂષિત ઇતિહાસ' નામની એક નાની નોંધ એમના કથનમાંથી ઉતારી હતી. ગયા એપ્રિલમાં નાગપુરમાં ભરાએલા હિંદી સાહિત્યસંમેલનની ઇતિહાસ પરિષદના અધ્યક્ષસ્થાનેથી એમણે એક મનનીય ભાષણ આપેલું વાનગી રૂપે આ નીચે એમાંનો એક ફકરો ઉતારીએ છીએ. એમાં એમણે મહાભારતના યુદ્ધથી માંડી વીસમી સદીના પ્રભાત સુધી આર્યાવર્તે અનુભવેલા ઇતિહાસની, અને સંસ્કૃતિની કરેલી આપલેની ટૂંકી સમીક્ષા આલેખી છે. આટલી ટૂંકી, આટલી તલસ્પર્શી અને છતાં આટલી ગ્રાહક સમીક્ષા અગાઉ ભાગ્યે જ જોવામાં આવી હશે. માત્ર થોડી જ મિનિટના વાચનમાં એ ભારતના સમગ્ર ઇતિહાસની ચિત્રરેખા સંસ્કૃતિના સુવર્ણદોર સાથે અંકિત કરી જાય છે અને આપણને જુદાંજુદાં યુગબળોની અસરના હાર્દમાં લઇ જાય છે. અમારી ભલામણ છે કે કોઇપણ વાચક આ વાંચવું ન વિસરે.

જાતીય જીવનના ક્રમવિકાસને જોતાં આપણો સારો યે ઇતિહાસ પ્રાચીન, મધ્ય અને અર્વાચીન એમ ત્રણ કાળમાં વહેંચાઈ જાય છે. આપણી પ્રાચીન સંસ્કૃતિના હરેક પડખામાં અને જાતીય જીવનમાં એકધારો પ્રવાહ અને વિકાસ દેખાઇ આવે છે, પણ એ પ્રવાહને તળિયે હળવેહળવે રેતીનો જમાવ થતો જતાં તે મંદ પડતો જાય છે ને આખરે એક સમયે તે સર્વથા ક્ષીણ થઈ જાય છે. એનો બધો સ્રોત રૂંધાઇ જાય છે. એ પ્રવાહની રૂંધણી આપણા ઇતિહાસમાં પ્રાચીનકાળના અંત અને મધ્યકાળના પ્રારંભની સૂચક છે. ઇ૦ ૫૪૦ લગભગ યશોવર્માના અસ્ત પર એ કાળોની વિભાજકરેખા દોરવામાં આવે છે.

પ્રાચીન કાળને પાંચ યુગોમાં વહેંચવામાં આવે છે. પહેલો એ આરંભિક આર્યોનો યુગ છે જે ઇ. પૂ. ૧૪૨૪ના મહાભારતના યુદ્ધ સાથે સમાપ્ત થાય છે. એ યુગનો સમાજ અને રાષ્ટ્ર, જનો અને કબીલાઓ (tribes)નો બનેલો છે. સાજાત્ય (kinship)ના વિચાર પર આખા રાષ્ટ્ર ને સમાજનો આધાર છે. પશુપાલન અને કૃષિ એ જનતાની જીવિકાઓ છે. એ યુગમાં વેદવાઙ્મય પ્રગટ થાય છે. આર્યાવર્તની સીમાઓ આ યુગમાં ઉત્તરે પક્થ (પઠાણદેશ) અને ગાંધારથી પૂર્વ તરફ અંગ સુધી અને દક્ષિણ તરફ વિદર્ભ (વરાડ) સુધી છે.

બીજા યુગમાં જનપદો (territorials)નો વિકાસ થાય છે. જનપદ રાજ્યોના પરસ્પરના સંમેલન અગર વિજયથી મહાજનપદો ઊભાં થાય છે. ખેતીની સાથેસાથ બાગબાનીનો પણ વિકાસ થાય છે ને અનેક શિલ્પો પણ જાગી ઊઠે છે. વેપારીઓના 'નિગમ' પ્રગટ થાય છે ને આર્થિક જીવન પરિપક્વ થતાં ધર્મ અને વ્યવહાર (ધાર્મિક અને દીવાની કાનૂન)નો પહેલવહેલો ઉદય થાય છે. ઉપનિષદો, યાસ્ક તથા પાણિનીનું સંસ્કૃત વાઙ્મય અને પાલી ત્રિપિટક એ આ જ યુગની ઊપજ છે. બુદ્ધ અને મહાવીર પણ આ યુગમાં જ પ્રકટ થાય છે. આર્યોની વસતિ હવે કંબોજ (પામીર—બદખ્શાં)થી વંગ અને સિંહલ તક પહોંચી જાય છે ને તેનો વેપાર બાવેરુ (બાબિલન)થી સુવર્ણભૂમિ (હિન્દી ચીન) સુધી વિસ્તરે છે. નવ નંદોની શરૂમાં લગભગ ઇ.પૂ. ૩૬૬માં આ યુગ પૂરો થાય છે.

ત્રીજો યુગ નંદ (મૌર્ય) સામ્રાજ્યનો (ઇ.પૂ. ૩૬૬થી ઇ.પૂ. ૨૦૦ લગભગ) છે. મહાપદ્મ નંદ બધાં પુરાણાં રાજ્યોને મિટાવી આર્યાવર્તમાં એક રાજ્ય સ્થાપિત કરે છે, જેને બીજા મૌર્યો કંબોજથી કર્ણાટક સુધી ફેલાવે છે. ત્યાર પછી મહાન અશોક કંબોજના પૂર્વ ખોતન (ચીનાઇ તુર્કસ્તાન)માં એક ઉપનિવેશ (વસાહત) સ્થાપે છે. વિશ્વનો ધર્મવિજય કરવાની તે મુરાદ સેવે છે.

ઇ.પૂ. ૨૦૦થી ઇ.સ. ૨૦૦ લગભગનો ગાળો ભારતીય ઇતિહાસનો સાતવાહન યુગ છે. એ યુગમાં યવન, શક, પહ્લવ, અને તુખાર જાતિઓ ભારતમાં પ્રવેશ કરી હિન્દુ બની જાય છે. ચીન અને ભારતનો સંબંધ બંધાય છે અને તારીમકાંઠા, પરલા હિંદ (further India) અને હિન્દી દ્વીપાવલિ (Insulindia)માં ભારતીય ઉપનિવેશો સ્થપાય છે. લલિતકળાઓમાં તેમજ સામુદ્રિક અને ખુશ્કી વ્યાપારમાં પણ ભારતવર્ષ વિશ્વનું કેન્દ્ર બને છે. આ એ જ યુગ છે કે જ્યારે રોમના નેતાઓ ફરિયાદ કરતા કે રોમની સ્ત્રીઓ ભારતથી આયાત થતી 'વણેલી હવાની જાળી' પહેરી પોતાનું સૌન્દર્ય દેખાડવા રોમનું

સોનું ભારતવર્ષ મોકલી રહી હતી. આ યુગમાં—ઈસુથી ૧૦૦ વર્ષ પહેલાં—ભારતીય નાવિકો પોતાનાં વહાણો સહિત જર્મની-ને કિનારે જઇ પહોંચ્યા હતા. પતંજલિ અને નાગાર્જુન, ગૌતમ અને કણાદ, ચરક અને સુશ્રુત, ભાસ અને અશ્વઘોષ, ગુણાઢ્ય અને તિરુવલ્લુવર આ યુગમાં જ થયા. શાસ્ત્રીય સંસ્કૃત, પ્રાકૃત અને તામીલ સાહિત્યોનો ઉદય પણ આ જ યુગમાં થયો. મનુ અને યાજ્ઞવલ્કયની સ્મૃતિઓ આ યુગમાં રચાઈ. વૈદિક ધર્મનું 'પુનરાહરણ' કરવાની ચેષ્ટાથી પૌરાણિક ધર્મનો વિકાસ થયો ને એ સરલ લોકપ્રિય ધર્મ પેઠે લોકપ્રિય બનવાની કોશિશમાં બૌદ્ધધર્મે મહાયાનનું રૂપ ધારણ કર્યું. ભારત અને સાંચીનાં તોરણો અને વેદિકાઓ, ભાજા અને કાર્લોના 'લેણ' અને 'સેલઘર' તથા ઓરિસ્સાની ગુફાઓ એ સૌ આ જ યુગમાં બન્યાં.

પ્રાચીન કાળનો અંતિમ યુગ તે વાકાટક-ગુપ્ત યુગ હતો, જેમાં સાતવાહન યુગની સમૃદ્ધિ અને સભ્યતા તેની ચરમ સીમા પર પહોંચે છે. એ પ્રવરસેન અને સમુદ્રગુપ્તનો, સ્કન્દગુપ્ત અને યશોવર્માનો, આર્યભટ્ટ અને કાલિદાસનો, વ્યાસ (યોગ-ભાષ્યકાર) અને વસુબન્ધુનો, કુમારજીવ અને ફાહિયેનનો યુગ છે. પૃથ્વી સૂર્યની આસપાસ ફરતી હોવાનું ત્યારે ભારતવાસીઓ જાણતા થાય છે અને દશગુણોત્તર ગણનાની શોધ કરે છે. એ યુગમાં ચંદ્રગુપ્ત વિક્રમાદિત્ય બલ્ખ પર ચડાઇ કરે છે. મધ્ય એશિયાના શકો ને તુખારોની ભાષા બ્રાહ્મી અક્ષરોમાં લખાતી થાય છે ને ચીની વિદ્વાન ફન-યે લખે છે કે 'બલ્ખથી આનામ સુધી એક જ શિન્તુ (સિન્ધુ હિન્દ) દેશ છે જેને થિયેન ચૂ(દેવતાઓનો દેશ)પણ કહેવામાં આવે છે.' એ યુગના સંસ્કારી જગતની સર્વ સભ્ય જાતિઓ ભારતીય આર્યોને વિશ્વના નેતા તરીકે માન્ય રાખે છે.


પરંતુ આ યુગ બાદ ભારતીઓ જાણે થાકી ગયા હોય તેમ પોતાને પૂર્ણતાએ પહોંચેલા માની લઇ આગળ વધવાનું છોડી દે છે, ને પુરાણોનાં ભાષ્ય, વ્યાખ્યા, ટીકા અને ટિપ્પણી કરવામાં જ પોતાનું શ્રેય માને છે તથા ઘાણીના બેલની જેમ તેની આસપાસ જ ફર્યા કરે છે.

ભારતીય કલા આ યુગમાં પોતાના ચરમ સૌન્દર્ય પર પહોંચે છે પણ તેમાં ગુપ્ત યુગ જેવા પ્રાણ કે ઓજસ્ નથી રહ્યાં. વૈદિકથી ગુપ્ત યુગ સુધી ભારતમાં અનેક સંઘરાજ્ય યા ગણ-રાજ્ય હતાં, પણ મધ્યકાળમાં તેવા કોઇ રાજ્યનું નામ નથી સંભળાયું. જનતા પોતાના રાજનૈતિક કર્તવ્યની ઉપેક્ષા કરવા લાગે છે. પહેલાં જે પરિષદો કાનૂન બનાવતી અને સ્મૃતિઓ ઘડતી તે હવે કેવળ તેમની વ્યાખ્યાઓ જ કરતી થઇ જાય છે. દૂર અને નવી જગ્યાએ વિવાહ કરતાં લોકો અચકાવ માંડે છે અને સમાજમાં આજ સુધી દરજ્જાનો જે ભેદ હતો તે હવે નાતપાંતના પથરા જેવો બની જાય છે. શિલ્પ અને વ્યાપારની સમૃદ્ધિથી મળવાવાળી ફાલતુ પૂંજી મંદિરોની લલિતકલા-ઓમાં ઢગલા ને ઢગલાબંધ સંચિત થાય છે. આડંબર, રહસ્ય-વાદ અને ગુપ્ત પાપ બૌદ્ધ અને પૌરાણિક ધર્મોની અંદર ઘર કરી લે છે. એ વજ્રયાન અને વામયાનનો યુગ છે; તે એટલે સુધી કે તેરમી-ચૌદમી શતાબ્દીમાં તો હેમાદ્રિ, નીલકંઠ અને કમલાકર ભટ્ટ મળી, ધર્મનિષ્ઠ હિન્દુની વર્ષભરની ચર્યા માટે ઓછામાં ઓછાં ૨૦૦૦ વ્રતો, પૂજાઓ આદિનું વિધાન કરે છે! એવી મનઃસ્થિતિવાળી જાતિ સંસારના સંઘર્ષમાં કેવી રીતે ઊભી રહી શકે?

મધ્ય એશિયામાં પહેલાં જે શક, તુખાર વગેરે જાતિઓ રહેતી હતી એ આર્ય હતી. પણ પ્રાચીન કાળના અંતમાં ત્યાં જે હૂણ લોકો આવી વસ્યા તે હવે તુર્ક નામથી પ્રસિદ્ધ થવા લાગ્યા. તુર્કો સિવાય તિબેટી અને અરબ એ બે નવી જાતિઓ હવે સચેષ્ટ થઈ ઊઠી. ગુપ્ત યુગની જાગૃતિનો પડઘો ચીનમાં તાંગ-યુગની જાગૃતિના રૂપમાં પડયો. અરબ લોક પુરાણા સંસારનાં રાજ્યોને એકાએક હલમલાવવા લાગ્યા. પરંતુ એટલામાં તો ચીનની ફોજો મધ્ય એશિયાથી આગળ વધી. તેણે અરબો તથા રોમની યે કમર તોડી નાખી, ઈરાનને મિટાવી દીધું ને ભારતની સીમા જે હેલમંદ નદી તેને પણ પાર કરી.

પણ આઠમી સદીની શરૂઆતમાં અરબોએ સિંધ પ્રાંત જીતી લીધો. તેમણે અફઘાનિસ્તાનના હિન્દુ રાજ્ય પર અને સમુદ્રથી મહારાષ્ટ્ર પર પણ અનેક હુમલા કર્યા, પરંતુ તે નિષ્ફળ ગયા. ત્યાં સુધી ભારત, રોમ કે ઈરાન જેવું ખોખરૂં નહોતું થઇ ગયું. ચાલુક્ય અને ગુર્જર પ્રતિહારોએ સિન્ધ-મુલતાનથી આગળ અરબોને વધવા ન દીધા. હરાતથી મધ્ય એશિયામાં અરબો વધ્યા ત્યાં ચીન સાથે તેમને ટક્કર થઇ. એ સંઘર્ષમાં કાબુલ, કપિશ, કાશ્મીર અને ખોતનનાં હિન્દુ રાજ્યો કેટલી યે વાર ચીનને સાથ દેતાં, પણ તિબેટ કેટલીયે વાર અરબો સાથે મળી જતું. ચીનાઓએ અરબોને પરાસ્ત કર્યા, તોપણ ઇ. ૭૫૨માં તેમની અંતિમ હાર થઈ અને ઇ.સ. ૭૯૦માં તિબેટીઓએ ખોતનના હિન્દુ રાજ્યને મિટાવી દીધું. આમ મધ્યકાળના જાતિસંઘર્ષમાં સિંધ અને ખોતન એ બંને હિન્દુ રાજ્યો મટી ગયાં અને અરબોનો ભારતીય સમુદ્રમાં પ્રવેશ થઇ ચૂક્યો. પણ તેમણે કશી વિશેષ સફળતા મેળવી નહિ. અફ-ઘાનિસ્તાનના હિંદુ રાજ્યને પણ તેઓ મિટાવી શક્યા નહિ. દસમી સદીના અંત સુધી પણ ભારતીય રાજ્યો પૂરાં મજબૂત રહ્યાં ને તે છેક બારમી સદી સુધી બહારની ચોટોનો મુકાબલો કરતાં રહ્યાં.

ઇ. ૧૧૯૪ લગભગ મધ્યકાળનો પહેલો યુગ સમાપ્ત થાય છે. એને આપણે કનોજ અને કર્ણાટક સામ્રાજ્યોનો યુગ કહીએ છીએ, કારણકે મધ્યકાળની શરૂઆતમાં જ મૌખરિ રાજાઓએ કનોજને ઉત્તર ભારતનું કેન્દ્ર બનાવી દીધેલું જે સ્થળ બારમા સદીના અંત સુધી તે સાચવતું રહ્યું અને એના જેવું જ કર્ણાટકમાં ચાલુક્યોએ, પછી રાષ્ટ્રકૂટોએ અને ફરી ચાલુક્યોએ એક શકિતશાળી સામ્રાજ્ય બનાવી રાખ્યું. દસમી



સદીના અંતથી તો પછી કર્ણાટક સારા ભારતનું નેતા બને છે ને કાનડી સિપાહી બંગાળ અને તિરહુતમાં બે રાજ્યો સ્થાપે છે.

મધ્યકાળનો બીજો યુગ દિલ્હી, લખનૌ અને દક્ષિણની સલ્તનતોનો યુગ છે અને ૧૧૯૪થી શરૂ થઇ ૧૫૦૯ સુધીમાં પૂર્ણ થાય છે. ભારતમાં પહેલી મુસ્લીમ સલ્તનતના સ્થાપવા વાળા અરબો નહિ, પણ મધ્ય એશિયાના તુર્કો હતા જેઓએ હવે બુદ્ધમાર્ગ છોડી ઇસ્લામ અપનાવ્યો હતો. પશ્ચિમ પંજાબ તથા કપિશ (કાફિરિસ્તાન)ના હિન્દુ એ યુગમાં બરાબર સ્વતંત્ર રહ્યા માળવાને રસ્તે વિન્ધ્યમેખલાને પસાર કરી તુર્ક સત્તા મદુરા ટ્ર સુધી પહોંચી ગઈ. તોપણ પ્રાયઃ રાજસ્થાન અને ચેદિ (બુંદેલખંડ, બઘેલખંડ, ગૉંડવાના, છત્તીસગઢ) તથા ઓરિસ્સા બરાબર સ્વતંત્ર રહ્યાં. કર્ણાટકે તુર્કોની પહેલી ચોટથી ઝટ સંભાળી લીધું ને વિજયનગરનું રાજ્ય સ્થાપિત કર્યું. તેની અને ઓરિસ્સાની વચ્ચે તૈલંધાના અથવા આન્ધ્રદેશ પણ લાંબો કાળ સ્વતંત્ર રહ્યો.

આ પાછલા મધ્યયુગમાં મંગોલ જાતિ એક વિશ્વશક્તિના રૂપમાં પ્રકટ થઈ. મુહમ્મદ બિન અખ્તિયાર ખિલજીના હુમલા સમયે વિક્રમશીલાથી તિબેટ નાઠેલા એક કાશ્મીરી બૌદ્ધ વિદ્વાનના શિષ્યોએ મંગોલોને બુદ્ધ બનાવ્યા ને તેમની ભાષા માટે બ્રાહ્મી લિપિ આપી. પછી તો તેઓ એ નવી બૌદ્ધ સંસ્કૃતિના મુખ્ય પ્રસારકો બન્યા. મધ્ય એશિયા ને અફઘાનિસ્તાન તાબે કરી તે દક્ષિણમાં વધ્યા. એ આક્રમણમાં પરલા હિન્દ (further India)ના હિન્દુ રાજ્યો તણાઇ ગયાં ને તેરમી સદીમાં હિન્દી હિન્દ મટી જઇ હિન્દી ચીન બન્યું. ત્યાંથી તે પ્રાગ્જ્યોતિષ સુધી પહોંચેલા. તેમની જ આહોમ જાતિના આવી વસવાથી આજનું આસામ બનેલું છે. કુબ્લૈખાંએ ઇ. ૧૨૯૩માં સુમાત્રા–જાવા પર પણ ચડાઇ કરી. પણ તે પાછો વળતાં જ ત્યાં બિલ્વતિક્ત અથવા મજમહિતનું નવું સમુદ્રી સામ્રાજ્ય સ્થાપિત થઇ ગયું જે પંદરમી સદીના ઉત્તરાર્ધ સુધી જારી રહ્યું. બૃહત્તર ભારતનું એ અંતિમ હિન્દુ રાજ્ય હતું.

ચૌદમી સદીના અંતમાં તૈમુરના નેતૃત્વ નીચે તુર્કો ફરી ઊઠયા ને તેમણે મધ્ય એશિયામાં મંગોલ સત્તા મિટાવી દીધી.

ઇ. ૧૫૦૯માં દીવબંદરની સામે ગુજરાતી સુલતાન મહમ્મદ બેગડા અને મિસરના સુલતાનના સંમિલિત લશ્કરને હરાવી પોર્ટુગીઝોએ ભારતીય સમુદ્ર પર આધિપત્ય સ્થાપિત કર્યું તે અર્વાચીન કાળનો આરંભ ગણાય. ભારતના આંતરિક જીવનમાં ઇસ્લામની ચોટો ખાઇને હિન્દુ ધર્મમાં સંશોધનની જે લહેર ચાલી તે પણ આ સમયે પરિપક્વ બની. બરાબર એ જ સમયે કૃષ્ણદેવરાય વિજયનગરમાં, સાંગા (રાણો સંગ) રાજસ્થાનમાં ને બાબર કાબૂલમાં રાજ્ય કરતા હતા. બાબર તુર્ક હતો પણ તે અને તેનો વંશ મુગલ નામથી ઓળખાય છે. ૧૫૨૯થી ૧૫૭૬ સુધીમાં ત્રણ વખતની કશમકશ બાદ ભારતમાં તેણે મુગલ સામ્રાજ્ય સ્થાપિત કર્યું. ઇ. ૧૫૭૬થી ૧૬૬૬ એ મુગલ સામ્રાજ્યનો વૈભવયુગ છે. એ વરસે આગ્રાથી શિવાજીનું નાસવું હિન્દુ પુનર્જીવનની સૂચના દે છે. ૧૬૬૬થી ૧૭૨૦ સુધી મુગલ સામ્રાજ્યના અંતિમ ઉત્કર્ષનો યુગ છે, જેમાં હિન્દુ શકિત પરિપક્વ થઇ જાય છે આમ ૧૫૦૯થી ૧૭૨૦ સુધીનો કાળ આપણા અર્વાચીન કાળનો પહેલો યુગ (મુગલ યુગ) છે.

૧૭૨૦થી ૧૭૯૦ સુધી મરાઠી પ્રમુખતાનો યુગ છે. એના અંતભાગે અંગ્રેજો ભારતમાં એક નવી શકિતના રૂપમાં દેખા દે છે. હૈદ્રાબાદમાં અંગ્રેજી 'સહાયક' સેનાની સ્થાપનાથી અને ટીપુના મૃત્યુથી એ ભારતની પ્રમુખ શક્તિ બની જાય છે. ત્યારથી આપણા ઇતિહાસનો છેલ્લો યુગ–બ્રિટિશ પ્રભુતાનો યુગ–શરૂ થાય છે જે હજુ સુધી ચાલુ છે.

—પં. જયચન્દ્ર વિદ્યાલંકાર

રબ્બરનાં બીબાં

તમને એનો કદાચ પૂરો ખ્યાલ નહિ આવે, પણ અમને આ છાપવાછપાવવાના કામમાં તો ઘણીવાર એમ થાય છે કે આ બીબાં ધાતુને બદલે રબ્બરનાં હોત તો કેવું સારું! એકાદ લીટીમાં કેટલીકવાર એક નાનું સરખું--એક ઇંચના સોળમા ભાગ જેટલું બીબું નથી સમાતું હોતું તો તેને બદલે કાં તો વાક્યમાં કાપકૂપ કરવી પડે છે, અથવા તો બીજી એક આખી લીટી વધારવી પડે છે.

હમણાં ગુડરિચ કંપનીએ રબ્બરનાં બીબાં શોધી કાઢ્યાં છે એના સમાચાર જાણ્યા ત્યારે ઉપરની મુશ્કેલી ટળશે એવી આશા પ્રગટી. જોકે આ બીબાં તો ઉપર મુજબની સરળતા આપી શકતાં નથી. પણ એનાથી બીજો એક ફાયદો છે.

આ નવાં, સંકોચાઇ શકે એવાં બીબાંનું નામ Elastotypes –ઇલાસ્ટોટાઈપ–સ્થિતિસ્થાપક બીબાં. ખાસ કરીને ટીશ્યુપેપર, સેલ્યુલૉઈડ, લાકડું, ધાતુ, શણ, અથવા તો કાચ જેવી બરડ અને તકલાદી વસ્તુઓ પરના છાપકામ માટે, એ ઘણાં સારાં છે. કડક કાગળો પર પણ આ રબ્બરનાં બીબાંની સારી છાપ ઊઠે. વળી સામાન્ય બીબાં કરતાં આ રબ્બરનાં બીબાં ઘણી ઓછી શાહી છાપી, કરકસરની નજરે લગભગ ચાળીસ ટકા જેટલો મોટો બચાવ કરે છે!

છતાં એના ગેરફાયદા પણ નથી એમ ન કહેવાય. તેલીઆ શાહી વાપરતાં રબ્બર ફુલી જાય છે એટલે એ રબ્બરપાટીના છાપકામ માટે ખાસ શાહી વાપરવામાં આવે છે. વળી જાડી સ્ક્રીન સિવાય ફોટો બ્લૉકો એ શાહી વડે સારા છાપી શકાતા નથી.

સ્ત્રીના દૂધનો એક અજબ ઉપયોગ

આધુનિક વૈદકવિજ્ઞાનને લગતી કેટલી યે શોધો પ્રયોગો કરતાં અચાનક હાથ લાગી ગએલી છે. હિંદુસ્તાન આવવા નીકળેલા કોલંબસને અનાયાસે અમેરિકાની ભૂમિનું દર્શન થયું એમ વીએનાના એક દાક્તર મિ. સોલોને સ્ત્રીના દૂધ પરત્વે કાંઇએક પ્રયોગ કરતાં એવું માલૂમ પડ્યું કે જે લોહીમાં સ્ત્રીના દૂધનું અસ્તિત્વ હોય એ ઘણું જલદીથી ઠરે છે–જામી જાય છે!

એક કાચની ટેસ્ટ ટ્યૂબમાં થોડુંક લોહી લઇ તેમાં મીઠાનું પાણી રેડવામાં આવે તો તેને ઠરીને નીચે બેસતાં સાતથી આઠ મિનિટ થાય, પણ તે જ લોહીને જો સ્ત્રીના દૂધવાળી કાચની ટેસ્ટ ટ્યૂબમાં મૂકવામાં આવે તો એ લોહી બે મિનિટમાં ઠરી જઇ નીચે બેસશે. સ્ત્રીના દૂધમાં એક વિશિષ્ટ તત્ત્વ રહેલું હોય છે જેને પરિણામે લોહી આટલું જલદીથી ઠરે છે. આ તત્ત્વને સ્ત્રીના દૂધમાંથી સેંટ્રિફ્યૂજની સહાયથી નોખું પાડવામાં આવે છે અને એનો બનાવેલો સફેદ પાઉડર બે થી ત્રણ માસ સુધી રાખી મૂકવામાં આવે તોપણ તેમાંથી લોહીને જામ કરવાના ગુણનો નાશ થતો નથી. સ્ત્રીના દૂધને તપાવવાથી આ સત્ત્વનો તેમાંથી નાશ થાય છે. હજુ સુધી આ દૂધની રાસાયણિક બનાવટ બદલ કાંઇપણ વિગત તારવી કાઢવામાં નથી આવી, પરંતુ અત્યાર સુધીના સંશોધનાત્મક પ્રયોગોને પરિણામે એટલું જાણી શકાયું છે કે લોહીને જામ કરનારો આ પદાર્થ માનવજાત સિવાય અન્ય કોઇ પ્રાણીજાતના દૂધમાં જણાયો નથી. અને સ્ત્રીના દૂધનું આ સત્ત્વ માણસજાતનું જ લોહી જામ કરે છે યા વહી જતું બંધ કરે છે એવું કશું નથી; બીજાં પ્રાણીઓના વહી જતા લોહીને પણ એ બંધ કરી શકે છે.

રક્તવાહી (Bleeder) નામનો એક રોગ થાય છે. એ જેને લાગુ પડ્યો હોય તેવા માણસને નાનો સરખો કાપ પડ્યો હોય તોપણ લોહી બંધ થતું નથી. આપણને સામાન્ય હજામત બનાવતાં અચાનક અસ્ત્રો લાગી જાય છે ત્યારે કાપમાંથી લોહીનાં એકાદ બે બુંદ બહાર આવી જામી જાય છે અને તરત જ લોહી નીકળતું બંધ થાય છે. આનું કારણ એ છે કે ચામડી નીચેની નાની રક્તવાહિનીમાંથી લોહી બહાર નીકળતાં જ જલદીથી જામી જાય છે અને કપાએલી રક્તવાહિનીનું મોં બંધ થઇ જાય છે એટલે વધુ લોહી નીકળતું અટકે છે. પણ જખમ જો મોટો હોય તો બહારની ત્વચા પર જામી જનાર લોહીની પાછળનો પ્રવાહ બંધ થતો નથી અને ઘામાંથી એકધારું લોહી વહ્યું જાય છે. પરંતુ જેઓ રક્તવાહીના રોગ-bleeder–થી પીડાતા હોય તેમનું લોહી જામતાં એટલો બધો વખત જાય છે કે એકાદો નજીવો જખમ માત્ર થતાં તેના ઘામાંથી અતિશય લોહી બહાર વહી જાય છે અને કોઇક વખત તો એને પોતાની જિંદગી પણ જોખમમાં લાગે છે. આવા માણસનો એકાદો ખખડી સડી હાલી ગએલો દાંત સરખો પણ ખેંચી કાઢવામાં અથવા નિષ્ણાત પાસે કઢાવવામાં બહુ જોખમ રહેલું છે, કારણ કે જો એકાદી વેળા લોહી નીકળવું શરૂ થયું તો તેને અટકાવવું ઘણું મુશ્કેલ કામ થઇ પડે છે.

રક્તવાહી--રક્તસ્રાવનો આ રોગ વંશપરંપરાનો છે અને રોગી ઘણુંખરું નાની ઉમરમાં જ મરણ પામે છે. સ્ત્રીમાં આ રોગ સુપ્ત હોઇ તે માત્ર તેની છોકરીઓને જ થાય છે.

દાક્તર સોલોએ પોતાનો પ્રયોગ એક તંદુરસ્ત અને એક રક્તવાહી દરદી પર કર્યો અને લોહી વહી જતું બંધ કરવા માટે બીજા કોઇપણ ઉપાયો કરતાં સ્ત્રીના દૂધનો ઉપાય ઘણો જ લાભદાયક છે એમ તેને માલૂમ પડ્યું. એક વખત એક રક્તવાહી બાળ દરદીના બે દાંત ખેંચી કાઢતાં તેનું વહી જતું લોહી, સ્ત્રીના દૂધમાં બોળેલા રૂના પૂમડાના દાબવાથી તરતજ બંધ થયું, એટલું જ નહિ પરંતુ પાછળથી એ જખમમાંથી બીજું વધુ લોહી બહાર પણ ન આવ્યું અને ઘા જલદીથી સારી રીતે રૂઝાઈ ગયો. બે વરસ પહેલાં એ જ છોકરાનો એક દાંત ખેંચી કાઢ્યા પછી એટલું બધું લોહી વહી ગયું હતું કે એ મરતાંમરતાં રહી ગએલો. સામાન્ય માણસના કાન નાક જેવા અંગ પર નસ્તર મૂકતી વખતે લોહી વહી જતું અટકાવવા માટે સ્ત્રીના દૂધનો ઉપયોગ છૂટથી થાય છે. સ્ત્રીના દૂધમાં બોળી રાખેલું રૂનું પૂમડું અરધા કલાક સુધી જો

જખમ પર રાખી મૂકવામાં આવ્યું હોય તો રોગી પોતે ચાલતો ઘેર જઇ શકે છે અને ઘામાંથી ફરી લોહી વહી જવાનો તેને ડર લાગતો નથી. એ જ પ્રમાણે પાટો બદલતી વેળાએ ઘામાંથી જે લોહી નીકળે છે તેના પર પણ સ્ત્રીના દૂધનો પ્રયોગ ઘણો હિતવાહ છે. લોહી જે જગ્યાએથી વહી જાય એ જ જગ્યાએ સ્ત્રીનું દૂધ લગાડવાથી તેની અસર થાય છે. પણ એને રક્તસ્રાવના રોગનો એક ઉપાય ગણીને જો તેનાં ઇંજેકશનો દર્દીને આપવામાં આવે તો તેનાથી કાંઇપણ ફાયદો થતો નથી.

દીવદ્વીપ

*** જનતાને બહુ પરિચિત નહિ એવાં નૈસર્ગિક, ઐતિહાસિક કે બીજા મહત્ત્વ ને સૌંદર્યવાળાં ગુજરાત-કાઠિયાવાડનાં જોવા જેવાં અને માણવા જેવાં સ્થળોના આવા ટૂંકા પરિચયો માટેની અમારી માગણીને ઘણો સારો પ્રત્યુત્તર મળતો રહ્યો છે. અમે ઇચ્છીએ છીએ કે એ ગુણમાં પણ એટલો સંગીન થાય.

ગુપ્ત પ્રયાગથી દીવ જવા જૂનાગઢ અને દીવની જકાતી કિલ્લેબંદીઓ વટાવી અમે સવારના આઠ વાગ્યે ઘોઘલેથી મછવામાં બેઠા. કાઠિયાવાડની દક્ષિણે અરબી સમુદ્રના કિનારે આવેલું દીવનું પોર્ટુગીઝ બંદર પ્રાચીન સમયમાં જલંધરની નગરી તરીકે વિખ્યાત હશે એમ તેના કેટલાએક અવશેષો તથા ત્યાંની દંતકથાઓ પરથી જણાય છે. ત્યાર પછી મોગલોની પડતીના સમયમાં પોર્ટુગીઝોએ કબજે કરેલું આ બંદર અનેક કારણેસર ખાસ જોવાલાયક છે. મછવામાંથી ઊતરી ગામમાં પેસતાં જ બંદર ઉપર એક પારસી ગૃહસ્થનું બાવલું આપણું ખાસ ધ્યાન ખેંચે છે, અને પારસીઓ ઈરાનમાંથી પ્રથમ દીવ બંદરે ઊતરી હિંદમાં સ્થાયી થયા એ વાતનો નક્કર પુરાવો રજુ કરે છે. ફક્ત બંદર સિવાય ગામમાં તો મોટા મોટા રસ્તાઓ ઉપર પણ ભાગ્યે જ એકાદ માણસ આપણને સામું મળે! આનું કારણ એ છે કે અહીંના વસવાટમાં મકાનના ઉપલા મજલા વપરાય છે. ભોંતળીઆનો ભાગ બીલકુલ નહિ. વળી ગામના પ્રમાણમાં વસતીયે ઘણી જ ઓછી છે. જે છે તેનો મોટા ભાગનો પુરુષવર્ગ ધંધાર્થે આફ્રિકા વગેરે દેશાવરોમાં રહેતો હોવાથી ગામનો દેખાવ ઉજ્જડ જેવો લાગે એ સ્વાભાવિક છે.

અહીંનાં મકાનો એક સરખી બાંધણીનાં અને અગાશીવાળાં હોય છે. બંદર ઉપર કે બીજે બધે મજૂરીનું કામ અહીં સ્ત્રીઓ જ કરે છે. બજાર સવારના દસ વાગ્યા પછી ભરાય છે. તેમાં માત્ર સ્ત્રીઓ જ શાકભાજી વેચે છે. કોઇ સ્ત્રી પાસે ત્રાજવાં-કાટલાં હોતાં નથી; માત્ર શાકની ઢગલીઓ કરે છે અને ત્યાંના ચલણમાં વેચે છે. અહીંનાં પાન ખૂબ વખણાય છે.

અહિં સેંટપોલના નામે ઓળખાતું પોર્ટુગીઝ લોકોનું દેવળ ખાસ જોવા જેવું છે. તેની બાંધણી આખી પત્થરથી જ કરેલી છે. મોટામોટા મજલાઓ બાંધેલા છે છતાં બારીબારણાં સિવાય કોઇપણ જગાએ લક્કડકામ છે જ નહિ. અંદર પેસતાં જ સામે જીસસ ક્રાઈસ્ટની અને ડાબી જમણી બાજુએ મેરી અને સંત ફ્રાન્સિસ ઝેવિયરની મૂર્તિઓ છે. જીસસ ક્રાઇસ્ટની મૂર્તિ ગમે તેવા કઠોર હૃદય ઉપર પણ અસર કરે એવી છે. ત્યાંથી થોડે દૂર પબ્લિક હૉસ્પિટલના એક ભાગમાં પણ દેવળ છે આને સેંટપોલના દેવળનો નાનો નમૂનો કહી શકાય. અહીંનો કિલ્લો એ દીવના આકર્ષક અંગો માંહેનું એક મહત્ત્વનું સ્થાન છે. દીવના ગવર્નરની રજાચિઠ્ઠી સિવાય કોઈથી અંદર દાખલ થઇ શકાય નહિ એવો ખાસ પ્રતિબંધ છે. આ કિલ્લાના પ્રવેશદ્વારમાં જ જબરદસ્ત તોપના ગોળાઓ નાના મોટા વળમાં ઢગલાબંધ ગોઠવેલા આપણી નજરે પડે છે. અને કિલ્લાની દિવાલો એટલી બધી પહોળી છે કે કોઈપણ પ્રકારની ગાડી તેના ઉપર સહેલાઇથી ચાલી શકે. આ ઉપરથી તેની મજબૂતીનો ખ્યાલ સહેજે આવે. કિલ્લાના બુરજોમાં જંગી તોપો ગોઠવેલી પડી જ રહે છે. પાણી તથા અનાજ ભરી રાખવાના મોટા ભંડારો પણ છે. સવાલાખ રૂપિયાના ખર્ચે બાંધેલું પાનબાઈ સ્કૂલનું ભવ્ય મકાન પણ જોવા જેવું છે.

અહીંની વસતી ખાસ કરવેરાના ભારથી બહુ પીડાએલી નથી. અગાઉ માથા દીઠ ટૅક્સ હતો તેને બદલે દરેક વસતીને પરવડતો હાઉસ ટૅક્સ જ માત્ર રાખેલો છે. દરેક માસની અજવાળી બીજે હિંદુ સ્ત્રીઓ સમુદ્રપૂજન કરે છે. અહીંની લગ્નપ્રથા પણ જુદી જ છે. હિંદુઓને પણ પોર્ટુગીઝ કાયદા મુજબ વરકન્યાની એકમેકની પસંદગીનું ડેકલેરેશન નોંધાવવું પડે છે. જો વરકન્યામાં અરસપરસ પસંદગી ન હોય તો માબાપોએ ગોઠવેલાં લગ્નના ચોકઠાં રદ થાય છે અને વરરાજા ખાલી હાથે પાછા જાય છે. અહીંના હુન્નર ઉદ્યોગમાં ખાસ કરીને બંગડીઓ, વીંટીઓ, છેડાઓ, ઓટીઓ, બજરબુટ્ટા વગેરે કચકડાનો સામાન વખાણાય છે, પણ તે ટકાઉ નથી હોતો.

—કેશવલાલ જટાશંકર મહેતા

પોલાદ કરતાં પણ મજબૂત

મોટા પ્રમાણમાં પોલાણ ખોદવા માટે પોલાદનાં હથિયારો કરતાં પણ, પુષ્કળ દબાણથી ધસ્યું આવતું પાણી વધારે અસરકારક નીવડ્યું જણાયું છે. અમેરિકાના યુનાઇટેડ સ્ટેટસ્‌ના સાન ફ્રાન્સિસ્કોના ઉપસાગર પરના લોખંડના પૂલના આધારો ડૂબી જવાથી અને ઈજનેરોને પોલાદનો ઉપયોગ અપૂર્ણ લાગવાથી ત્યાં આ કુદરતી તત્ત્વની સહાય લેવી પડી છે. એક વિશાળ ડ્રિલ એ ઉપસાગરને ખોદી રહી છે અને આ કામ કરનારો એક ફુવારો છે, જેમાંથી પ્રત્યેક ચોરસ-ઇંચ પાણી ત્રણસો રતલના દબાણે ઊડે છે. અને આ ધસારો એટલો વેગવાળો હોય છે કે માત્ર એક જ ક્ષણના ઘર્ષણમાં માનવદેહનો માવો થઇ જાય! પોલાણ ખોદવાના ઉપયોગમાં પાણી કદાચ આ પહેલવહેલું જ વપરાશમાં લેવાતું હશે.

પોતાના તંબૂમાં સૂતાં સૂતાં બહાર પોતાના કેટલાક સૈનિકોને પોતાની ગલીચ નિંદા કરતા સાંભળીને રાજા ઍન્ટિગોનસે બહાર આવી પેલા સૈનિકોને કહ્યું, 'દોસ્તો તમે હજુ જરા વધુ દૂર જઇને વાતચિત કરો તો સારૂં; કેમકે કદાચ એ શબ્દો હું ફરીથી સાંભળીશ તો તમને શિક્ષા કરવાનું મને મન થશે !'

ગણિતગમ્મત

૧૪૨૮૫૭ × ૨=૨૮૫૭૧૪

૧૪૨૮૫૭ × ૩=૪૨૮૫૭૧

૧૪૨૮૫૭ × ૪=૫૭૧૪૨૮

૧૪૨૮૫૭ × ૫=૭૧૪૨૮૫

૧૪૨૮૫૭ × ૬=૮૫૭૧૪૨

આ રકમમાં ખૂબી એ છે કે બધા ગુણાકારમાં મૂળ રકમની જ સંખ્યા વચ્ચેના અમુક અંકથી શરૂ થઇ ક્રમબદ્ધ આવ્યા કરે છે.

અનેકાર્થી શબ્દ: **લાલ**=રાતા રંગનું; રંગીલો કે બાંકો માણસ; છોકરો; માણેક; એક પક્ષી.

'આંખ આડા કાન કરવા'એ કહેવતનો સાર ગર્ભ એ છે કે જે વાત પ્રત્યક્ષ જોઇ શકાય એમ હોય છે તે ન જોતાં કાનનું સાંભળેલું જ સાચું માની લેવું—ટૂંકમાં ચશ્મપોશી કરવી. ગુજરાતી ભાષામાં 'અખાડા કરવા' એવો એક રૂઢીપ્રયોગ છે (જે મોટે ભાગે પારસી ગુજરાતીમાં વપરાય છે) તે પણ આ 'આંખ આડા કાન કરવા' ઉપરથી જ બની ગયો હોય એમ બનવા જોગ છે. (ત્રિ. વિ હેમાણી)

કવિવર રવીન્દ્રનાથ ઠાકુર અને પંડિત મોતીલાલ નેહરૂ એક જ વર્ષમાં, એક જ માસમાં ને એક જ દિવસે જન્મ્યા હતા: ૧૮૬૧ના મેની છઠ્ઠી તારીખે.

પૂર્ણિમાના ચન્દ્રનો સંપૂર્ણ પ્રકાશ આપણી આંખને સૂર્યના પ્રકાશ કરતાં ૪૬૫૦૦૦મા ભાગનો ઓછો લાગે છે, જ્યારે કૅમેરાના લેન્સને તેનાથી યે ઓછો —૬૫૦૦૦મા ભાગનો લાગે છે.



શિકાગોના વિશ્વમેળામાં રિપ્લેના પ્રદર્શનમાં સ્પેનથી ખાસ બોલાવવામાં આવેલા આ મિ. કનિષ્કા પોતાના અજબ પ્રયોગોથી પ્રેક્ષકોને મુગ્ધ કરતા હતા. વિજળીની બત્તીનો સળગતો ગોળો તે પોતાના ગળામાં ઉતારતા અને તેના આરપાર દેખાતા પ્રકાશથી લોકો આશ્ચર્યચકિત થતા હતા. તેવી જ રીતે ઘડિયાળ તથા સોનાનો ડૉલર ગળી જઈ લોકો કહે તે મુજબના ક્રમમાં તે પાછા બહાર કાઢી આપતા હતા !

(છોટાલાલ માનસિંગ કામદાર)

તડ પડેલાં ચીનીનાં રકાબી પ્યાલાને ઉકળતા દૂધ જોડે થોડો વખત ઉકળવા દઇ, બહાર કાઢી ઠંડાં પડવા દેવાં. તડ પુરાઇ જશે અને ઝમશે નહિ.


આપણી આંખને ચન્દ્રનું તેજ આસમાની રંગનું જણાય છે, પણ વાસ્તવિકરીતે તે પીળાશ પડતું છે.

સાંજે દોહાએલા દૂધ કરતાં સવારે દોહાએલા દૂધની મલાઇ વધુ ઊતરે છે.

ગરમ પાણીમાં થોડી ફટકડી અને સહેજ ચાકનો ભૂકો નાખી એથી કપડાં ધોતાં સાબુ ઓછો વપરાય છે ને ઉજાશ વધુ આવે છે.

હિંદમાંથી યુરોપમાં પહેલવહેલું રેશમ ઇ. ૨૪૭માં ગયું.

જ્યાં વંદાઓ ઝાઝા હોય ત્યાં કળીચુનાનો ટુકડો રાખવાથી તે નાસી જશે.



લાકડાનાં બે પાટિયાંને આકૃતિ પ્રમાણે ઉપરનીચેથી નરમાદા વડે જોડવાથી, સહેલાઇથી ઊંચકી લઇ જવાય તેવું ને ધારેલા કોણ પર ગોઠવી શકાય તેવું સુંદર ડ્રૉઇંગ બૉર્ડ બનાવી શકાય. નરમાદાંને ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ઉપરથી કાપી નાખી વાળી દેવાથી બે બાજુ આંટા અને ચાકીવાળો સ્ક્રૂ નાખવા માટે છિદ્રો બનશે. વચ્ચેનું લૉક-વૉશર આ રચનાને પડી જતી અટકાવે છે.

ફ્રાન્સના એક પોસ્ટ ઑફિસના વડાનું નામ Mr. David Kaphokohokihelokewocsaknewajhanok છે. ફ્રેન્ચમાં એ લાંબામાં લાંબું નામ છે.

વીજળીની શોધ સૌથી પહેલાં ઈ.સ. પૂર્વે છઠ્ઠા સૈકામાં થઇ હતી.

દરિયાના પાણીમાં જેટલું રૂપું છે તેના કરતાં પાંચગણું સોનું છે.

કીડીઓના ઉપદ્રવનો નાશ કરવા માટે તેમના દરમાં તમાકુનું પાણી રેડવાનો ઉપાય અજોડ છે.

દરરોજ પથારીમાંથી ઊઠતાંવેંત ઠંડા પાણીથી નાહી લેનારને સળેખમનો ઓછામાં ઓછો ભય રહે છે.

પરસેવાના હઠીલા પીળા ડાઘ કાઢવા માટે આ ઉપાય અજમાવી જોવો જોઇએ: ઉકળતા પાણીની વરાળ પર ડાઘ વાળો ભાગ સારી પેઠે ધરી રાખી પછી તરત તાજા કાપેલા લીંબુની ચીર તે પર ઘસવી. બાદ ઠંડા પાણીથી ઘસીને ધોઇ નાખવું.

ગરડા ઉપર જાંબુ અકસીર ગણાય છે.